CMYK

CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ જેઠ વદ - ૬ | સોમવાર તા.૦૬-૦૭-૨૦૨૬ | અંક : ૧૫૯ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂ. ૨-૫૦ | પાના - ૮

# મહારાષ્ટ્રમાં અનરાધાર વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

## મુંબઈમાં પડી રહેલા સતત વરસાદથી ભારે તબાહી : આઠ લોકોના મોત : મુંબઈ - પુના હાઈવે પર ભેખડ ધસી પડતા વાહન વ્યવહાર પ્રભાવિત







મુંબઈ

મુંબઈમાં ચાલી રહેલા ભારે વરસાદથી તબાહી મચી ગઈ છે. રવિવારે ભારે વરસાદ વચ્ચે માનખુર્દ વિસ્તારમાં ચાલનો એક ભાગ તૂટી પડતાં છ લોકો માર્યા ગયા હતા અને એક ઘાયલ થયો હતો. ઝાડ પડવાની ઘટનામાં વધુ એક વ્યક્તિનું મોત થયું હતું. વધુમાં, એક ઈમારતની ગ્રીલ ફૂટપાથ પર પડતાં વધુ એક વ્યક્તિનું મોત થયું હતું.

રવિવારે સવારે ૮ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં, દક્ષિણ મુંબઈમાં ૫૧ મીમી વરસાદ નોંધાયો હતો, જ્યારે પૂર્વ અને પશ્ચિમ ઉપનગરોમાં અનુક્રમે ૭૨ મીમી અને ૭૧ મીમી વરસાદ નોંધાયો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે સાંજ પછી વરસાદ વધુ તીવ્ર બન્યો હતો, જેમાં અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો હતો. પ્રતિકૂળ હવામાનને કારણે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ફ્લાઈટ કામગીરી પણ એક કલાક માટે સ્થગિત કરવામાં આવી હતી.

રવિવારે રાત્રે ભારે વરસાદ વચ્ચે મુંબઈના માનખુર્દ વિસ્તારમાં ત્રણ માળની ચાલ ધરાશાયી થઈ હતી. છ લોકો માર્યા ગયા હતા અને એક ઘાયલ થયો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કાટમાળમાં વધુ એક વ્યક્તિ ફસાયેલી હોવાની આશંકા છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ સહિત અનેક એજન્સીઓની ટીમો દ્વારા બચાવ કામગીરી ચાલી રહી છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે ચાર મહિલાઓ અને એક પુરુષને શતાબ્દી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. રાજાવાડી હોસ્પિટલમાં અન્ય એક પુરુષને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ અકસ્માત રાત્રે ૮:૩૦ વાગ્યાની આસપાસ જનતા નગરના ચાલ નંબર ૫ માં, મંડલા વિસ્તારમાં હનુમાન મંદિર પાછળ બન્યો હતો.

નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહાયક કમિશનર સહદેવ યેદવેએ જણાવ્યું હતું કે, "રવિવારે સાંજે લગભગ ૬:૩૦ વાગ્યે, દિવાલ સાથે જોડાયેલ ગ્રીલ ફૂટપાથ પર પડી ગઈ હતી. ત્યાંથી પસાર થતા એક યુવાનને તેની ટક્કર લાગી અને તેનું મૃત્યુ થયું. ૨૦૨૫ માં ઈમારતના સ્ટ્રક્ચરલ ઓડિટ માટે નોટિસ જારી કરવામાં આવી હતી, પરંતુ માલિકે તેને અવગણી હતી." એક અઠવાડિયાની અંદર ત્રીજી મોટી વૃક્ષ પડવાની ઘટનામાં, રવિવારે કુર્લા વિસ્તારમાં ભારે વરસાદ દરમિયાન દુકાન પર ઝાડ પડતાં ૬૩ વર્ષીય યુનુસ કુંડાવાલાનું મૃત્યુ થયું હતું. મ્યુનિસિપલ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ અકસ્માત બપોરે ૧૨:૪૦ વાગ્યાની આસપાસ કુર્લા પશ્ચિમના નૌપાડા વિસ્તારમાં હિન્દી BMC સ્કૂલ નજીક થયો હતો. તેને કાટમાળમાંથી બહાર કાઢીને ફૌઝિયા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો.

શનિવારે, ગોરેગાંવ પૂર્વના આરે કોલોની વિસ્તારમાં મોટરસાઈકલ ચલાવતા ૧૮ વર્ષીય યુવકનું ઝાડની ડાળી પડવાથી મોત થયું હતું. આ પહેલા, ૩૦ જૂનના રોજ, ચેમ્બુરમાં ચાલતી સ્કૂલ બસ પર ઝાડ પડવાથી ૧૧ વર્ષીય વિદ્યાર્થીનું મોત થયું હતું અને ઘણા લોકો ઘાયલ થયા હતા.

### મુંબઈમાં લોકલ ટ્રેનવ્યવહાર પણ ખોરવાયો

મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેન સેવાઓ પણ વરસાદના કારણે ધીમી પડી ગઈ છે. જોકે પ્રશાસન દ્વારા શાળા અને કોલેજમાં જાહેર કરવામાં આવેલી રજાને પગલે મુંબઈગરાઓએ ઘરે જ રહેવાનું મુનાસિબ માન્યું હતું. પશ્ચિમ રેલવે પર વસઈ અને નાલાસોપારા રેલવે સ્ટેશનો પર ટ્રેકના પાટા પાણીમાં ગરકાવ થઈ જતાં પશ્ચિમ રેલવેની સેવાઓ અડધો કલાક જેટલી મોડી ચાલી રહી છે.જ્યારે મધ્ય રેલવે પર મેઈન લાઈન પર લોકલ ટ્રેનો અડધો કલાક જેટલી મોડી દોડી રહી છે. કલ્યાણ સ્ટેશનથી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ તરફ જતી ટ્રેનો વિલંબથી દોડી રહી છે.

### બંગાળની ખાડીમાં લો પ્રેશર ઝોન સર્જાયું

હવામાન વિભાગએ બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશરના કારણે આગામી ૨૪ કલાકમાં દેશના ૧૬ રાજ્યોમાં વાવાઝોડા સાથે ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. ઓડિશા, પશ્ચિમ બંગાળ, ગુજરાત, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં મૂશળધાર વરસાદની સંભાવના છે. મુંબઈમાં ભારે વરસાદને પગલે શાળા-કોલેજો બંધ રાખવામાં આવી છે. આગામી ૩ થી ૪ દિવસમાં ચોમાસું ગુજરાત અને રાજસ્થાનના બાકીના ભાગોને આવરી લેશે. દિલ્હી, યુપી અને બિહારમાં પણ ૫૦ થી ૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે વરસાદની આગાહી છે, જેનાથી લોકોને બફારાથી રાહત મળશે. દરિયામાં કરંટ હોવાથી માછીમારોને ઊંડા દરિયામાં ન જવાની સલાહ અપાઈ છે.

### સાત જિલ્લાઓમાં શાળા-કોલેજો બંધ

હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી અતિવૃષ્ટિની ચેતવણીને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલાં રૂપે પુણે, થાણે, રાયગઢ સહિત રાજ્યના સાત મુખ્ય જિલ્લાઓમાં આજે તમામ શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. પ્રશાસન દ્વારા તમામ નાગરિકોને હવામાન વિભાગની અને પ્રશાસનની ઑફિશિયલ અપડેટ્સ જોયા બાદ જ ઘરની બહાર નીકળવા અને વહીવટીતંત્રને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

### મુંબઈ યુનિવર્સિટીની પરીક્ષાઓ સ્થગિત

મુશળધાર વરસાદ અને પ્રતિકૂળ પરિસ્થિતિને કારણે વિદ્યાર્થીઓને પડનારી મુશ્કેલીઓ અને તેમની સુરક્ષાને પ્રાથમિકતા આપીને મુંબઈ યુનિવર્સિટીએ મોટો નિર્ણય લીધો છે. યુનિવર્સિટી દ્વારા આજે એટલે કે છઠ્ઠી જુલાઈના રોજ યોજાનારી મુંબઈ યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ પોસ્ટપોન કરવામાં આવી છે. પરીક્ષા અને મૂલ્યાંકન મંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ સ્થગિત રાખવામાં આવેલી પરીક્ષાઓનું નવું અને સુધારેલું ટાઈમટેબલ ટૂંક સમયમાં જ મુંબઈ યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

# હોર્મુઝની ખાડી પસાર કરી ૧૫ જહાજો ભારત તરફ આગળ વધ્યા

## આઠ જહાજો ૩.૩૨ લાખ ટન યુરિયા, ચાર જહાજો ૨.૫૭ લાખ ટન ડીએપી અને ૩ જહાજો ૧.૧૧ લાખ ટન સલ્ફર લાવી રહ્યા છે



નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં તાજેતરમાં ફાટી નીકળેલા યુદ્ધ છતાં ભારતની ખાતર સપ્લાય ચેન મોટાભાગે અપ્રભાવિત રહી છે. રસાયણ અને ખાતર મંત્રાલયે રવિવારે જણાવ્યું હતું કે દેશ માટે ખાતર અને કાચો માલ લઈને આવી રહેલા ૨૦ માંથી ૧૫ જહાજો સુરક્ષિત રીતે હોર્મુઝ સ્ટ્રેટ પસાર કરી ચૂક્યા છે અને ભારત તરફ આગળ વધી રહ્યા છે.

આમાંથી ૮ જહાજો ૩.૩૨ લાખ ટન યુરિયા, ચાર જહાજો ૨.૫૭ લાખ ટન ડીએપી (ડ્ઢછ) અને ૩ જહાજો ૧.૧૧ લાખ ટન સલ્ફર લાવી રહ્યા છે. અન્ય પાંચ જહાજો પણ પાઈપલાઈનમાં છે અને તેમાંથી દરેક ૦.૨૫લાખ ટન એમોનિયા અને ૦.૪૫ લાખ ટન યુરિયા લઈને આવશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે તમામ શિપમેન્ટ (જહાજો) સમયસર પહોંચવાની અપેક્ષા છે. તેમણે ઉમેર્યું કે, જોકે પશ્ચિમ એશિયાના યુદ્ધને કારણે દરિયાઈ વાહનવ્યવહાર ખોરવાયો હતો, પરંતુ કેન્દ્ર સરકારે સમયસર આયોજન, અસરકારક સંકલન અને સતત દેખરેખ દ્વારા ખાતરની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી છે. ઓમાન, મલેશિયા, વિયેતનામ, જ્યોર્જિયા, નાઈજીરિયા, રશિયા, ફિનલેન્ડ, ઈજિપ્ત, અલ્જીરિયા, તુર્કી અને નેધરલેન્ડથી યુરિયાનો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો છે.

ફર્ટીલાઈઝર મિનિસ્ટર જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે સંઘર્ષે (યુદ્ધે) વૈશ્વિક સપ્લાય ચેનને ખોરવી નાખી છે, જેના કારણે ખાતરના ભાવમાં વધારો થયો છે. જોકે, સરકારે ખેડૂતોના હિતોનું રક્ષણ કર્યું છે. પ્રથમ ત્રિમાસિક ગાળામાં સ્થાનિક યુરિયાનું ઉત્પાદન ૭૧.૫૫ લાખ ટન રહ્યું હતું, જે લક્ષ્યાંક કરતાં વધુ છે. બીજી જુલાઈ સુધીમાં યુરિયાનો સ્ટોક ૬૯.૦૮ લાખ ટન હતો, જેનાથી કુલ ઉપલબ્ધતા ૧૬૩.૩૫ લાખ ટન થઈ ગઈ છે.

જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે ખાતર વિભાગ રાજ્ય સરકારો સાથે સતત તાલમેલ મિલાવી રહી છે, જેથી પ્રાદેશિક સ્તરે ઉપલબ્ધતા અને પારદર્શક વિતરણ સુનિશ્ચિત કરી શકાય. તેમણે ઉમેર્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે એ સુનિશ્ચિત કર્યું છે કે ખેડૂતોના હિતોનું સંપૂર્ણ રીતે રક્ષણ થાય.

મંત્રાલયે એ પણ માહિતી આપી હતી કે ફર્ટિલાઈઝર પ્લાન્ટ્સ (ખાતરના કારખાના)ને થતો નેચરલ ગેસ (કુદરતી ગેસ)નો પુરવઠો, જે થોડા સમય માટે લગભગ ૬૫ ટકા સુધી ઘટી ગયો હતો, તે હવે પૂરેપૂરો ૧૦૦ ટકા પુનઃસ્થાપિત થઈ ગયો છે.

મંત્રાલયે આગળ જણાવ્યું કે તેણે ૧૯૭.૫૬ લાખ મેટ્રિક ટન ખાતરનો સ્ટોક જમા કરી લીધો છે, જે દેશની ૩૮૩.૯ (ન્સ્)ની વાર્ષિક ખાતરની જરૂરિયાતના ૫૧ ટકા કરતાં વધુ છે. તેમણે ઉમેર્યું કે ખાતરની આયાત અને સ્થાનિક ઉત્પાદનમાં કરવામાં આવેલા પ્રયાસોને કારણે દેશભરમાં ખાતરની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત થઈ છે.

# પશ્ચિમ એશિયામાં સ્થિતિ સામાન્ય થતા ક્રૂડ ઓઈલનો ભાવ ઘટીને ૭૦ ડોલર નીચે

## ઓપેક પ્લસનો ઓગસ્ટથી ઉત્પાદનમાં પ્રતિદિન ૧.૮૮ લાખ બેરલ વધારો કરવાનો નિર્ણય

નવી દિલ્હી,

તેલ ઉત્પાદક દેશોના સમૂહ ઓપેક પ્લસ એ ઓગસ્ટ ૨૦૨૬થી ઉત્પાદનમાં દરરોજ ૧.૮૮ લાખ બેરલનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે, જ્યારે હોર્મુઝથી તેલની નિકાસ ધીમે-ધીમે સામાન્ય થઈ રહી છે અને વૈશ્વિક બજારમાં કિંમતો યુદ્ધ પહેલાના સ્તરની નજીક આવી ગઈ છે.

ઈરાન-અમેરિકા યુદ્ધ અને હોર્મુઝ પર નાકાબંધીના કારણે ક્રૂડ ઓઈલની (કાચા તેલની) કિંમતોમાં ભારે ઊથલપાથલ જોવા મળી હતી. તેલની કિંમતો ૧૨૦ ડોલર પ્રતિ બેરલના આંકડાને સ્પર્શવા લાગી હતી. હવે યુદ્ધવિરામ અને બંને દેશો વચ્ચે બની રહેલી સહમતીના કારણે તેલની કિંમતોમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. ૬ જુલાઈના રોજ ક્રૂડ ઓઈલની કિંમત ૭૦ ડોલરથી નીચે સરકી ગઈ.ઓપેક પ્લસનું ઉત્પાદન ફેબ્રુઆરીમાં ૪.૨૮ કરોડ બેરલ પ્રતિ દિવસથી ઘટીને મે મહિનામાં ૩.૩૧ કરોડ બેરલ પ્રતિ દિવસ થઈ ગયું હતું. જૂન મહિનામાં નિકાસમાં સુધારો થવાને કારણે ઉત્પાદન વધવાનું શરૂ થયું, પરંતુ તે હજી પણ યુદ્ધ-પૂર્વેના સ્તર કરતાં નીચું છે. સંયુક્ત આરબ અમીરાત એપ્રિલના અંતમાં આ જૂથમાંથી અલગ થઈ ગયું છે.ઓપેક અને સહયોગી દેશોના સાત મુખ્ય ઉત્પાદકો એપ્રિલથી જુલાઈ વચ્ચે પોતાના ઉત્પાદન ક્વોટામાં દરરોજ અંદાજે ૮ લાખ બેરલનો વધારો કરી ચૂક્યા છે. પશ્ચિમ એશિયાના સંઘર્ષ દરમિયાન તેલની નિકાસ પ્રભાવિત થઈ હતી, તેથી આ વધારાની અસર બજારમાં જોવા મળી નહોતી. ૨૧ સભ્ય દેશોમાંથી સાઉદી અરેબિયા, રશિયા, ઈરાક, કુવૈત, અલ્જીરિયા, કઝાકિસ્તાન અને ઓમાન ૨૦૨૩માં નક્કી કરાયેલી ૧૬.૫ લાખ બેરલ પ્રતિ દિવસની ઉત્પાદન કાપની નીતિને તબક્કાવાર રીતે પાછી ખેંચી રહ્યા છે.

# પશ્ચિમ બંગાળની રાજ્યસભાની ત્રણ બેઠકોની ૨૪ જુલાઈના રોજ પેટાચૂંટણી

## મતદાન પુર્ણ થયા બાદ મતગણતરી હાથ ધરવામાં આવશે, વિધાનસભાની ચૂંટણી બાદ ત્રણ રાજ્યસભાના સાંસદોએ આપ્યું હતું રાજીનામુ

નવી દિલ્હી

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં રાજ્યસભાની ત્રણ બેઠકો માટે પેટાચૂંટણીઓની જાહેરાત કરી છે. પંચના જણાવ્યા અનુસાર, આ બેઠકો માટે મતદાન ૨૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સવારે ૯:૦૦ થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી થશે અને તે જ દિવસે સાંજે ૫:૦૦ વાગ્યે મતગણતરી થશે. ચૂંટણી કાર્યક્રમ મુજબ, ૭ જુલાઈના રોજ સૂચના જારી કરવામાં આવશે, જ્યારે ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૧૪ જુલાઈ છે. ઉમેદવારીપત્રોની ચકાસણી ૧૫ જુલાઈએ થશે અને ઉમેદવારો ૧૭ જુલાઈ સુધી પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે. ચૂંટણી પ્રક્રિયા ૨૭ જુલાઈ સુધીમાં પૂર્ણ થશે.

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીઓ બાદ, ભૂતપૂર્વ શાસક તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીમાં નોંધપાત્ર રાજકીય ઉથલપાથલ જોવા મળી છે. આ વિધાનસભામાં શરૂ થયું, રાજ્યસભામાંથી પસાર થયું અને આખરે લોકસભા સુધી પહોંચ્યું. પાર્ટીના રાજ્યસભા સભ્યોની વાત કરીએ તો, રાજ્યસભાના વરિષ્ઠ સાંસદ સુખેન્દુ શેખર રોયે ૮ જૂને પોતાના પદ અને પાર્ટી સભ્યપદ પરથી રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ સુષ્મિતા દેવે ૧૦ જૂને અંગત કારણોસર રાજીનામું આપ્યું હતું અને એક દિવસ પછી, ૧૧ જૂને રાજ્યસભાના સાંસદ પ્રકાશ ચિક બરૈકે પણ રાજીનામું આપ્યું હતું. સુખેન્દુ શેખર રોય અને પ્રકાશ ચિક બરૈકનો કાર્યકાળ ૧૮ ઓગસ્ટ ૨૦૨૯ સુધી હતો, સુષ્મિતા દેવનો કાર્યકાળ ૨ એપ્રિલ ૨૦૩૦ સુધી હતો.

# ભારત સહિતના અનેક દેશ અમારા મિત્રો : નેતન્યાહૂ

## ઈઝરાયેલ અમેરિકા ઉપર નિર્ભર નથી : અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખને ઈઝરાયેલનો ઝડબાતોડ જવાબ



નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સૈન્ય સંઘર્ષ અને અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ સમજૂતીને લઈને વધી રહેલા તણાવ વચ્ચે ઈઝરાયલના રાષ્ટ્રપ્રમુખ બેન્જામિન નેતન્યાહુનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. નેતન્યાહુએ અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ જે.ડી. વેન્સના એ દાવાને સ્પષ્ટપણે ફગાવી દીધો છે. જેમાં વેન્સે કહ્યું હતું કે સમગ્ર વિશ્વમાં અમેરિકા જ ઈઝરાયલનો એકમાત્ર શક્તિશાળી સાથી દેશ બચ્યો છે. નેતન્યાહુએ અમેરિકી ન્યૂઝ ચેનલ 'ફોક્સ ન્યૂઝ'ને આપેલા ઈન્ટરવ્યુમાં ભારતનો ખાસ ઉલ્લેખ કરીને વેન્સને જડબાતોડ જવાબ આપ્યો છે.

નેતન્યાહુએ જે.ડી. વેન્સના નિવેદનનો જવાબ આપતા હળવા અંદાજમાં અને કટાક્ષમાં જણાવ્યું કે, "અમારી પાસે બીજા પણ ઘણા મિત્રો છે. જેમ કે ભારત જેવો એક 'નાનો' દેશ, તમે જાણો છો ને, ત્યાં ૧.૪ અબજ (૧૪૦ કરોડ) લોકો રહે છે અને સાચું કહું તો, અમને ત્યાંથી જબરદસ્ત સમર્થન મળી રહ્યું છે." તેમણે ઉમેર્યું કે, "મને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર પણ ભારત તરફથી ખૂબ જ મોટો સપોર્ટ મળે છે. મારું ફેસબુક પર એકાઉન્ટ છે અને ત્યાં ભારતીય યુઝર્સ મને ભારે સમર્થન આપી રહ્યા છે. ઈઝરાયલ પાસે મિત્રોની કોઈ કમી નથી."

ગયા મહિને વ્હાઈટ હાઉસમાં એક બ્રીફિંગ દરમિયાન અમેરિકી ઉપરાષ્ટ્રપ્રમુખ જે.ડી. વેન્સે ઈઝરાયલને અમેરિકા-ઈરાન શાંતિ વાર્તાનું સન્માન કરવાની સલાહ આપી હતી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે ઈઝરાયલના નેતાઓ આ સમજૂતીથી નારાજ છે અને રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટીકા કરી રહ્યા છે, ત્યારે વેન્સે કહ્યું હતું કે, "જો હું ઈઝરાયલ સરકારની કેબિનેટમાં હોત, તો હું કદાચ એ એકમાત્ર શક્તિશાળી સાથી દેશની ટીકા ન કરત, જે આખી દુનિયામાં મારી પાસે બચ્યો છે."

જે.ડી. વેન્સના દાવાનું ખંડન કરતા નેતન્યાહુએ સ્પષ્ટ કર્યું કે દુનિયાના ઘણા દેશો ઈઝરાયલની સાયબર સિક્યોરિટી અને છૈં (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ક્ષમતાના દિવાના છે. ઈઝરાયલના રાષ્ટ્રપ્રમુખ બેન્જામિન નેતન્યાહુના જણાવ્યા અનુસાર "ઘણા વૈશ્વિક નેતાઓ મને ફોન કરીને કહે છે કે, 'જુઓ, અમારે પબ્લિક ઓપિનિયન (જનમત)ને લઈને કેટલીક આંતરિક સમસ્યાઓ હોઈ શકે છે, પરંતુ અમે તમારું સન્માન કરીએ છીએ. શું આપણે કોઈ આર્થિક કે સંરક્ષણ સમજૂતી કરી શકીએ? શું તમારી સેના જેવી ટેકનિક અમને શીખવી શકો?' સાયબર સેક્ટરમાં ઈઝરાયલ દુનિયાનો બીજો સૌથી મોટો દેશ છે અને અમારી ટેક્નોલોજી બેનમૂન છે. તેથી, વૈશ્વિક સ્તરે અમારા સંબંધો બહારથી દેખાય છે તેના કરતાં ઘણા ઊંડા અને મજબૂત છે."

લેબનાનમાં ઈઝરાયલના સૈન્ય ઓપરેશન્સ અને ઈરાન સાથે અમેરિકાની શાંતિ મધ્યસ્થતાને કારણે અત્યારે અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે પડદા પાછળ તણાવ વધી રહ્યો છે, તેવા સમયે નેતન્યાહુએ ભારતનું નામ આગળ ધરીને અમેરિકાને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ઈઝરાયલ માત્ર વોશિંગ્ટન પર નિર્ભર નથી.

CMYK

CMYK

# જામનગરમાં પાંચ દાયકાથી વધુ પુરાણું ગીતાલોજ બિલ્ડિંગનું ડિમોલેશન

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના ત્રણ બત્તી જુના રેલવે સ્ટેશન પાસે આવેલી જોખમી અને જર્જરિત ગીતાલોજ બિલ્ડિંગને રવિવારે ભારે મશીનરીની મદદથી તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રવિવારના દિવસે લોકો અને વાહનોની અવરજવર ઓછી હોવાથી સમગ્ર વિસ્તારને સુરક્ષાની દૃષ્ટિએ કોર્ડન કરીને દિવસભર ડિમોલેશનની કામગીરી કરવામાં આવી હતી.



તસવીરઃ સુનિલ ચુડાસમા

આ કામગીરી માટે હિટાચી મશીન, જેસીબી, ટ્રેક્ટરો સહિતની ભારે મશીનરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા, ફાયર શાખા, ટાઉન પ્લાનિંગ શાખા, લાઈટ શાખા સહિત વિવિધ વિભાગોના ત્રીસથી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ સમગ્ર કામગીરી દરમિયાન સતત ખડેપગે રહ્યા હતા. સુરક્ષા વ્યવસ્થાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને તબક્કાવાર રીતે બિલ્ડિંગનું ડિમોલેશન કરવામાં આવ્યું હતું.

અગાઉ આ જ બિલ્ડિંગને મેન્યુઅલ રીતે તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે, અકસ્માતનો ભય ઊભો થતાં અને અગાઉની અન્ય કસ્ટમ વાળા જુના બિલ્ડીંગની પાડતોડની કામગીરી દરમિયાન ત્રણ શ્રમિકો ઈજાગ્રસ્ત બન્યા બાદ સલામતીના કારણોસર તે કામગીરી સ્થગિત કરવામાં આવી હતી. ત્યારબાદ તંત્રએ ભારે મશીનરીની મદદથી નિયંત્રિત રીતે બિલ્ડિંગ તોડી પાડવાનો નિર્ણય લીધો હતો. રવિવારે વહેલી સવારથી શરૂ થયેલી કાર્યવાહી સાંજ સુધી સતત ચાલુ રહી હતી. સમગ્ર દિવસ દરમિયાન બિલ્ડિંગના જોખમી ભાગોને સંપૂર્ણપણે દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી.

## જામનગર અને જોડિયામાં જુગારના દરોડામાં ૭ મહિલા સહિત ૧૨ ઝડપાયા

જામનગર : જામનગર શહેર અને જિલ્લાના જોડિયા તાલુકામાં જાહેરમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડા પાડતા પત્તા ટીચતી ૭ મહિલાઓ સહિત ૧૨ જુગારીઓને ઝડપાયા હતા. પોલીસે બંને સ્થળેથી રૂ.૨૨ હજારની રોકડ રકમ તથા ગંજીપત્તાના કબજે કરી તમામ સામે જુગારધારા હેઠળ કાર્યવાહી કરી હતી.

શહેરના ઘરાનગર વિસ્તારમાં શિવ મંદિર સામે જાહેરમાં ગંજીપત્તાના પાનાં વડે તીન પત્તી રોન પોલીસનો જુગાર રમતા ગુણવંતીબેન બટુકપરી ગોસાઈ, રેશમાબેન કાસમભાઈ બાદરાણી, રેશમાબેન અલતાફભાઈ મકરાણી, ભારતીબેન ભીખુભાઈ નાગેશ, જ્યોત્સનાબેન રશીકગીરી ગોસ્વામી, રેશમાબેન કાસમભાઈ સંઘી, ચંદ્રાબા નાનભા જેઠવા તથા કાસમ રમજાનભાઈ બાદરાણી પકડાયા હતા. જેની પાસેથી પોલીસે દરોડા દરમિયાન ગંજીપત્તાના ૫૨ પાનાં તથા રોકડા રૂ. ૧૦,૫૨૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

અન્ય એક દરોડામાં જોડિયાના મેકડા શેરીના ખૂણા પાસે જાહેરમાં તીન પત્તી રોન પોલીસ જુગાર રમતા સહીમ નુરમામદભાઈ ગાધ, હારૂન કાસમભાઈ સાચચા, ફારૂક આજીવાભાઈ ઓડીયા તથા કાસમ અકબરભાઈ સાચચાની અટકાયત કરી હતી. રૂ. ૧૧,૭૯૦ની રોકડ રકમ અને ગંજીપત્તા જપ્ત કરી જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગર શહેરમાં હુમલા-મારામારીના જુદા જુદા બે બનાવો પોલીસે મથકે પહોંચ્યાં

જામનગર : જામનગર શહેરમાં હુમલા-મારામારીની જુદી જુદી બે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. શહેરના બેડેશ્વર ઓવરબ્રિજ પાસે પોલીસમાં બાતમી આપવાની શંકાના આધારે યુવાન પર હુમલા મામલે બે શખ્સો સામે ગુનો નોંધાયો છે. આ ઉપરાંત મોબાઈલની દુકાનમાં થયેલી માથાકૂટ મામલે વીડિયો વાયરલ થયા પછી દુકાનની જગ્યાના માલિક સામે ગુનો નોંધાયો છે.

શહેરના ઈદ મસ્જીદ રોડ પર આવેલા બેડી નુરી રજા ચોકમાં રહેતા શાહરૂખભાઈ હુશેનભાઈ ઘુમરાએ આરોપી રફીક ઉર્ફે વાંઢો નોતીયાર અને ફીરોજ નોતીયાર (રહે. એકડે એક બાપુની દરગાહ પાસે) સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવાયા અનુસાર તા.૦૩ જુલાઈના રોજ રાત્રે ફરિયાદી બેડેશ્વર ઓવરબ્રિજ પાસે હતા ત્યારે બંને આરોપીએ ફરીયાદી પાસે આવી કહ્યું કે તું પોલીસમાં અમારી બાતમી આપ છો. બાદમાં ભુંડી ગાળો બોલી ઢીકાપાટુનો

### તું પોલીસમાં અમારી બાતમી આપશ તેમ કહી યુવાન પર બે શખ્સો તૂટી પડ્યા : મોબાઈલની દુકાનમાં થયેલી માથાકૂટનો વીડિયો વાયરલ થતા આરોપી સામે ગુનો નોંધાયો

માર મારી નીચે પછાડી દીધો હતો બબાલને પગલે લોકો એકઠા થઈ જતા જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓ નાશી છૂટયા હતા.

આ ઉપરાંત લીમડાલાઈન વિસ્તારમાં થોડા દિવસો અગાઉ મોબાઈલની દુકાનમાં થયેલી મારામારીનો વીડિયો અને સીસીટીવી ફૂટેજ વાયરલ થયા બાદ દુકાનના કર્મચારીએ સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં દુકાન (બાંધકામ)ના માલિક સામે ગુનો નોંધાયો છે.

હાલાર હાઉસ પાસે આવેલી સ્ટાર બિલ્ડિંગમાં રહેતા દિનેશ વસ્તારામજીભાઈ રાજપુરોહિત છેલ્લા પાંચ મહિનાથી લીમડાલાઈન વિસ્તારમાં આવેલી એક મોબાઈલ એસેસરીઝની દુકાનમાં નોકરી કરે છે. ૩૦ જૂનના રોજ દુકાનમાં હતા ત્યારે આ દુકાનના માલિક લવેશ નાથાભાઈ વાંક દુકાને આવ્યા હતા ફરિયાદીએ આરોપીને કહ્યું હું તમને નેકબેન્ડ બતાવું એટલું કહેતા લવેશ નશાની હાલત હોય જે ઉશ્કેરાઈ જઈ અપશબ્દો બોલવા લાગ્યા હતા. લવેશએ ફરિયાદીને મારી નાખવાની ધમકી આપી ગાલ પર ત્રણથી ચાર ફડાકા મારી દીધા હતા. ત્યારબાદ દિનેશભાઈએ દુકાનના સંચાલક રાજેશભાઈ હિરાલાલ ભાનુશાળીને ફોન કરીને ઘટનાની જાણ કરી હતી. દરમિયાન આરોપીએ દુકાનમાં રહેલી ખુરશી ફેંકી મારતાં બચાવ કરવા હાથ આડો રાખતાં તેમના હાથમાં ઈજા પહોંચી હતી. જે મામલે હાલ પોલીસ ફરિયાદ બાદ પોલીસ દોડતી થઈ છે.

## જામનગર પંચકોશી 'એ' પોલીસ દ્વારા થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે રક્તદાન શિબિરનું આયોજન

જામનગર : જામનગર જિલ્લા પોલીસના પંચકોશી 'એ' ડિવિઝન દ્વારા જિલ્લા સુરક્ષા સેતુ સોસાયટી તથા શિવ-ઓમ બ્રાસ ઈન્ડ્રીઝના સહયોગથી આગામી તા. ૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ વિશાળ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રક્તદાન શિબિર સવારે ૮ વાગ્યાથી સાંજે ૮ વાગ્યા સુધી જામનગરના ખીજડિયા બાયપાસ રોડ પાસે આવેલા રોયલ રિસોર્ટ ખાતે યોજાશે. શિબિરનો મુખ્ય હેતુ થેલેસેમિયાથી પીડિત બાળકો તેમજ જરૂરિયાતમંદ દર્દીઓ માટે પૂરતું રક્ત ઉપલબ્ધ કરાવવાનો છે.

આયોજકોના જણાવ્યા મુજબ થેલેસેમિયા એક આનુવંશિક રક્ત વિકાર છે, જેમાં દર્દીઓને નિયમિત અંતરે રક્ત ચઢાવવું જરૂરી બને છે. આવા બાળકો માટે એક યુનિટ રક્ત જીવનદાયી સાબિત થઈ શકે છે. તેથી વધુમાં વધુ લોકો રક્તદાન કરીને આ માનવતાના કાર્યમાં જોડાય તેવી અપીલ કરવામાં આવી છે.

રક્તદાન શિબિર દરમિયાન માત્ર રક્તદાન જ નહીં, પરંતુ સાયબર ક્રાઈમ જાગૃતિ અને રોડ સેફ્ટી જાગૃતિ માટે પણ વિશેષ સ્ટોલ ઉભા કરવામાં આવશે. સાયબર ક્રાઈમ સ્ટોલ પર ઓનલાઈન છેતરપિંડીના નવા પ્રકારો અને તેનાથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવશે, જ્યારે ટ્રાફિક પોલીસ દ્વારા માર્ગ સુરક્ષા અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવશે.

જામનગર જિલ્લા પોલીસે શહેર અને જિલ્લાના નાગરિકો, ઉદ્યોગકારો, સામાજિક સંસ્થાઓ, યુવાનો તથા સ્વૈચ્છિક રક્તદાતાઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાન કરીને માનવસેવાના આ મહાયજ્ઞમાં સહભાગી બનવા અપીલ કરી છે. રક્તદાન શિબિર અંગે વધુ માહિતી માટે પંચકોશી બી. ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ એન. શેખ (૯૯૨૫૧ ૫૦૫૭૬) તેમજ એ.એસ. આઈ. નિર્મળસિંહ બી.જાડેજા (૯૮૨૪૫ ૩૩૯૩૦) નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

## જામનગરમાં યુવાનની જુના મનદુઃખમાં હત્યા ખુલ્યું, બે આરોપીની અટકાયત

જામનગર : જામનગર શહેરના ખેતીવાડી ફાર્મ નજીક રોહીદાસ ચોક વિસ્તારમાં શુક્રવારે રાત્રે યુવાન કરણ જયંતીભાઈ વાઘેલાની છરીના ઘા ઝીંકી કરાયેલી હત્યાના કેસમાં સિટી 'સી' ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં બે આરોપીઓને ઝડપી પાડી કેસનો ભેદ ઉકેલી લીધો છે.

પોલીસે આ કેસમાં યશ ઉર્ફે જીણો સુરેશભાઈ વરણ (૨૧), રહે. ઈન્દિરા કોલોની, જામનગર તેમજ તેના સાથીદાર ચિરાગ સુરેશભાઈ જાદવ (૨૩), રહે. ઈંદિરાનગર, જામનગરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક કરણ વાઘેલા અને મુખ્ય આરોપી યશ ઉર્ફે જીણો વચ્ચે અગાઉ સામાન્ય બાબતે બોલાચાલી અને તકરાર થઈ હતી. આ તકરારનો ખાર રાખીને આરોપીઓએ કરણની હિલચાલ પર નજર રાખી હતી. ઘટનાની રાત્રે કરણ પોતાના ઘરેથી છાસ લેવા માટે નજીકની દુકાને પહોંચ્યો ત્યારે બંને આરોપીઓએ તેને આંતરી છરી વડે હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓના કારણે કરણનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

ઘટના બાદ સિટી 'સી' ડિવિઝન પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. ઘટનાસ્થળ અને આસપાસના સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ માહિતી તથા સ્થાનિક બાતમીના આધારે બંને આરોપીઓને શોધી કાઢી તેમની ધરપકડ કરવામાં સફળતા મળી છે. પોલીસ બંને આરોપીઓની સઘન પૂછપરછ કરી રહી છે. હત્યામાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે નહીં તેમજ ઘટનાના તમામ સંજોગોની તપાસ આગળ ધપાવવામાં આવી રહી હોવાનું પોલીસે જણાવ્યું છે.

## જામ્યુકોમાં વર્ષોથી એક જ શાખામાં ફરજ બજાવતા અધિકારીઓને હટાવવા કમિશનરને રજૂઆત

### પ્રજાના પ્રશ્નો નહીં ઉકેલાતા વોર્ડ નં. ૧૦ના કોર્પોરેટરે કમિશનરને પત્ર લખ્યો

જામનગર : જામનગર મહાનગરપાલિકાની વિવિધ શાખાઓમાં વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવતા અધિકારીઓ નવા ચૂંટાયેલા કોર્પોરેટરોને ગેરમાર્ગે દોરી પ્રજાના કામોમાં વિલંબ કરતા હોવાનો આક્ષેપ કરતાં વોર્ડ નં. ૧૦ના કોર્પોરેટર પ્રકાશભાઈ રાઠોડે મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી છે. તેમણે વિવિધ શાખાઓમાં ફરજ બજાવતા અધિકારીઓની સેવા મુદતની તપાસ કરીને તેમની આંતરિક બદલી કરવાની માંગણી કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે મહાનગરપાલિકાની સિવિલ શાખા, વોટર વર્ક્સ, ગાર્ડન, ભૂગર્ભ ગટર, ટાઉન પ્લાનિંગ, સ્લમ, એસ્ટેટ, જન્મ-મરણ નોંધણી, હાઉસ ટેક્સ સહિતની વિવિધ શાખાઓમાં પ્રજાના પ્રશ્નોને લઈને કોર્પોરેટરો વારંવાર રજૂઆતો કરે છે. તેમ છતાં કેટલાક અધિકારીઓ અને ઈજનેરો કામ ટાળતા હોવાના કારણે સામાન્ય નાગરિકોના પ્રશ્નો સમયસર ઉકેલાતા નથી. આક્ષેપ કરવામાં આવ્યો છે કે નવા ચૂંટાયેલા કોર્પોરેટરોને જરૂરી માર્ગદર્શન આપવાને બદલે તેમને એક શાખામાંથી બીજી શાખામાં ધક્કા ખવડાવવામાં આવે છે, જેના કારણે વિકાસલક્ષી તેમજ જનહિતના કાર્યોમાં વિલંબ થાય છે.

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે મહાનગરપાલિકાની અનેક શાખાઓમાં કેટલાક અધિકારીઓ વર્ષોથી એક જ પોસ્ટ અને એક જ શાખામાં કાર્યરત છે. તેના કારણે અન્ય અધિકારીઓને વિવિધ શાખાઓમાં કામ કરવાનો અનુભવ મેળવવાની તક મળતી નથી. તેથી કયા અધિકારી કેટલા વર્ષથી કઈ શાખામાં અને કયા હોદ્દા પર ફરજ બજાવે છે તેની સમીક્ષા કરીને જરૂરિયાત મુજબ તમામ શાખાઓમાં આંતરિક ફેરબદલી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

કોર્પોરેટરે રજૂઆતમાં ભારપૂર્વક જણાવ્યું છે કે અધિકારીઓની નિયમિત બદલીથી કામગીરીમાં પારદર્શિતા વધશે, પ્રજાના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવશે અને નવા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સાથે વધુ સુમેળભર્યું વહીવટ શક્ય બનશે.

## નાગેશ્વર રોડ પર રિક્ષામાં બેસેલા મુસાફરોને અન્ય વાહનની ઠોકરે ઈજા

દ્વારકા : અમદાવાદમાં આનંદ આશ્રમ સોસાયટી સાથે રહેતા મનિષાબેન હિતેશભાઈ પારધી નામના મહિલા અન્ય મુસાફરો સાથે ઓટોરિક્ષામાં બેસી દ્વારકાના નાગેશ્વર રોડ પર આવેલ સ્વામિનારાયણ મંદિર પાસેથી પસાર થતા હોય આ વેળાએ ત્યાંથી પૂરઝડપે નીકળેલ ડી. ડી. ૦૧ એચ. ૯૪૧૨ નંબરની અર્બનિયા ગાડીના ચાલકે ઓટોરિક્ષાને પાછળથી મારી અકસ્માત સર્જ્યો હતો જેમાં મોંઘીબેન અને તેઓની સાથે રહેલા અન્ય મુસાફરોને નાની - મોટી ઈજા પહોંચતા તેઓએ ગાડીના ચાલક સામે સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી છે.

## જામનગરમાં મહિલા સફાઈ કર્મીના ઘરમાં હાથફેરો કરનાર તસ્કર ઝડપાયો

જામનગર : જામનગરના મહાવીરનગર વૃંદાવન એપાર્મેન્ટમાં સફાઈ કામદાર મહિલાના મકાનમાંથી થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો છે. પાડોશી શખ્સની સંડોવણી સામે આવતા પોલીસે આરોપીને દબોચી લઈ તેની પાસેથી કુલ રૂ.૨.૭૭ લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

શહેરના મહાવીરનગર નિલકંઠ સ્કુલની સામે વૃંદાવન એપાર્મેન્ટ રૂમ નં.-૨૦૧ માં રહેતા અને જેએમસીમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા જ્યોતિબેને પોતાના ચોરી મામલે તા.૨ ના રોજ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જે ચોરીનો સ્થાનિક પોલીસે ભેદ ઉકેલી નાખ્યો છે. તપાસમાં પાડોશી શખ્સે જ મકાનમાં ખાતર પાડયાનું સામે



આવ્યું હતું. તપાસ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે એ જ વૃંદાવન એપાર્ટમેન્ટના અન્ય ફ્લેટમાં ભાડે રહેતા યોગેશ ઉર્ફે નીખિલ રમેશભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૬)ને ઝડપી પાડ્યો હતો.

તેની પાસેથી સોનાની બે ચેઈન, લાલ મોતીવાળું મંગળસૂત્ર, ચાંદીની લક્કી તથા રોકડા રૂ. ૭૦ હજાર મળી કુલ રૂ. ૨.૭૭ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આરોપી પાસેથી રૂ.૨.૦૭ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત રૂ.૨.૭૭ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી અને ફરિયાદી બંને એક જ એપાર્ટમેન્ટમાં રહેતા હતા. જેના કારણે ઘરની અવરજવર અને સ્થિતિ અંગે આરોપીને અગાઉથી જાણકાર હતો. ફરિયાદીના પરિવારના સભ્યોનો ઘરે આવવાનો સમય અલગ-અલગ હોવાથી ઘરનો દરવાજો ક્યારેક ખુલ્લો રહેતો હોય તો ક્યારેક ચાવી બહાર ખીલીએ ટીંગાડતા હોવાથી આરોપીએ જાણકારીના આધારે ચોરી કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

## અયોધ્યા રામમંદિરમાં સનાતન બોર્ડની રચના કરી તમામ અધિકારો સોંપવામાં આવે : શંકરાચાર્ય



દ્વારકા : વર્તમાનમાં અયોધ્યા રામ મંદિરમાં બનેલ ઘટનાઓ અંગે દ્વારકાના શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીએ મોટું નિવેદન આપ્યું છે. સદાનંદ સરસ્વતીએ આ પ્રકરણે બોલતા જણાવેલ કે આવા બનાવો ન બને તે હેતુ સનાતન ધર્મ સંરક્ષણ સમિતિ સનાતન બોર્ડની રચના કરવામાં આવે જે માન્યતા પ્રાપ્ત સર્વની સંમતિ હોય અને જેને આધીન બધી વ્યવસ્થા હોવી જોઈએ. શાસન પણ સમિતિના અનુશાસનમાં રહેવાનો પ્રયાસ રહે.

વધુમાં તેમણે જણાવેલ કે શાસન દ્વારા કરાતી ધાર્મિક વ્યવસ્થામાં ત્યાંના શાસનના અધિકારીઓને શાસ્ત્રીય જ્ઞાનનો અભાવ, ધાર્મિક પરંપરાનો અનુભવ નથી હોતો, વિધિ વિશેષનું પાલન કરવાનું જાણતા નથી, ધર્મના અનુષ્ઠાન કરવાવાળા અધિકારી હોતા નથી. જેમનો જે વિષય છે એમને એજ અધિકાર મળવો જોઈએ અને અયોગ્ય લોકોને કામ મળે તો આવા જ પરિણામ મળશે જે સમજવું જોઈએ. ધાર્મિક જન સમુદાય અયોધ્યા, દ્વારકા, બદ્રીનાથ, તીરૂપતિ વગેરે પરમાત્મા અને ઋષિ મહર્ષિઓની તપોભૂમિ માને છે.

સરકાર, શાસન અને નેતાગણ તેને પર્યટનસ્થળ માને છે તેજ મતભેદ છે. લોકો તીર્થયાત્રા કરે ત્યારે આધ્યાત્મિક શકિત પ્રાપ્ત કરવાની કામના હોય. ધર્મસ્થળોમાં આત્યાત્મિક શકિત અને સકારાત્મક ઉર્જા હોય છે જેને પ્રાપ્ત કરવી જોઈએ. એકદર્થ સંચાલન માટે સનાતન ધર્મ સુરક્ષા સમિતિ સનાતન બોર્ડનું નિર્માણ થાય જેની વિધિવત ઘોષણા કરવામાં આવે અને જેમાં દેશના સર્વમાન્ય અને નિર્વિવાદ આચાર્ય, ચારેય શંકરાચાર્ય, પાંચેય વૈષ્ણવાચાર્ય અને અન્ય માન્ય આચાર્યોનો સમાવેશ થઈ શકે.

વધુમાં તેમણે જણાવેલ કે આ રાજનીતિ નથી ધર્મનીતિ છે. ધર્મનીતિમાં ધર્મ અનુસાર જ અનુશાસિત કરી શકાય છે. ભવિષ્યમાં ધર્મસ્થળમાં આવી સ્થિતિ ન બને તે માટે સનાતન બોર્ડની રચના કરી તમામ ધાર્મિક અધિકાર તેમને સોંપવામાં આવે. સરકાર ધર્મનિરપેક્ષ હોય છે અને આ ધર્મનો વિષય છે. મંદિર શાસનના અધિકારથી મુકત થવું જોઈએ અને યોગ્ય લોકોને સમિતિમાં શામેલ કરી તેમને સોંપી દેવું જોઈએ તેવું સૂચન તેમણે કર્યુ હતું.

## જામનગર પંથકના દરિયાકાંઠે મરીન કમાન્ડોનું મેગા પેટ્રોલિંગ

### રોઝી બંદર, નવા-જુના બેડી બંદર, માધાપર ભૂંગા સહિતના કોસ્ટલ વિસ્તારમાં સઘન ચેકિંગ





જામનગર : દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં દરિયાઈ સરહદોનું મહત્વ સતત વધી રહ્યું છે. ખાસ કરીને ગુજરાત જેવા લાંબા દરિયાકાંઠા ધરાવતા રાજ્યમાં દરિયાઈ સુરક્ષા માત્ર કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો નહીં પરંતુ સીધી રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંકળાયેલ વિષય છે. હાલ વેસ્ટ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવપૂર્ણ સંબંધો તેમજ વૈશ્વિક ભૂરાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દેશની સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે. આવા સંજોગોમાં દરિયાઈ માર્ગોનો ઉપયોગ કરીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, આતંકવાદી ઘૂસણખોરી, હથિયારોની હેરાફેરી, નશીલા પદાર્થોનો વેપાર અથવા દેશવિરોધી કાવતરાઓને રોકવા માટે સુરક્ષા તંત્ર સતત સક્રિય છે.

આ અભિગમને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય સલામતી, જાહેર વ્યવસ્થા અને દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા જામનગર જિલ્લાના વિવિધ દરિયાકાંઠા વિસ્તારોમાં વિશેષ "સઘન કોસ્ટલ પેટ્રોલિંગ" અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તા. ૫ જુલાઈના રોજ યોજાયેલા આ વિશેષ ઓપરેશનનો મુખ્ય હેતુ દરિયાઈ માર્ગો મારફતે થતી કોઈપણ ગેરકાયદેસર, અસામાજિક, આતંકવાદી અથવા રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને અટકાવવાનો હતો.

જામનગર જિલ્લો ગુજરાતના સૌથી મહત્વપૂર્ણ દરિયાકાંઠા વિસ્તારોમાંનો એક ગણાય છે. અહીં આવેલા બંદરો, ઉદ્યોગો, ઓઈલ ટર્મિનલ, જેટીઓ અને અન્ય વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સ્થાપનોને કારણે આ વિસ્તાર સુરક્ષા એજન્સીઓ માટે સતત પ્રાથમિકતા ધરાવે છે. જામનગરનો દરિયાકાંઠો માત્ર માછીમારી માટે જ નહી પરંતુ ઔદ્યોગિક અને વ્યાપારી દૃષ્ટિએ પણ અત્યંત મહત્વનો હોવાથી અહીં સુરક્ષામાં કોઈપણ પ્રકારની બેદરકારી ગંભીર પરિણામો લાવી શકે છે.

એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ તેમજ દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સના નાયબ પોલીસ મહાનિરીક્ષક એ. એમ. મુનિયા તથા મરીન ટાસ્ક ફોર્સ, હજીરાના પોલીસ અધિક્ષક એસ. જે. પરમારના નેતૃત્વ હેઠળ આ વિશેષ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ મરીન ટાસ્ક ફોર્સ, જામનગર સેક્ટરના પોલીસ ઈન્સ્પેક્ટર ધરમવીર આર. યાદવ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર જી. એમ. બોપલિયા સહિત મરીન કમાન્ડોની ટીમો દ્વારા રોઝી બંદર, નવા-જુના બેડી બંદર, માધાપર ભૂંગા તેમજ આસપાસના સમગ્ર દરિયાકાંઠા વિસ્તારમાં પગપાળા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે દરિયાઈ સુરક્ષા માટે બોટ પેટ્રોલિંગ, વાહન પેટ્રોલિંગ અને ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ આ વખતે મરીન કમાન્ડોએ ફૂટ પેટ્રોલિંગ દ્વારા દરિયાકાંઠાના સંવેદનશીલ વિસ્તારોની નજીકથી ચકાસણી કરી હતી.

મરીન કમાન્ડોની અલગ-અલગ ટીમો બનાવી વિવિધ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી હતી. દરેક ટીમને ચોક્કસ વિસ્તારની જવાબદારી સોંપવામાં આવી હતી. પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ વ્યક્તિઓ, અજાણી હિલચાલ, શંકાસ્પદ બોટો અને દરિયાઈ માર્ગોથી થતી પ્રવૃત્તિઓ પર ખાસ નજર રાખવામાં આવી હતી. સુરક્ષાની દૃષ્ટિએ મહત્વપૂર્ણ ગણાતા ફિશ લેન્ડિંગ પોઈન્ટ, માછીમારી કેન્દ્રો અને અન્ય સ્થળોની પણ સઘન તપાસ કરવામાં આવી હતી.

પેટ્રોલિંગ દરમિયાન વિવિધ માછીમારી વસાહતો અને ફિશિંગ સેન્ટરોમાં મુલાકાત લઈ માછીમારો સાથે સીધી વાતચીત કરવામાં આવી હતી. સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવતાં તેમને કોઈપણ અજાણી બોટ, અજાણ્યા વ્યક્તિ અથવા શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવાની અપીલ કરવામાં આવી હતી. સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે સ્થાનિક માછીમારો દરિયાકાંઠાની સુરક્ષામાં મહત્વપૂર્ણ ભાગીદાર છે અને સમયસર મળતી માહિતી અનેક સંભવિત જોખમોને ટાળી શકે છે.

મરીન ટાસ્ક ફોર્સની ટીમોએ વાઈટલ એરિયા તરીકે ઓળખાતા મહત્વપૂર્ણ સ્થળો, ઔદ્યોગિક સ્થાપનો, જેટીઓ, બંદરો અને તેલ સંગ્રહ કેન્દ્રોની પણ વિશેષ તપાસ કરી હતી. આ ઉપરાંત અવાવરુ અને નિર્જન વિસ્તારોમાં પણ સઘન ચકાસણી હાથ ધરવામાં આવી હતી, કારણ કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે આવા સ્થળોનો ઉપયોગ થવાની શક્યતા રહેતી હોય છે. સુરક્ષા નિષ્ણાતોના મતે માત્ર કોઈ ઘટના બાદ કાર્યવાહી કરવી પૂરતી નથી, પરંતુ આવી ઘટનાઓ બનતી અટકાવવી એ જ સુરક્ષા તંત્રની સૌથી મોટી સફળતા ગણાય છે. આ જ કારણસર મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સતત પ્રોએક્ટિવ અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે. દરિયાઈ સુરક્ષામાં "પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર"નો સિદ્ધાંત અત્યંત મહત્વનો માનવામાં આવે છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot.
Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# જામનગરમાં હિટ એન્ડ રનના બનાવમાં વિદ્યાર્થીનું મોત

## શાળાએ જતી વેળાએ બેકાબુ બસે એક્ટિવાને હડફેટે લેતાં સર્જાયો અકસ્માત

શહેરના પવનચક્કી વિસ્તારમાં આજે સોમવાર સવારે હિટ એન્ડ રનનો ગંભીર અકસ્માતમાં સર્જાયો હતો. જેમાં બેકાબૂ બસની ઠોકરે ધોરણ-૧૦માં અભ્યાસ કરતા ૧૭ વર્ષીય વિદ્યાર્થીનું કમકમાટીભર્યું મોત નીપજતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના ખોજાચોક વા મસ્જિદ વિસ્તારમાં રહેતા અલાઉદ્દીન હારુનભાઈ ઓડીયા નામના ૧૭ વર્ષીય


તસવીરઃ સુનિલ ચુડાસમા

વિદ્યાર્થી પોતાની એક્સેસ મોટરસાયકલ પર પેટ્રોલ ભરાવી શાળાએ જવા નીકળ્યા હતા. તે દરમિયાન પવનચક્કી વિસ્તારમાં પાછળથી આવી રહેલી એક અર્બનિયા મીની બસે તેમની મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે અલાઉદ્દીનનું ગંભીર ઈજા બાદ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ બસનો ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બીજી તરફ દુર્ઘટનાના સમાચાર મળતાં પરિવારજનો હોસ્પિટલ પહોંચી જતા શોકનો માહોલ છવાઈ ગયો હતો.પોલીસે ગુનો નોંધવા અને ફરાર બસ ચાલકની શોધખોળ માટે તજવીજ હાથ ધરી છે.

# ખંભાળિયાના કજુરડા ગામના પાટીયા પાસે કાર હડફેટે બે બકરાનું મોત

ખંભાળિયા : ખંભાળિયાના કજુરડા ગામનાં પાટીયા પાસે બકરાના વાઘને પૂરઝડપે પસાર થતા કાર ચાલકે હડફેટે લેતા બે બકરાનું મોત નિપજયું હતું જ્યારે અન્ય બેને ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના આ બનાવ અંગે ફરિયાદ નોંધાવાતા સ્થાનિક પોલીસે સ્થળપર દોડી જઈ અકસ્માત સર્જી નાસી જનાર કાર ચાલક સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી પ્રમાણે ખંભાળિયા તાલુકાના કજુરડા ગામના પાટીયા પાસે આવેલા વિજયનગર ખાતે રહેતો લખાભાઈ ગાગાભાઈ ખાંભલા નામનો યુવાન પોતાના બકરા ચરાવવા સીમમાં જતો હોઈ દરમિયાન ગામના પાટિયાથી થોડે દુર રોડ ક્રોસ કરતો હોય આ વેળાએ ત્યાંથી પૂરઝડપે નીકળેલા જી. જે. ૧૦ બી. આર. ૭૦૧૧ નંબરના કાર ચાલકે પોતાનું વાહન બેફિકરાઈથી ચલાવી બકરા સાથે અથડાવતા બે બકરાનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું જ્યારે અન્ય બે ઘાયલ થયા હતા આથી અકસ્માત સર્જી નાસી જનાર કાર ચાલક સામે લખાભાઈ ખાંભલાની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે ગુન્હો નોંધી કાર ચાલકને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# સાપર ગામના તળાવ વિસ્તારમાંથી ખાન ખનીજ વિભાગે રૂ. ૬૫ લાખનો મુદ્દામાલ સીઝ કર્યો

જામનગર : જામનગરના ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ વિભાગની તપાસ ટીમ તથા સિક્કા પોલીસ સ્ટેશનની ક્ષેત્રીય ટીમે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી જામનગર જિલ્લાના સાપર ગામને અડીને આવેલા તળાવ વિસ્તારમાં ગેરકાયદે ખનિજ ખનન સામે દરોડો પાડ્યો હતો.

તપાસ દરમિયાન એક વોલ્વો હિટાચી મશીન તથા એક ડમ્પરનો ઉપયોગ કરીને બિનઅધિકૃત રીતે મોરમ ખનિજનું ખનન અને વહન



તસવીરઃ સુનિલ ચુડાસમા

કરવામાં આવી રહ્યું હોવાનું સામે આવ્યું હતું. જેના પગલે બંને વાહનો સહિત અંદાજે રૂ. ૬૫ લાખનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો.

સંયુક્ત ટીમ દ્વારા જપ્ત કરાયેલા વોલ્વો હિટાચી મશીન અને ડમ્પરને કાયદેસરની કાર્યવાહી માટે સિક્કા પોલીસ સ્ટેશન ખાતે અટકમાં રાખવામાં આવ્યા છે. સમગ્ર મામલે ખનિજ નિયમો મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ વિભાગ દ્વારા ગેરકાયદે ખનન અને ખનિજના બિનઅધિકૃત વહન સામે આગામી સમયમાં પણ સઘન ચકાસણી અને કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેમ જણાવાયું છે.

# જામનગરની હોટલમાં તસ્કરોએ ભૂખ સંતોષી ૯૫ હજારની રોકડ ઉસેડી ગયા


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરના નાનકપુરી મેઈન રોડ પર ગુરુ નાનક મંદિર પાસે આવેલી સુરેશ હોટલમાં મોડીરાત્રે બે અજાણ્યા તસ્કરોએ શટરનું તાળું તોડી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. ચોરીની આ ઘટનામાં કુલ રૂ. ૯૫હજારની રોકડ રકમની ચોરી થઈ હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે. ઘટનાની વધુ એક ચોંકાવનારી બાબત એ છે કે તસ્કરોએ ચોરી કરતાં પહેલાં દુકાનમાં રહેલા બિસ્કિટ, ચોકલેટ, વેફર, ઠંડા પીણાં અને ઠંડું પાણી પી પોતાની ભૂખ અને તરસ સંતોષી હતી. આ સમગ્ર ઘટના દુકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હોવાનું જાણવા મળ્યું છે.

ફરિયાદી કમલેશભાઇ વસંતભાઇ માખેજા, જે સુરેશ હોટલમાં ચા-નાસ્તા અને પાનમસાલાનો વ્યવસાય કરે છે, તેમણે પોલીસને જણાવ્યું હતું કે તેઓ રાત્રે આશરે ૧:૦૦ વાગ્યે દુકાન બંધ કરીને ઘરે ગયા હતા. બીજા દિવસે વહેલી સવારે આશરે ૫:૧૫ વાગ્યે દુકાને પહોંચતા એક શટરનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું અને નજીકમાં તીકમ પડેલું હતું.

દુકાનની અંદર પ્રવેશીને તપાસ કરતાં સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો અને ટેબલના ખાનાં ખુલ્લાં હતાં. તપાસ દરમિયાન ટેબલના ખાનામાં રાખેલા રૂ. ૭ હજાર, પરચુરણના અંદાજે રૂ. ૨ હજાર, પાનમસાલાના રૂ. ૧-હજાર તેમજ દુકાનના મંદિરમાં રાખેલા અંદાજે રૂ. ૮ હજાર મળી કુલ રૂ. ૯; હજારની રોકડ રકમ ગાયબ હોવાનું બહાર આવ્યું હતું. દુકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરાના દશ્યોમાં બે અજાણ્યા તસ્કરો સ્પષ્ટ રીતે જોવા મળ્યા હોવાનું સામે આવ્યું છે. દશ્યો મુજબ બંને તસ્કરોએ દુકાનમાં પ્રવેશ કર્યા બાદ સૌપ્રથમ બિસ્કિટ, ચોકલેટ, વેફર, ઠંડા પીણાં અને ઠંડું પાણી લઈને આરામથી તેનો ઉપયોગ કર્યો હતો. ત્યારબાદ દુકાનમાં રાખેલી રોકડ રકમ પર હાથ સાફ કરીને ફરાર થઈ ગયા હતા. પોલીસે સીસીટીવીના દશ્યો કબજે લઈ અન્ય ટેકનિકલ પુરાવાના આધારે આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસ તેજ બનાવી છે. આ અંગે કમલેશભાઈ માખેજાની ફરિયાદના આધારે સિટી પોલીસ સ્ટેશનમાં અજાણ્યા બે તસ્કરો સામે ઘરફોડ ચોરીનો ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. આ બનાવને પગલે નાનકપુરી વિસ્તારના વેપારીઓમાં પણ ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

# જામનગરમાંથી યુવતી એકાએક લાપતા



જામનગર : જામનગર શહરના ધરાનગર-૧ વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષીય યુવતી એકાએક લાપતા બનતા પરિવારમાં ચિંતા વ્યાપી ગઈ છે.

પોલીસ ચોપડે નોંધાયેલી વિગત અનુસાર ધરાનગર-૧, સલીમ બાપુના મદ્રસા પાસે રહેતી ખુશાલીબેન રશીકભાઈ પીઠડીયા (ઉ.વ.૨૨) તા. ૦૧ જુલાઈના રોજ જામનગરના જોગર્સ પાર્ક નજીક આવેલા મોલ પાસે આવી હતી. જ્યાથી કોઈને જાણ કર્યા વગર ક્યાંક જતી રહી હતી. યુવતી ઘરે પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. જો કે, યુવતીનો કોઈ પત્તો ન લાગતાં અંતે પોલીસમાં જાણ કરાયા બાદ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# કાલાવડના જશાપર નજીક કારની ઠોકરે બાઈક ચાલકને ગંભીર ઈજા

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના જસાપર ગામ નજીક હિટ એન્ડ રન અકસ્માતનો ગુનો નોંધાયો છે. અજાણ્યા નંબરની ફોરવ્હીલ કારના ચાલકે બેફિકરાઈ અને ગફલતભરી રીતે કાર ચલાવી પાછળથી મોટરસાયકલને ટક્કર મારી અકસ્માત સર્જી ફરાર થઈ જતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ જસાપર ગામના રહેવાસી અને હીરા ઘસવાની મજૂરી કરતા રાજેશભાઈ વલ્લભભાઈ મોહનભાઈ ફળદુ (ઉંમર ૪૧) રાત્રે દેવળા ગામેથી પોતાના હોન્ડા પેશન પ્રો મોટરસાયકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. રાત્રે આશરે સાડા દસ વાગ્યે જસાપર ગામ પાસે પહોંચતા પાછળથી પૂરઝડપે આવી રહેલી અજાણ્યા નંબરની ફોરવ્હીલ કારએ તેમના મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત બાદ કારચાલક વાહન સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

અકસ્માતમાં રાજેશભાઈને જમણા પગ, ડાબા હાથ તેમજ ડાબા હાથની પાંચેય આંગળીઓમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જમણો પગ અને ડાબો હાથ ભાંગી જવા ઉપરાંત આંગળીઓમાં પણ ફ્રેક્ચર થતાં તેમને પ્રથમ કાલાવડ સરકારી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટની આરોગ્યમ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના હાથ, પગ અને આંગળીઓનું ઓપરેશન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ પોલીસ સ્ટેશનમાં હાજર થઈ અજાણ્યા કારચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.આ ફરિયાદના આધારે કાલાવડ ટાઉન પોલીસે ગુનો નોંધી અજાણ્યા કારચાલકની શોધખોળ અને વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ ૨૨ જુલાઈએ યોજાશે

જામનગર : સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમની રાજય અને જિલ્લા કક્ષાએ મળેલી સફળતા બાદ મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યના નાગરિકોના ગામ કે તાલુકા કક્ષાના પ્રશ્નો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ દર માસે યોજવાનું સૂચન કર્યું છે.

જે અન્વયે, જામનગર તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા. ૨૨ જુલાઈના રોજ સવારના ૧૧ કલાકથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી કલેકટર પી.બી.પંડ્યાના અધ્યક્ષ સ્થાને શહેર પ્રાંત અધિકારીની કચેરીના મીટીગ હોલમાં યોજવામાં આવશે.અરજદારોએ આગામી તા.૧૧ જુલાઈ સુધીમાં તાલુકા સ્વાગત કાર્યક્રમના મથાળા હેઠળ તેમનો પ્રશ્ન/ અરજી મામલતદાર કચેરી જામનગર (શહેર)ના સરનામાં પર મોકલી દેવાની રહેશે. અરજી મોકલતી વખતે અરજદારોએ આ તમામ બાબતોનું પાલન કરવાનું રહેશે. જે અંતર્ગત, જો તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીને પ્રથમ લેખિતમાં રજુઆત કરેલી હોવી જોઈએ, અને રજૂ કરેલો પ્રશ્ન અનિર્ણિત હોવો જોઈએ. તો જ આ કાર્યક્રમમાં અરજી સ્વીકારવામાં આવશે. કાર્યક્રમમાં તાલુકા કક્ષાના અધિકારક્ષેત્રમાં આવતા પ્રશ્નોના જ નિર્ણય લઈ શકાય, તેવા પ્રશ્નો જ હોવા જોઈએ. કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ પૂરતા આધાર-પુરાવા સાથે રજુઆત કરી શકશે.કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે, સામુહિક રજુઆતો કરી શકશે નહીં. જામનગર તાલુકાના તમામ નાગરિકોને ઉપરોક્ત તાલુકા સ્વાગત કાર્યક્રમનો લાભ લેવા માટે શહેર મામલતદાર, જામનગરની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.





ધીરુભાઈ હીરાચંદ અંબાણી
(૨૮.૧૨.૧૯૩૨ - ૬.૭.૨૦૦૨)
ફાઉન્ડર ચેરમૅન - રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ।।

આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત.
આત્મા અજન્મ, અમર અને સનાતન સદાય.
દેહ પામે નાશ ત્યારે પણ, આત્મા તો અવિનાશી.

- ભગવદ્ ગીતા (અધ્યાય ૨ - શ્લોક ૨૦)

પ્રેમાળ સ્મૃતિમાં
કોકિલાબેન ધીરુભાઈ અંબાણી તથા પરિવાર

Reliance Industries Limited
Growth is Life

www.ril.com


સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## અમેરિકાના ટોપ સાયન્ટિસ્ટના રહસ્યમય મૃત્યુ

અમેરિકા એ દેશ જ્યાં દુનિયાની સૌથી મોટી ટેક્નોલોજી અને સંશોધન સંસ્થાઓ આવેલી છે. પણ શું તમે જાણો છો કે તાજેતરમાં અમેરિકાના એરોસ્પેસ, ડિફેન્સ અને નાસા જેવી સંસ્થાઓમાં કામ કરતા ૧૦ જેટલા મોટા સાયન્ટિસ્ટ અને રિસર્ચર્સનું રહસ્યમય રીતે મૃત્યુ થયું છે કે પછી તેઓ ગુમ થઈ ગયા છે? આ સમાચારે સમગ્ર દુનિયામાં ખળભળાટ મચાવી દીધો છે. હવે તેની પાછળ ટ્રમ્પ વહીવટીતંત્રે તપાસના આદેશ આપ્યા છે.અહીં એક જ સવાલ ઉભો થાય છેઃ શું આ કોઈ સામાન્ય અકસ્માતો છે? કે પછી કોઈ મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે? સૌથી પહેલી ઘટના છે નોવાટિસ રિસર્ચર જેસન થોમસની. ૧૨ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ તેઓ અચાનક ગુમ થઈ ગયા. ઘણા દિવસો સુધી તેમનો કોઈ પત્તો ન મળ્યો, પણ છેવટે ૧૭ માર્ચ ૨૦૨૫ના રોજ તેમનો મૃતદેહ મેસેચ્યુસેટ્સમાં મળી આવ્યો. પોલીસને આ મૃત્યુનું કોઈ કારણ ન મળ્યું.આ ઘટના પછી બીજો કિસ્સો ન્યુક્લિયર ફિઝિસિસ્ટ અને રૈના પ્રોફેસર નુનો લુરેઈરોનો આવે છે. ૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ, એટલે કે જેસન થોમસ ગુમ થયા તેના થોડા દિવસો પહેલા જ, તેમના ઘરની બહાર તેમને ગોળી મારી દેવામાં આવી હતી. આ એક સીધો હુમલો હતો.જો આપણે ટાઈમલાઈન જોઈએ તો, આ શ્રેણી ડિસેમ્બર ૨૦૨૪થી શરૂ થઈ અને ૨૦૨૬ સુધી ચાલુ રહી. લોસ એલામોસ નેશનલ લેબોરેટરીના ભૂતપૂર્વ કર્મચારી એન્થની ચાવેઝ ૪ મે ૨૦૨૫ના રોજ ગુમ થઈ ગયા હતા. અને ૨૬ જૂન ૨૦૨૫ના રોજ, એ જ લેબોરેટરીના જ સાયન્ટિસ્ટ મેલિસા કેસિયાસ પણ ગુમ થઈ ગયા. શું આ સંયોગ હોઈ શકે? આ તો શરૂઆત હતી. ૪ જુલાઈ ૨૦૨૫ના રોજ, નાસાની જેટ પ્રોપલ્શન લેબોરેટરીના રિસર્ચર ફ્રેન્ક મેવાલ્ડનું મૃત્યુ થયું. ડિફેન્સ ક્ષેત્રમાં કામ કરતા જેપીએલના કર્મચારી મોનિકા જેસિન્ટો ૨૨ જૂન ૨૦૨૫ના રોજ અચાનક મૃત્યુ પામ્યા હતા. આ પછી, ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ, કાર્લ ગ્રિમેરની ગોળી મારીને હત્યા કરવામાં આવી. આ લોકો બધા જ ઉચ્ચ કક્ષાના સાયન્ટિસ્ટ હતા, જેઓ દેશના સુરક્ષા અને તકનીકી વિકાસ માટે કામ કરતા હતા.અને આ શ્રેણીનો સૌથી તાજો અને ચોંકાવનારો કિસ્સો ૪૮ વર્ષીય સ્ટીવન ગાર્સિયાનો છે. તેઓ એક સરકારી કોન્ટ્રાક્ટર હતા. ૨૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તેઓ ગુમ થઈ ગયા. હવે સવાલ એ છે કે સ્ટીવન કોણ હતા? તેમણે પરમાણુ શસ્ત્રોમાંથી નોન-ન્યુક્લિયર ઉપકરણો બનાવવાનું કામ કર્યું હતું. એટલે કે, તેમનું કામ દેશના સૌથી ગુપ્ત અને સંવેદનશીલ પ્રોજેક્ટ્સ સાથે સંકળાયેલું હતું.છેલ્લે, નાસાની જેટ પ્રોપલ્શન લેબોરેટરીના ફિઝિસિસ્ટના મૃત્યુનો કિસ્સો પણ ઉભરી આવ્યો છે, જેનું મૃત્યુ ૩૦ જુલાઈ ૨૦૨૬ના રોજ થયું હતું, પણ તેમના મૃત્યુનું કારણ હજુ સુધી સમજી શકાયું નથી.હવે આ બધા સાયન્ટિસ્ટ એક જ દેશના છે, લગભગ એક જ સમયગાળામાં મૃત્યુ પામ્યા છે અથવા ગુમ થયા છે, અને તેમનું કામ નાસા, ડિફેન્સ, ન્યુક્લિયર એનર્જી અને પરમાણુ શસ્ત્રો જેવા અત્યંત સંવેદનશીલ ક્ષેત્રો સાથે સંકળાયેલું છે. આ આંકડા જોઈને સામાન્ય માણસના મગજમાં ઘણા સવાલો ઉભા થાય છે.શું આ કોઈ ફોરેન પાવરની ગુપ્ત કાર્યવાહી છે? શું અમેરિકાના ટેક્નોલોજી રહસ્યોને કોઈ ચોરી રહ્યું છે અને આ સાયન્ટિસ્ટ તેના ગવાહો હતા? કે પછી આ કોઈ ખરાબ ટેક્નોલોજી કે એક્સપેરિમેન્ટનું પરિણામ છે? અમેરિકા વિશ્વનું સૌથી શક્તિશાળી રાષ્ટ્ર છે, તેની પાસે દુનિયાની સૌથી મજબૂત ગુપ્તચર એજન્સીઓ છે.

# શિક્ષણને શાળા અને ટ્યુશનની ઈમારતોમાંથી બહાર કાઢવાનો એક માત્ર ઉપાય મુક્ત પરીક્ષા કેન્દ્ર

**વિકાસ અને વિકલ્પ** -ડૉ. નાનક ભટ્ટ

છેલ્લા છ માસ દરમિયાન ગુજરાતના વર્તમાનપત્રોમાં વ્યક્તિગત રીતે શિક્ષક વડોદરામાં વિદ્યાર્થીઓ પર બળજબરી આચરતો, બનાસકાંઠામાં પ્રાથમિક શાળાનાં બાળકોને સોટીથી વીઝી નાખતો, વલસાડમાં એકના ડબલ કરવાની પેરવીમાં સંડોવાયેલો દેખાય છે. તો સામૂહિક રીતે શિક્ષણના ખાનગીકરણ તરફના ઝુકાવ સામે પોતાના 'થોડું કામ અને વધુ વળતર'ના અધિકારને હાનિ પહોંચતી હોઈ સાર્વત્રિક હડતાલનું એલાન કરતા શિક્ષક યુનિયનોની વાત વર્તમાનપત્રોમાં છપાઈ છે. એક વાલી તરીકે આ બધું જોતાં ''શિક્ષક એક આદર્શ'' એવો ભાવ તો અર્થહિન લાગે છે પરંતુ સ્વયં શિક્ષણવ્યવસ્થા બીનઉપયોગી બની રહ્યાનું ભાસે છે.

બદલાતી જતી સામાજિક પરિસ્થિતિના પરીપ્રેક્ષમાં આજના શિક્ષણની સ્થિતિ જોતાં પ્રશ્ન થાય છે કે, આજના શિક્ષણની બેહાલી માટે માત્ર શિક્ષકને શા માટે જવાબદાર ઠેરવવામાં આવે છે? શું શિક્ષણની પ્રક્રિયામાં વાલીઓની જાગૃતિનું મહત્વ નથી? સંચાલક મંડળની નૈતિકતા અગત્યની નથી? સરકારી વ્યવસ્થાતંત્રની સામેલગીરી શુદ્ધ અને સરળ હોય તે જરૂરી નથી? છેવટે વિદ્યાર્થીઓને જે કંઈ અભ્યાસક્રમના નામે કંઠસ્થ કરાવી દેવામાં આવે છે તેમાં જીવન ઉપયોગી હોય તે જરૂરી નથી? શિક્ષણપ્રક્રિયામાં નાગરિક તરીકે આપણા સ્થાનને વિચારીએ તો જણાશે કે ઈમારત તૂટી પડવાના કારણમાં એક ઈંટ તરીકે આપણે જરૂરથી સ્થાનભ્રષ્ટ થયા છીએ.

મેકૉલેની શિક્ષણવ્યવસ્થાના એકમો! તંત્ર, શાળા, અભ્યાસક્રમ, વિદ્યાર્થી અને પરીક્ષા આ પાંચેય પરિબળો, સામાજિક પરિસ્થિતિની માગને અનુરૂપ રહે તે માટે રાજ્ય પ્રયત્ન કરે છે. એકમોના અગત્યતાના ક્રમમાં ફેરબદલી પણ કરે છે. આમ છતાં, સરવાળે શિક્ષણ જગતની સ્થિતિ નિરાશ જણાય છે. ત્યારે હવે મેકૉલે શિક્ષણના પાંચ આધારોમાંથી શક્ય એકમોને સમૂળગા દૂર કરવાનો સમય પાકી ગયાનું જણાય છે.

આ વિચારને સામાજિક વિકાસના સંદર્ભથી તપાસીએ તો, પૂર્વે પેઢી દર પેઢી વચ્ચે સાતત્યની જાળવણી માટે જે રીતરસમો અને સંસ્કારના આદાનપ્રદાનની અનિવાર્યતા હતી તેમાં પછીથી માહિતીની આપલેની પદ્ધતિ ઉમેરતાં શિક્ષણ નામે એક પ્રવાહ અસ્તિત્વમાં આવ્યો. જૂના સમયમાં સમજણ અને જ્ઞાનની આપલેની પદ્ધતિ તો ઘરઘરમાં કાર્યરત હતી જ, પરંતુ આ વિચાર માળખાગત બનતાં તેણે શાળા અભ્યાસક્રમ, યુનિવર્સીટી જેવાં રૂપો ધારણ કર્યા. આઝાદી પહેલાં શિક્ષણને વિકાસનો મુખ્ય આધાર ગણવામાં આવ્યું હતું.સ્વતંત્રતા બાદ સામુહિક એકતા કોઈ એક જ મકસદ રહ્યો નહી અને આઝાદીના ૭૫ વર્ષ દરમિયાન જે રીતે વ્યક્તિલક્ષિતાનો પ્રવાહ ઊભર્યો છે, તે સ્થિતિમાં તો આજે સમાજની જરૂરિયાત નક્કી થાય તે પહેલાં જ પરિસ્થિતિ બદલાઈ જાય છે. આ પ્રવાહિત સ્થિતિ સમયે સામાજિક સુવ્યવસ્થાઓનો દારોમદાર માત્ર શિક્ષણ ઉપર રખાય તે વધુ પડતી અપેક્ષા છે.

પરિસ્થિતિના ઉપાય તરીકે હવે દેશમાં ચાલતાં સેંકડો ઉદ્યોગો અને વ્યાપારી સંકુલો માફક શિક્ષણપ્રક્રિયાને મુક્ત બજાર વચ્ચે મૂકીએ, કે જ્યાં શિક્ષણની ગુણવત્તા મુજબ શિક્ષકને વેતન હોય, શાળાના સંચાલકોની વ્યવસ્થાશકિત આધારે ફીનું ધોરણ નક્કી થાય, વિદ્યાર્થી વ્યક્તિગત ક્ષમતા મુજબ ગમતા વિષયો પસંદ કરે એટલું જ નહી પણ વિદ્યાર્થી પોતાની તૈયારી અનુસાર પરીક્ષાર્થી બની આગળ ચાલે તેવી સુવિધા ઊભી કરવામાં આવે. બજારમાં આવતી ચીજવસ્તુઓને ".જી."ના માર્કાની જરૂર હોય પ્રોડક્ટને નિયત ગુણવત્તા સુધી પહોંચાડવામાં આવે છે, તેમ શાળાઓ માટે પણ બાળકોની સંખ્યા પ્રમાણે નહીં પણ શાળામાં ઉપલબ્ધ સુવિધા અને બાળકોને આપવામાં આવતા કૌશલ્યના આધારે સરકારી અનુદાન અને ફીનું ધોરણ નિયત કરી દેવામાં આવે. શાળાની માન્યતા, શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ભરતી, શાળાનું સંચાલન અને છેક પરીક્ષાના પરિણામ સુધી સરકારી તંત્રની સામેલગીરી આજના શિક્ષણની મર્યાદા છે.

આ પરિસ્થિતિને મહદ્ અંશે દૂર કરી 'સરકાર માત્ર જવાબદાર પરીક્ષા તંત્રનું સંચાલન કરે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.' આ પ્રકારની વ્યવસ્થાના કારણે માર્ચ અને ઑક્ટોબર તેવી પરીક્ષાનો ટૂંકો સમય દૂર થશે. વિદ્યાર્થીઓ પોતાની તૈયારી અનુસાર વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન ગમે તેટલી વખત એક કે તેથી વધુ વિષયની પરીક્ષા આપી શકશે. આ વ્યવસ્થા થકી પરીક્ષામાં વધુ ગુણ મેળવવા માટેની તરકીબો દૂર થશે. સામૂહિક રીતે થતી ચોરી બંધ થશે. સવિશેષ ટ્યુશનની ચૂંગાલમાંથી બાળકો અને વાલીઓ મુક્ત થશે અને એક વર્ષ સુધી જે વિષય ભણ્યા હોઈએ તેમાં જેટલું ગોખી શકાય તે બધું ત્રણ કલાકમાં ઠલવી કાઢવાની મૂર્ખામીભરી પદ્ધતિ દૂર થશે અને છેવટે શિક્ષણ શાળાના ઓરડામાંથી બહાર આવતાં વ્યકિતના ભણતરનું પ્રમાણપત્ર ઉપરાંત તેની આવડતનું મૂલ્ય અંકાશે.

સમાજવાદીઓને આ વિચાર મૂડીવાદી લાગે તે સ્વાભાવિક છે. પરંતુ હાલ જે શાળાઓ પંચાયત અને મ્યુનિસિપલ વ્યવસ્થા સાથે જોડાયેલ છે તેને પ્રયોગથી બાકાત રાખી શકાય. જેથી ગરીબ અને મધ્યમવર્ગના હિતોનું જતન થઈ શકે.શિક્ષણક્ષેત્રે ખાનગી મૂડીરોકાણ વધારવા સામે કેરળની વડી અદાલતે આપેલા ચુકાદા સંબંધે સુપ્રીમ કોર્ટની પુનર્વિચારણા પછી શિક્ષણક્ષેત્રની વર્ગસામાન્યતા અને તેની વિશિષ્ટજરૂરિયાતને અલગ પાડવાનો સમય પાકી ગયો છે. વિદેશોમાં ઘસડાઈ જતા આપણા બુદ્ધિધનને રોકવાનો સમય પાકી ગયો છે. ટ્યુશન આસપાસ કુંઠિત થતા શિક્ષણ માટે વિજ્ઞાનીઓ, ઉદ્યોગપતિઓ અને રાજ્યના નીતિ ઘડનારાઓએ એક મંચ પર ભેગા થઈ પ્રયોગશીલતા અપનાવવાનો સમય પાકી ગયો છે.

વસ્તીના વધતા દબાણ અને મર્યાદિત માળખાકીય સગવડોને સ્વીકારી રાજ્ય સરકાર પોતાનું કાર્યક્ષેત્ર મર્યાદિત નહીં રાખે તો શિક્ષકો અને રાજકીય હેતુઓની સાંઠગાંઠ સરવાળે નુકસાનકર્તા બનશે, તેમાં બીજો મત નથી.

સંગઠિત રહી પોતાનાં હિતો માટે લડતા રહેવું તે સમાજવાદી કાર્યપદ્ધતિની સફળ તરકીબ છે. પરંતુ કોઈ એકાદ જૂથને અલગ તારવી તેને વિશેષ લાભ આપી સરળ પ્રશસ્તિ મેળવવી તે લોકશાહી રાજયવ્યવસ્થામાં મર્યાદારૂપ બને છે. ભારતીય પ્રજાતંત્રમાં સંગઠિત વિકાસ અને રાજકીય નિર્ણયોની સ્વતંત્રતા રહેલી છે તે સારી બાબત છે. પરંતુ તેનો લાભમુઠ્ઠીભર બુદ્ધિજીવીઓ અને ગણ્યાગાંઠ્યા સમૂદાય પૂરતો મર્યાદિત છે, ત્યારે આવી ઘટનાઓ લોકશાહીની પ્રક્રિયાને શિથિલ કરી નાખવા માટે પૂરતી જણાય છે.

# તમને સત્ય ખબર છે, છતાં કોઈ ખોટું કહે ત્યારે?

**વિશેષ**

પૈસા સાચવવાનો અને સંબંધોને વાપરી કાઢવાનો અનોખો સમય ચાલી રહ્યો છે. લોકો હવે પોતાના મિત્રો, પરિવારજનો, સ્નેહીજનો અને સાથીઓનો ઉપયોગ કરવા લાગ્યા છે. પહેલાં લોકો વસ્તુનો ઉપયોગ કરતા અને સંબંધ સાચવી લેતા હતા પણ હવે તો વસ્તુ અને પૈસા અને સંબંધ બધાનો જ ઉપયોગ થવા લાગ્યો છે.

જી બહુત ચાહતા હૈ સચ બોલેં
ક્યા કરેં હૌસલા નહીં હોતા

થોડા સમય પહેલાં જ આ ફાની દુનિયાને અલવિદા કહેનારા ઉત્તમ શાયર અને અદ્વિતિય વ્યક્તિ એવા બશીર બદ્ર સાહેબે સત્ય વિશે ખૂબ જ સુંદર શેર કહ્યો છે. ઉપરોક્ત શેર આ સમાજની, આ દુનિયાના અને માણસજાતની વાસ્તવિકતા બતાવી જાય છે. આપણે સત્યની વાતો કરીએ છીએ પણ ખરેખર ક્યારેય સંપૂર્ણ સત્ય બોલીએ છીએપ નથી જ બોલતાપ ક્યાંક ને ક્યાંક, કોઈ ને કોઈ પ્રસંગે આપણે અસત્ય અથવા તો યુધિષ્ઠિર જેવું અધુરું સત્ય બોલતા હોઈએ છીએ. કોઈ બાબત સાબિત કરવા માટે બોલાતા સત્ય કે અસત્યની વાત નથી. અહીં વાત જીવનના સત્યની થાય છે. આપણે તે સ્વીકારતા નથી, બોલતા નથી અને સમજતા પણ નથી.એક સમય હતો જ્યારે માણસ સંબંધ સાચવી લેવા ગમે તે પ્રયાસ કરતો હતો. પોતાની સાથે જોડાયેલી વ્યક્તિ દુઃખી ન થાય, તેને આઘાત ન લાગે, તેની સાથે વિશ્વાસઘાત ન થાય તેવી સમજ આ સમાજમાં હતી. હવે તો સિન્થેટિક લાગણીઓ અને ડિસ્પોઝેબલ રિલેશન્સ થઈ ગયા છે. દરેક વ્યક્તિ બીજાને વાપરીને ફેંકી દેવાની અથવા તો છેતરવાની વૃત્તિ કે રસ્તા શોધતા જ હોય છે. સ્વાર્થના બજારમાં લાગણીઓનું ચલણ બંધ થઈ ગયું છે. જુઠ્ઠુ બોલવું અને ખોટું કરવું તે સામાન્ય બાબત થઈ ગયા છે. આ વિશે કેટલાક કિસ્સા ખરેખર જાણવા જેવા છે.દર્શન અને દિવ્યેશ બંને એક પાર્ટીમાં મળ્યા હતા. દિવ્યેશ સારો લેખક હતો અને તેની પાસે વિષય અને ભાષાનું વૈવિધ્ય હતું. દર્શન અને તેના મિત્રો ફાઈનાન્સનો ધંધો કરતા હતા. તેણે એક ફિલ્મ બનાવવા માટે દિવ્યેશને ઓફર મૂકી. દિવ્યેશ તેની સાથે જોડાવા રાજી થઈ ગયો. તેણે ફિલ્મનું વનલાઈનર લીધીને દર્શનને બતાવ્યું. તેમણે વિષયની ચર્ચા કરી. ફિલ્મ બનાવવાના વાયદા થવા લાગ્યા. મહિના પછી, બે મહિના પછી, માર્ચ જાય એટલે, નવા વર્ષે કરીએ જેવા ઘણા વાયદા થવા લાગ્યા. તેમાં એકાદ વર્ષ તો એમનેમ નીકળી ગયું. આ દરમિયાન એક વખત દર્શનનો દિવ્યેશ ઉપર ફોન આવ્યો. દિવ્યેશભાઈ તમે ગાંધીનગર રહો છો ત્યાં મારા સાળાને હોસ્પિટલમાં રોકડાની જરૂર પડી છે. હું જુનાગઢ આવ્યો છું તો તમે આપી દેશો. હું તમને ઓનલાઈન ટ્રાન્સફર કરાવી દઈશ. દિવ્યેશે બિચારાએ ભલમનસાઈમાં જઈને પૈસા આપ્યા. તેણે હોસ્પિટલની મદદના નામે ૩૫૦૦૦ની રકમ આપી દીધી. એક અઠવાડિયું થવા આવ્યું પણ દર્શન તરફથી પૈસા પાછા આપવા અંગે કોઈ વાત કરાતી નહીં. દિવ્યેશ ફોન કરે ત્યારે દર્શન વિવિધ બહાના કાઢે. યુપીઆઈ બંધ છે. આજના ટ્રાન્ઝેક્શન પૂરા થઈ ગયા છે. ફોન અચાનક બગડી ગયો છે. આવી રીતે બહાના કાઢીને તેણે એક મહિને ૨૦ હજાર આપ્યા પણ હજી પંદર હજાર લેવાના બાકી હતી.

દિવ્યેશ બિચારો ફિલ્મ કરવાની લાલચે પૈસા માગી શકતો નહોતો. દર્શન ફિલ્મના નામે ઈમોશનલ બ્લેકમેલ કરીને પૈસા આપવાનું ટાળતો હતો. આ સમયે દિવ્યેશને વિચાર આવ્યો કે જે વ્યક્તિ પાસે ૩૫,૦૦૦ જેટલી રકમ નથી તે ૩ કરોડ રોકીને ફિલ્મ કેવી રીતે બનાવશે. તેણે જ્યારે આ વાત દર્શનને મોઢે કહી દીધી ત્યારે તેમની વચ્ચે ઝઘડો થયો અને દર્શને તાત્કાલિક તેને પૈસા આપી દીધા અને ફિલ્મ નથી કરવી કહી દીધું. દિવ્યેશને ખબર જ હતી કે, આનો અંત આવો જ આવવાનો છે. તેને સત્ય ખબર હતી પણ તે દર્શનના અસત્યને પારખતો જતો હતો અને તેનો આનંદ લેતો જતો હતો. હાલમાં સમાજમાં આવું જ ચાલ્યા કરે છે.આપણે પોતાની જાતને હોંશિયાર સાબિત કરવામાં એ ભુલી જઈએ છીએ કે સંબંધોમાં આવી કળા અને કારીગરી જોખમી હોય છે. જો કોઈ વ્યક્તિ એમ કહે કે હું નથી કરતો અથવા નથી કરતી તો તે જુઠ્ઠું બોલે છે અથવા તો દંભી છે. આપણે જીવનમાં ક્યારેક ને ક્યારેક જાણે-અજાણી આવા તરકટ કર્યા જ હોય છે. આમ થવા કે કરવા પાછળ ઘણા કારણો જવાબદાર છે. ક્યારે પૈસા કે કોઈ વસ્તુ માટે થયેલો અનુભવ આપણને આમ કરવા પ્રેરતો હોય તે સ્વાભાવિક છે. આપણે બીજી વખત સતર્ક થઈ જ જઈએ. જ્યારે કોઈને મદદ કરવાની આવે અથવા તો મદદ માટે માત્ર ભલામણ કરવાની આવે ત્યારે પણ જો ગલ્લાંતલ્લાં જ કરવામાં આવે તો તે ખોટું છે. સામેની વ્યક્તિ નિષ્ઠાથી તમારી આશાએ સ્વપ્ન સેવતી હોય અને તમે માત્ર વાયદાની વાતો કર્યા કરો તો આવા સંબંધો ક્યાં સુધી ખેંચી શકાય.સહકર્મી કે પડોશી હોય તો સંબંધ તો ટકી જશે પણ તેમાં રહેલી ઉષ્મા, આત્મિયતા, લાગણી અને ખાસ કરીને વિશ્વાસ ધીમે ધીમે ભુંસાતા જશે. જ્યારે સંબંધોમાં વિશ્વાસ અને લાગણી ભુંસાવા લાગે ત્યારે સમજવું કે આ સંબંધ લાંબુ નહીં ટકે. કેન્સરના રોગીની જેમ ધીમે ધીમે તેના પ્રાણ નીકળી જશે.

# હાઈડ્રોજન ઊર્જા : સ્વચ્છ ઊર્જાનો નવો યુગ

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

વિશ્વમાં ઔદ્યોગિક ક્રાંતિ પછી ઊર્જાની માંગ સતત વધી રહી છે. કોલસો, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ જેવા અશ્મિભૂત ઈંધણોએ માનવ વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી છે, પરંતુ તેના કારણે કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન વધ્યું છે, જે વૈશ્વિક તાપમાન, આબોહવા પરિવર્તન અને પર્યાવરણના ગંભીર પ્રશ્નોનું મુખ્ય કારણ બન્યું છે. તેથી આજે સમગ્ર વિશ્વ સ્વચ્છ, ટકાઉ અને ભવિષ્યલક્ષી ઊર્જા સ્ત્રોતોની શોધમાં છે. આ શોધમાં હાઈડ્રોજન ઊર્જા સૌથી આશાસ્પદ વિકલ્પ તરીકે સામે આવી છે.

> **ગ્રીન હાઈડ્રોજન એટલે આ એવો વાયુ નથી કે જેનો રંગ લીલો હોય પરંતુ હાઈડ્રોજનનો ઉપયોગ કરવાથી પ્રદૂષણનો ઘટાડો થાય છે અને પર્યાવરણનું જતન થતું હોવાથી હાઈડ્રોજનનો ઉર્જા તરીકે ના ઉપયોગને ગ્રીન હાઈડ્રોજન કહેવામાં આવે છે**

હાઈડ્રોજન માંથી ઊર્જા મેળવવાની પ્રક્રિયા ખૂબ જ રસપ્રદ છે. પાણીમાં રહેલા હાઈડ્રોજનને અલગ કરીને તેને ફ્યુઅલ સેલમાં ઓક્સિજન સાથે ભેળવવામાં આવે છે. આ રાસાયણિક પ્રક્રિયા દરમિયાન વીજળી ઉત્પન્ન થાય છે અને તેની આડપેદાશ તરીકે માત્ર પાણી અને ઉષ્મા મળે છે. એટલે કે આ પ્રક્રિયામાં કાર્બન ડાયોક્સાઈડ જેવા પ્રદૂષક વાયુઓનું ઉત્સર્જન થતું નથી. બીજી તરફ હાઈડ્રોજનને બળતણ તરીકે સળગાવીને પણ ગરમી અને ઊર્જા મેળવી શકાય છે. જો હાઈડ્રોજનનું ઉત્પાદન સૂર્ય, પવન અથવા જળવિદ્યુત જેવી નવીનીકરણીય ઊર્જાથી કરવામાં આવે તો તેને ગ્રીન હાઈડ્રોજન કહેવામાં આવે છે, જે ભવિષ્યનું સૌથી સ્વચ્છ ઈંધણ માનવામાં આવે છે.હાઈડ્રોજન બ્રહ્માંડમાં સૌથી વધુ પ્રમાણમાં મળતું તત્ત્વ છે, પરંતુ પૃથ્વી પર તે શુદ્ધ સ્વરૂપમાં બહુ ઓછું મળે છે. તે પાણી અથવા અન્ય રાસાયણિક સંયોજનોમાં બંધાયેલું હોય છે. તેથી ઉપયોગ માટે પહેલા તેને અલગ કરવું પડે છે. આ પ્રક્રિયામાં અત્યાર સુધી સૌથી મોટી મુશ્કેલી એ હતી કે હાઈડ્રોજન બનાવવા માટે ઘણી ઊર્જા ખર્ચાતી હતી. પરિણામે તેનું ઉત્પાદન મોંઘું પડતું હતું અને તેની વ્યાપક સ્વીકાર્યતા મર્યાદિત રહી હતી.

તાજેતરમાં વૈજ્ઞાનિકોએ આ ક્ષેત્રમાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. જર્મનીના સંશોધકોએ એવી અદ્યતન પદ્ધતિ વિકસાવી છે જેમાં સૂર્યપ્રકાશનો ઉપયોગ કરીને સીધા પાણીમાંથી હાઈડ્રોજન ઉત્પન્ન કરી શકાય છે. આ નવી પદ્ધતિમાં લગભગ ૩૧.૩ ટકા કાર્યક્ષમતા પ્રાપ્ત થઈ છે, જે અત્યાર સુધીના શ્રેષ્ઠ પરિણામોમાંથી એક ગણાય છે. આ સફળતા માત્ર વૈજ્ઞાનિક સિદ્ધિ નથી, પરંતુ સમગ્ર ઊર્જા ક્ષેત્ર માટે આશાનો નવો કિરણ છે.

આ નવી તકનીકની વિશેષતા એ છે કે તેમાં સૂર્યપ્રકાશને પહેલા વીજળીમાં અને પછી વીજળીને હાઈડ્રોજનમાં રૂપાંતરિત કરવાની જરૂર રહેતી નથી. સીધા જ સૂર્યપ્રકાશથી પાણીનું વિભાજન કરીને હાઈડ્રોજન મેળવવામાં આવે છે. આ કારણે ઊર્જાનું નુકસાન ઓછું થાય છે, ઉત્પાદન ખર્ચ ઘટે છે અને સમગ્ર પ્રક્રિયા વધુ કાર્યક્ષમ બને છે. જો આ ટેકનોલોજી વ્યાપારી સ્તરે સફળતાપૂર્વક અમલમાં આવશે તો ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન વધુ સરળ અને સસ્તું બની શકે છે.હાઈડ્રોજનને ભવિષ્યનું ઈંધણ કહેવાનું મુખ્ય કારણ તેની બહુમુખી ઉપયોગિતા છે. વીજળી ઉત્પાદન ઉપરાંત તેનો ઉપયોગ સ્ટીલ ઉદ્યોગ, ખાતર ઉત્પાદન, રિફાઈનરી, રસાયણ ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ તેમજ ભારે વાહનોમાં થઈ શકે છે. લાંબા અંતરના ટ્રકો, જહાજો અને ભવિષ્યમાં વિમાનો માટે પણ હાઈડ્રોજન એક અસરકારક વિકલ્પ બની શકે છે. જ્યાં બેટરી ટેકનોલોજી મર્યાદિત સાબિત થાય છે ત્યાં હાઈડ્રોજન વધુ ઉપયોગી બની શકે છે.આજે વિશ્વના મોટા ભાગના દેશોએ કાર્બન ઉત્સર્જન ઘટાડવાના લક્ષ્યાંકો નક્કી કર્યા છે. તે હાંસલ કરવા માટે હાઈડ્રોજન મહત્વપૂર્ણ સાધન બની શકે છે.

યુરોપિયન દેશો, અમેરિકા, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા અને ચીન જેવા દેશો ગ્રીન હાઈડ્રોજનમાં મોટા પ્રમાણમાં રોકાણ કરી રહ્યા છે. અનેક દેશોએ હાઈડ્રોજન ઉત્પાદન માટે વિશેષ નીતિઓ બનાવી છે અને ખાનગી ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું છે.ભારત પણ આ ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. દેશે રાષ્ટ્રીય ગ્રીન હાઈડ્રોજન મિશનની જાહેરાત કરીને વિશ્વ સમક્ષ પોતાની દિશા સ્પષ્ટ કરી છે. ભારત પાસે વર્ષભર પૂરતો સૂર્યપ્રકાશ, વિશાળ જમીન અને પવન ઊર્જાની સારી સંભાવનાઓ છે. આ કારણે ભારત ઓછા ખર્ચે ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરી શકે તેવી સંભાવના ધરાવે છે. ભવિષ્યમાં ભારત માત્ર પોતાની જરૂરિયાત જ નહી પરંતુ અન્ય દેશોને પણ ગ્રીન હાઈડ્રોજનની નિકાસ કરી શકે છે.તેમ છતાં પડકારો હજુ પણ ઓછા નથી. હાઈડ્રોજનનું ઉત્પાદન મોંઘું છે. તેને સંગ્રહિત કરવા માટે અત્યંત ઊંચા દબાણવાળી ટાંકીઓ અથવા અત્યંત નીચા તાપમાને પ્રવાહી સ્વરૂપમાં રાખવાની જરૂર પડે છે. તેનું પરિવહન પણ ખર્ચાળ છે. ઉપરાંત હાઈડ્રોજન અત્યંત જ્વલનશીલ હોવાથી સલામતીના વિશેષ ધોરણો અપનાવવા પડે છે. આ તમામ બાબતોને કારણે હાઈડ્રોજન અર્થતંત્રને વ્યાપક બનાવવા માટે મોટા પ્રમાણમાં રોકાણ અને આધુનિક માળખાકીય સુવિધાઓ જરૂરી બનશે.વિશ્વના ઘણા નિષ્ણાતો માને છે કે હાઈડ્રોજન દરેક ક્ષેત્રમાં બેટરીનું સ્થાન નહી લે. જ્યાં સીધી વીજળીનો ઉપયોગ સરળ અને સસ્તો હોય ત્યાં બેટરી વધુ કાર્યક્ષમ રહેશે. પરંતુ સ્ટીલ ઉત્પાદન, ભારે પરિવહન, જહાજરાણી અને લાંબા ગાળાના ઊર્જા સંગ્રહ જેવા ક્ષેત્રોમાં હાઈડ્રોજન અનિવાર્ય બની શકે છે. એટલે ભવિષ્યમાં બેટરી અને હાઈડ્રોજન બંને ટેકનોલોજી એકબીજાની પૂરક તરીકે કાર્ય કરશે.




વૈજ્ઞાનિક સંશોધન સતત આગળ વધી રહ્યું છે. નવા પ્રકારના ઉત્પ્રેરકો, વધુ કાર્યક્ષમ ફ્યુઅલ સેલ, ઓછા ખર્ચના ઈલેક્ટ્રોલાઈઝર અને વધુ સુરક્ષિત સંગ્રહ પદ્ધતિઓ વિકસાવવામાં આવી રહી છે. દરેક નવી શોધ હાઈડ્રોજનને વધુ સસ્તું અને વ્યવહારુ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. જો આ ગતિ જળવાઈ રહેશે તો આગામી દાયકામાં ગ્રીન હાઈડ્રોજન ઊર્જા ક્ષેત્રમાં મોટો પરિવર્તન લાવી શકે છે.પર્યાવરણના દૃષ્ટિકોણથી પણ હાઈડ્રોજન અત્યંત મહત્વપૂર્ણ છે. કોલસો અને પેટ્રોલિયમના વધતા ઉપયોગને કારણે હવાપ્રદૂષણ, એસિડ વરસાદ અને વૈશ્વિક તાપમાનમાં વધારો થયો છે. ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ વધશે તો કાર્બન ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો થશે. આબોહવા પરિવર્તનની અસર ઓછી કરવામાં પણ તેની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે.આર્થિક દૃષ્ટિએ પણ હાઈડ્રોજન નવી તકો ઊભી કરી શકે છે. નવા ઉદ્યોગો, સંશોધન કેન્દ્રો અને ઉત્પાદન એકમો સ્થાપિત થશે. લાખો લોકોને રોજગારીની નવી તકો મળશે. જે દેશો આજે ગ્રીન હાઈડ્રોજન ટેકનોલોજીમાં આગળ રહેશે તેઓ આવનારા સમયમાં વૈશ્વિક ઊર્જા બજારમાં આગેવાની મેળવી શકે છે.આ લેખમાં વપરાયેલા અઘરા શબ્દોની સરળ સમજૂતી નીચે મુજબ છે.ગ્રીન હાઈડ્રોજન એટલે સૂર્ય અથવા પવન જેવી સ્વચ્છ ઊર્જાથી બનાવવામાં આવતો હાઈડ્રોજન.ફ્યુઅલ સેલ એટલે હાઈડ્રોજન અને ઓક્સિજનની પ્રક્રિયાથી સીધી વીજળી ઉત્પન્ન કરતું સાધન.ઈલેક્ટ્રોલાઈઝર એટલે વીજળીની મદદથી પાણીને હાઈડ્રોજન અને ઓક્સિજનમાં અલગ કરતું ઉપકરણ.કાર્યક્ષમતા (Efficiency) એટલે ઓછા ખર્ચે અથવા ઓછી ઊર્જાથી વધુ પરિણામ મેળવવાની ક્ષમતા.

ઉત્પ્રેરક (Catalyst) એટલે એવી સામગ્રી જે રાસાયણિક પ્રક્રિયાને ઝડપી બનાવે પરંતુ પોતે ખર્ચાતી નથી.ડીકાર્બનાઈઝેશન એટલે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવાની પ્રક્રિયા.અંતમાં કહી શકાય કે હાઈડ્રોજન માત્ર એક વૈકલ્પિક ઈંધણ નથી, પરંતુ વિશ્વની ઊર્જા વ્યવસ્થાને નવી દિશા આપવાની ક્ષમતા ધરાવતું માધ્યમ છે. તાજેતરમાં કાર્યક્ષમતામાં થયેલી નોંધપાત્ર પ્રગતિએ સાબિત કર્યું છે કે વૈજ્ઞાનિક સંશોધન અસંભવ લાગતા પડકારોને પણ શક્ય બનાવી શકે છે. જો સરકારો, વૈજ્ઞાનિકો અને ઉદ્યોગો મળીને આ ક્ષેત્રમાં સતત રોકાણ અને સંશોધન કરશે તો આવનારા વર્ષોમાં ગ્રીન હાઈડ્રોજન ઊર્જા સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ અને આર્થિક વિકાસનો મજબૂત આધારસ્તંભ બની શકે છે. સ્વચ્છ, હરિયાળું અને ટકાઉ ભવિષ્ય સર્જવામાં હાઈડ્રોજન ઊર્જાની ભૂમિકા નિશ્ચિતપણે ઐતિહાસિક સાબિત થશે.

# મહિલા ટી-૨૦ ટુર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયા ૭મી વખત ચેમ્પિયન

## ઓસ્ટ્રેલિયાએ ફરી એકવાર ક્રિકેટ જગતમાં પોતાનું આધિપત્ય સાબિત કર્યું : ઈંગ્લેન્ડને ૭ વિકેટે કરારી હાર આપીને ટ્રોફી પોતાના નામે કરી



નવી દિલ્હી,

ICC વિમેન્સ_૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના રોમાંચક ફાઈનલ મુકાબલામાં ઓસ્ટ્રેલિયાએ ફરી એકવાર ક્રિકેટ જગતમાં પોતાનું આધિપત્ય સાબિત કર્યું છે. લંડનના ઐતિહાસિક લોર્ડ્સ મેદાન પર રવિવારે રમાયેલી ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને ૭ વિકેટે કરારી હાર આપીને ટ્રોફી પોતાના નામે કરી લીધી છે. ઈંગ્લેન્ડે આપેલા ૧૫૧ રનના ટાર્ગેટને ઓસ્ટ્રેલિયાની ટીમે માત્ર ૧૭.૧ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને આસાનીથી હાંસલ કરી લીધો હતો. સોફી મોલિનક્સની કપ્તાની હેઠળની કાંગારૂ ટીમે આ સમગ્ર ટૂર્નામેન્ટમાં એક પણ મેચ ગુમાવી નથી, જે તેમના મજબૂત ફોર્મને દર્શાવે છે.

મહિલા ટી૨૦ ક્રિકેટના ઈતિહાસમાં ઓસ્ટ્રેલિયાની ટીમ સૌથી સફળ ટીમ રહી છે અને આ વર્ષે જીત સાથે તેમણે રેકોર્ડ ૭મી વખત આ ખિતાબ જીત્યો છે. આ પહેલા ઓસ્ટ્રેલિયન ટીમ ૨૦૧૦, ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૮, ૨૦૨૦ અને ૨૦૨૩માં પણ વર્લ્ડ ચેમ્પિયન બની ચૂકી છે. ઓસ્ટ્રેલિયા સિવાય અન્ય ટીમોની વાત કરીએ તો ઈંગ્લેન્ડ (૨૦૦૯), વેસ્ટઈન્ડીઝ (૨૦૧૬) અને ન્યૂઝીલેન્ડ (૨૦૨૪) માત્ર એક-એક વાર જ આ ટ્રોફી જીતવામાં સફળ રહ્યા છે.૧૫૧ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની શરૂઆત નબળી રહી હતી અને બીજી જ ઓવરમાં ઓપનર જોર્જિયા વોલ આઉટ થઈ ગઈ હતી. જોકે, ત્યારબાદ ફોએબે લિચફિલ્ડ અને વિકેટકીપર બેટર બેથ મૂનીએ શાનદાર વાપસી કરાવી હતી. આ બંને વચ્ચે બીજી વિકેટ માટે ૧૦૦ રનની મેચ વિનિંગ ભાગીદારી થઈ હતી, જેણે ઈંગ્લેન્ડની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું.

લિચફિલ્ડે ૩૫ બોલમાં ૬ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ધમાકેદાર ૪૮ રન બનાવ્યા હતા. જ્યારે બેથ મૂનીએ ૪૯ બોલમાં ૧૦ ચોગ્ગા ફટકારીને ૬૪ રનનું મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. આ બંનેના આઉટ થયા બાદ એલિસ પેરી (અણનમ ૧૩) અને એશ્લે ગાર્ડનર (અણનમ ૩)ની જોડીએ ટીમની જીત સુનિશ્ચિત કરી હતી. ઈંગ્લેન્ડ તરફથી ચાર્લોટ ડીન, સોફી એક્લેસ્ટોન અને લોરેન બેલે ૧-૧ વિકેટ ઝડપી હતી.ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૧૫૦ રન જ બનાવી શકી હતી. ઈંગ્લેન્ડ માટે કેપ્ટન નેટ સાઈવર-બ્રન્ટે સૌથી વધુ ૫૩ બોલમાં ૫ ચોગ્ગા સાથે અણનમ ૫૮ રનની શાનદાર ઈનિંગ રમી હતી.

# બ્રાઝિલના સ્ટાર અને વિશ્વના દિગ્ગજ ફૂટબોલર નેમારે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી લીધી નિવૃત્તિ



બ્રાઝિલ,

બ્રાઝિલના સ્ટાર અને વિશ્વના દિગ્ગજ ફૂટબોલર નેમારે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી સંન્યાસની જાહેરાત કરીને કરોડો ચાહકોને આંચકો આપ્યો છે. ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ ના રાઉન્ડ ઓફ-૧૬ મુકાબલામાં નોર્વે સામે બ્રાઝિલનો ૨-૧ થી પરાજય થયો હતો, જેની સાથે જ બ્રાઝિલનું વર્લ્ડ કપ જીતવાનું સપનું રોળાઈ ગયું હતું. આ શરમજનક હાર બાદ ૩૪ વર્ષીય નેમારે ભારે હૈયે આંતરરાષ્ટ્રીય સ્તરેથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી. મેચ બાદ ભાવુક થયેલા નેમારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, "મેં મારી પૂરેપૂરી કોશિશ કરી. મારો પ્રવાસ જ્યાંથી શરૂ થયો હતો, આજે ત્યાં જ પૂરો થઈ ગયો છે. હવે બધું સમાપ્ત થઈ ગયું છે."નેમારના આ આખરી મુકાબલામાં એક અદભુત સંયોગ પણ જોવા મળ્યો હતો. તેમણે ૯ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ અમેરિકા સામે 'મેટલાઈફ સ્ટેડિયમ' ખાતે પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ રમીને કરિયરની શરૂઆત કરી હતી. લગભગ ૧૬ વર્ષ બાદ, બ્રાઝિલની જર્સીમાં તેમણે પોતાની છેલ્લી મેચ પણ આ જ સ્ટેડિયમમાં રમીને ફૂટબોલ જગતને અલવિદા કહ્યું હતું. પોતાની છેલ્લી મેચમાં નેમાર જમણા પગની પિંડલી (રાઈટ કાફ) ની ઈજાના કારણે શરૂઆતની પ્લેઈંગ ૧૧માં સામેલ નહોતા. જોકે, તેઓ બેન્ચ પરથી મેદાનમાં આવ્યા હતા અને મેચની છેલ્લી મિનિટોમાં પેનલ્ટી દ્વારા શાનદાર ગોલ પણ કર્યો હતો, પરંતુ તે બ્રાઝિલને હારથી બચાવી શક્યો નહોતો.

# વૈભવ સૂર્યવંશીને આરામ આપવાના બદલે સતત રમાડવો જોઈએ : એલ.શિવરામકૃષ્ણન



નવી દિલ્હી,

ભારતના ભૂતપૂર્વ લેગ-સ્પિનર એલ શિવરામકૃષ્ણનનું માનવું છે કે ૧૫ વર્ષીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને આરામ આપવાને બદલે સતત રમવાની તક આપવી જોઈએ જેનાથી તે વિવિધ પરિસ્થિતિઓમાં અનુભવ મેળવી શકે અને તેની ભૂલોમાંથી શીખી શકે.

માન્ચેસ્ટરમાં ઈંગ્લેન્ડ સામેની બીજી ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ૧૫ વર્ષ અને ૯૯ દિવસની ઉંમરે સૌથી નાની ઉંમરે ડેબ્યૂ કરનાર સૂર્યવંશીએ પોતાની પહેલી મેચમાં ૧૦ બોલમાં બે છગ્ગા ફટકારીને ૧૪ રન ફટકાર્યા હતા. ૧૯૮૩માં વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૭ વર્ષની ઉંમરે ટેસ્ટ ડેબ્યૂ કરનાર શિવરામકૃષ્ણનનું માનવું છે કે ટીમ મેનેજમેન્ટે સૂર્યવંશીમાં વિશ્વાસ દર્શાવ્યો હોવાથી તેને પૂરતી તકો આપવી જોઈએ.શિવરામકૃષ્ણને કહ્યું હતું કે, "તેને મર્યાદિત ઓવરના ક્રિકેટમાં સતત તકો મળવી જોઈએ. ટીમમાં એક યુવા ખેલાડીનો સમાવેશ કરવાનો અને પછી તેને આરામ આપવાનો કોઈ અર્થ નથી. તેને હવે આરામની જરૂર નથી. તેણે આખું વર્ષ રમવું જોઈએ. એક બેટ્સમેન તરીકે તેને બોલરો જેવા જ ફિટનેસ મેનેજમેન્ટની જરૂર નહી પડે. લાંબા સમય સુધી બેટિંગ કરવાથી તેની એકાગ્રતા અને માનસિક શક્તિમાં પણ સુધારો થશે," તેમણે કહ્યું હતું કે "એકવાર તમે તેને ટીમમાં સામેલ કરવાનો નિર્ણય લો પછી તમારે તેને દરેક તક આપવી જોઈએ. તે આગામી ૨૦ વર્ષ માટે ભારતીય ક્રિકેટમાં રોકાણ છે. સૂર્યવંશીને અત્યારે સૌથી વધુ જેની જરૂર છે તે છે મુખ્ય કોચ ગૌતમ ગંભીર, કેપ્ટન શ્રેયસ ઐયર અને બાકીના ટીમના સમર્થનની. ભલે શરૂઆતની કેટલીક મેચોમાં તેનું પ્રદર્શન અપેક્ષાઓ પર ખરું ન ઉતરે, છતાં પણ તેને સંપૂર્ણ સમર્થન અને સતત તકો આપવી જોઈએ.વધુમાં ભૂતપૂર્વ લેગ-સ્પિનરે કહ્યું હતું કે "હું ઈચ્છું છું કે તેને યોગ્ય રીતે માર્ગદર્શન આપવામાં આવે અને સંપૂર્ણ સમર્થન આપવામાં આવે.

# ભારત સામેની ૭૬ રનની ઈનિંગ કારકિર્દીની શ્રેષ્ઠ ઈનિંગ : જેકબ બેથેલ



માન્ચેસ્ટર,

ઈંગ્લેન્ડના બેટ્સમેન જેકબ બેથેલે ભારત સામેની બીજી ટી૨૦ મેચમાં અણનમ ૭૬ રનની ઈનિંગને પોતાના કરિયરની શ્રેષ્ઠ ઈનિંગ ગણાવતા કહ્યું કે તે ખાસ હતી કારણ કે તેનાથી ટીમને વિજય મળ્યો હતો. ૨૨ વર્ષીય બેથેલે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારી છે. આ વર્ષે ટી૨૦ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં ભારત સામે તેની એકમાત્ર ટી૨૦ સદી ફટકારી હતી, જેમાં ઈંગ્લેન્ડ સાત રનથી હારી ગયું હતું.

શનિવારે બેથેલે આક્રમક ઈનિંગ રમી અને અણનમ ૭૬ રન ફટકારીને ઈંગ્લેન્ડને ૧૯૧ રનના લક્ષ્યાંકનો પીછો કરવામાં અને ચાર વિકેટથી જીત અપાવવામાં મદદ કરી હતી. આનાથી યજમાન ટીમને પાંચ મેચની શ્રેણીમાં ૧-૦ લીડ મળી હતી. જ્યારે ઈનિંગ વિશે પૂછવામાં આવતા બેથેલે કહ્યું, "હું તેને ટોચની નજીક રાખીશ." એક બેટ્સમેન તરીકે જીત સાથે અણનમ પાછા ફરવું અને મારા સાથી ખેલાડીઓ સાથે હાથ મિલાવવા કરતાં વધુ સારું કંઈ નથી. મેં થોડી સદી ફટકારી છે પરંતુ તેમાંથી ફક્ત એક જ મેચમાં જીત મળી છે. અમે ઓસ્ટ્રેલિયા અને ભારતમાં હારી ગયા હતા, તેથી તે મેચો પછી હું હંમેશા વિચારતો હતો હું બીજું શું કરી શકું?બેથેલે કહ્યું હતું કે, "પરંતુ આજે હું ખૂબ ખુશ છું. અમે શ્રેણીમાં ૧-૦ થી આગળ છીએ. ભારત સામેની પાછલી હારથી મને થોડું દુઃખ થયું હતું તેથી તેને દૂર કરવાનું સારું લાગ્યું. આનાથી મને છેલ્લી ત્રણ મેચો માટે ઘણો આત્મવિશ્વાસ મળ્યો છે."બેથેલે કહ્યું હતું કે, "આવા લક્ષ્યનો પીછો કરતી વખતે તમે હંમેશા આક્રમક રીતે રમતા નથી. તે ફક્ત મોટી ઓવરોમાં રન બનાવવા વિશે છે અને પછી મેચ બદલાઈ જાય છે."

# ૫૦૦ બાળકોના હૃદયની મફત સર્જરી કરવામાં આવી વિજય દેવેરાકોન્ડાએ હોસ્પિટલની મુલાકાત લીધી



હૈદરાબાદ,

તેલંગાણાના સિદ્દીપેટ જિલ્લામાં સ્થિત શ્રી સત્ય સાંઈ સંજીવની હોસ્પિટલે એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. હોસ્પિટલે જરૂરિયાતમંદ બાળકો માટે ૫૦૦ મફત હૃદયની સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

વિજય દેવરકોંડા અને રશ્મિકા મંડન્ના, જે વાસ્તવિક જીવનમાં પતિ-પત્ની છે, તેઓ 'રાણાબલી' ફિલ્મમાં જોવા મળશે. વિજય અને રશ્મિકા અભિનીત 'રાણાબલી' રાહુલ સાંકૃત્યન દ્વારા દિગ્દર્શિત છે. તે રાયલસીમાના ઈતિહાસથી પ્રેરિત એક ઐતિહાસિક ડ્રામા ફિલ્મ છે. વિજય દેવરકોંડા 'રાણાબલી'નું પાત્ર ભજવશે અને રશ્મિકા મંડન્ના 'જયમ્મા'નું પાત્ર ભજવશે. આ ફિલ્મ ૧૧ સપ્ટેમ્બરે વિશ્વભરમાં રિલીઝ થવાની ધારણા છે.

# આમિર ખાને ખાસ આમંત્રિતોની હાજરીમાં ગૌરી સાથે કર્યા ત્રીજા લગ્ન



મુંબઈ,

બોલિવૂડના સુપરસ્ટાર આમિર ખાન ત્રીજા લગ્ન કર્યા છે. મુંબઈમાં પોતાના ઘરે પોતાના પરિવારજનોની હાજરીમાં કોર્ટ મેરેજ કર્યા છે. એક બૂકમાં સાઈન કરતા હોય એવી તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ પ્રસંગે ખાસ મહેમાનોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. દર વખતની જેમ આ વખતે પણ આમિરે સાદગીથી લગ્ન કર્યા છે. મુંબઈના બાંદ્રામાં આવેલા પોતાના ઘરે ત્રીજા લગ્ન કર્યા છે. પોતાની એક સમયની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે કોર્ટ મેરેજ કર્યા છા.આ પ્રસંગે ફિલ્મજગતની જાણીતી હસ્તી અને કેટલાક કદાવર રાજનેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. શનિવારે ભારે વરસાદના માહોલમાં પણ એમના ઘરને સુંદરી રીતે ડેકોરેટ કરવામાં આવ્યું હતું. સાંજના સમયે મસ્ત રોશની કરવામાં આવી હતી. ૬૦ વર્ષની ઉંમરે આમિરે આ ત્રીજા લગ્ન કર્યા છે.

પહેલા લગ્નથી બે સંતાનો આમિરના પહેલા લગ્ન વર્ષ ૧૯૮૬માં રીના દત્તા સાથે થયા હતા. ૧૬ વર્ષ સુધી એમની સાથે સંસાર માણ્યા બાદ વર્ષ ૨૦૦૨માં છૂટા થઈ ગયા હતા. આ લગ્નથી આમિરના બે સંતાનો થયા. જુનૈદ અને આયરા. જુનૈદ હાલ ફિલ્મ ક્ષેત્રે એક્ટિવ છે. જ્યારા આયરા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએંસર છે. થોડા સમય પહેલા તેણે પણ નૂપુર શિખરે સાથે લગ્ન કર્યા હતા. વર્ષ ૨૦૦૫માં આમિરે બીજા લગ્ન કિરણ રાવ સાથે કર્યા હતા. ૧૫ વર્ષ સુધી કિરણ સાથે એનો સંસાર ચાલ્યો, વર્ષ ૨૦૨૧માં બન્ને એકબીજાની સહમતીથી છૂટા થઈ ગયા અને હવે આમિરે ત્રીજા લગ્ન કર્યા છે. કિરણ સાથે લગ્ન બાદ આઝાદ જન્મ થયો હતો. સૌથી મોટી અને ખાસવાત એ છે કે, બંન્ને એક્સ વાઈફ વચ્ચે ખૂબ સારૂ એવું ટ્યુનિંગ હજું સુધી કાયમ છે. બન્ને ઘણીવાર કોઈ ઈવેન્ટમાં સાથે જોવા મળે છે. ત્રીજા લગ્નમાં આમિરને ત્યાં ખાસ કોઈ સેલેબ્સનો જમાવડો ન હતો પણ દીકરી અને જમાઈ અવશ્ય આવ્યા હતા.

દીકરો જુનૈદ પણ પિતાના લગ્નમાં પહોંચ્યો હતો. આ લગ્ન પ્રસંગે આમિર ખાનની દીકરી આયરા પણ ઉત્સાહ સાથે આવી હતી. આ ઉપરાંત ક્રિકેટર ઈરફાન પઠાણ પણ જોડાયા હતા. સ્વજી પ્રમુખ રાજ ઠાકરે પણ આ લગ્નમાં જોડાયા હતા. જાણીતા એક્ટર અમીન હાજી પણ જોવા મળ્યા હતા. છેલ્લા કેટલાક સમથી ગૌરી અને આમિર ઘણીવાર એકસાથે જોવા મળ્યા હતા. બન્નેની રિલેશનશીપને લઈને પણ જોરશોરથી ચર્ચા શરૂ થઈ હતી. એ પછી આમિરે ખુદ ગર્લફ્રેન્ડ સાથે પોતાની રિલેશનશીપને લઈને વાત જાહેર કરી હતી. ગૌરી એક બિઝનેસ વુમન છે. આમિરના આ લગ્નના ફોટો પણ સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહ્યા છે. વર્કફ્રન્ટની વાત કરવામાં આવે તો આમિર આગામી દિવસમાં કોઈ બિગ બજેટ ફિલ્મમાં જોવા મળી શકે છે. લગ્નનો પ્રસંગ પૂરો કરીને તે ફરી કોઈ ફિલ્મ અસાઈમેન્ટ સાઈન કરી શકે છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બં | ણ | બૂ | ૨ | બા | કા | ઇ | બં | અં | ૨ | સ | ચા |
| શિ | ક્ષ | ક | અ | કા | ણે | વિ | જ્ઞા | ન | ણ | શિ | અ |
| ૨ | ણ | કા | કા | રા | મા | ખ | ચી | ૨ | કા | ૨ | હા |
| ૨ | ક | લા | કી | ગ | લી | ધ | દ | દ | ૨ | ૨ | અ: |
| સા | લ | સ | મો | ભો | તી | પ્ર | અં | લ | બં | લી | ગ |
| પ્રા | શિ | જ્ઞા | પ્ર | ત | લી | બા | મા | ધ | વ | રા | ૨ |
| સા | સ | ૨ | ણ | અ | ૨ | દ | ઊ | ડી | ધ | ૨ | ૨ |
| ઉ | ધ | શિ | દ | સા | સ | ૨ | વા | ળો | ઇ | ૨ | ૨ |
| સા | ન | ક્ષ | ખ | સ | ણિ | ૨ | બિ | વિ | ળ | બં | ૨ |
| ધ | પ્રા | ણ | સ | મા | આ | લ | સ | ચા | ૨ | ભો | આ |
| ન | કુ | શિ | ૨ | ઔ | ક | બં | મા | ૨ | ૨ | ત | કા |
| જ | મ | આ | બા | ભો | સ | ગં | બિ | ણા | વા | કા | ફ |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# સોશિયલ મીડિયા પર શનાયા કપૂરના પાર્ટી લુક ફોટોએ ફેન્સને કર્યા ફિદા





મુંબઈ,

સંજય કપૂરની દીકરી શનાયા કપૂરના એકથી એક ચડિયાતા ફોટો સામે આવ્યા છે. આ ફોટો પર ફેન્સ એના વખાણ કરતા થાકતા નથી. સોશિયલ મીડિયા પર એક મોટી ફ્રેન્ડફોલોઈંગ ધરાવે છે. સમયાંતરે પોતાના એકથી એક બેસ્ટ ફોટો મૂકીને તે ફેન્સને અપડેટ આપતી રહે છે. તાજેતરમાં તેણે પોતાની કેટલીક તસવીર શૅર કરી હતી, જેમાં એનો પાર્ટીમૂડ સ્પષ્ટ જોવા મળે છે. શનાયા આ ફોટોમાં તે પિઝા ખાતી જોવા મળી રહી છે. ફોટો પરથી કહી શકાય છે કે, પાર્ટીની તૈયારીઓ થઈ ચૂકી છે અને જલસો શરૂ થવાની રાહ જોવાઈ રહી છે. 'પિઝા ઔર મેરી ગર્લ કે સાથ ટાઈમ.' એવું તેણે કેપ્શન આપ્યું હતું.

શનાયાએ વધુ એક તસવીરમાં તે પોતાની ફ્રેન્ડની ટોળકી સાથે દેખાઈ રહી છે. આ ફોટોમાં ખુશી કપુર પણ જોવા મળી હતી.એક ફેન્સે આ તસવીર પર કોમેન્ટ કરતા કહ્યું કે, ખુશી કપુર બિલકુલ પોતાની માતા શ્રી દેવી જેવી જ દેખાઈ રહી છે. તમામ ફ્રેન્ડ એક ઈથનિક અટાયરમાં જોવા મળે છે. શનાયાએ આ જ આઉટફિટમાં બીજા પણ કેટલાક ફોટો શૅર કર્યા હતા. જેમાં એનો ગ્લેમરસ અંદાજ જોવા મળ્યો હતો. પોતાની આ તસીવર શૅર કરતા પોસ્ટમાં લખ્યું હતું કે, બરસાત વાલે દિન કી ધૂપ જૈસી ચમકો. આ કેપ્શન પર પિતા સંજય કપુરે દિલવાળુ ઈમોજી ડ્રોપ કર્યું હતું. આ સાથે તેમણે નજર ન લાગે એવું સરસ ઈમોજી પણ શૅર કર્યું હતું. શનાયા કપુરના દરેક ફોટો પર ફેન્સ દિલ ખોલીને એના વખાણ કરી રહ્યા છે. એની બ્યૂટીને વધાવી રહ્યા છે. કોમેન્ટ બોક્સ પર ધ્યાન દેતા મોટાભાગની પોસ્ટમાં દિલવાળું ઈમોજી જ જોવા મળી રહ્યું છે.

એક ફેને એવી કોમેન્ટ કરી કે, કોઈ ઈતના ખૂબસુરત કૈસે હો સકતા હૈ? અન્ય એક યુઝરે લખ્યું કે, મેમ તમે ખૂબ જ પ્રિટી લાગી રહ્યા છો.આ ફોટોમાં શનાયાએ ટ્યુબ સિંગલ સ્ટ્રેપ બ્લાઉઝ પહેર્યું હતું. આ સાથે પિંકલ કલરના લેંઘા સાથે પોતાનો લૂક પૂરો કર્યો હતો. એક ક્લોઝઅપ શોટ પોઝમાં ફોટો પોસ્ટમાં પણ તે ખૂબ જ મસ્ત લાગી રહી છે. આ સાથે તેણે પોતાના હાથમાં કલરફૂલ બંગડીઓ પહેરી હતી. આ લૂકમાં તેના વાળ એકદમ સ્ટ્રેટ દેખાઈ રહ્યા છે.

# જામનગરમાં ધો. ૧૨ બોર્ડના પરિણામથી હતાશ થઈ ઘર છોડનાર વિદ્યાર્થીને હેમખેમ મળી આવ્યો

જામનગર : જામનગરના પટેલ કોલોની વિસ્તારના રહેવાસી બારમા ધોરણના એક વિદ્યાર્થીએ પરીક્ષામાં ઓછા ગુણ આવતાં ડિપ્રેશનમાં આવી ઘર છોડી દીધું હતું. જોકે જામનગર પોલીસના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર તથા બેડી મરીન પોલીસ સ્ટેશનની ટિમની સતર્કતા અને સતત કામગીરીના કારણે વિદ્યાર્થીને હેમખેમ શોધી કાઢવામાં સફળતા મળી હતી.

મળતી માહિતી મુજબ પટેલ કોલોની, શેરી નંબર–૫ વિસ્તારમાં રહેતો એક વિદ્યાર્થીએ ગયા વર્ષે બારમા ધોરણની પરીક્ષા આપી હતી, જેમાં તેને અંદાજે ઓછા ગુણ મળ્યા હતા. ત્યારબાદ તેણે પૂરક પરીક્ષા આપી હતી, પરંતુ તેમાં પણ ઓછા ગુણ મળતાં તે ભારે નિરાશામાં સરી પડ્યો હતો.

શુક્રવારર સાંજના સમયે તે પોતાના ઘરે બેડી–રોજી બંદર તરફ જવાનું કહી સાઇકલ લઈને નીકળી ગયો હતો. મોડી રાત સુધી ઘરે પરત નહીં ફરતાં પરિવારજનો ચિંતિત બન્યા હતા અને પોલીસનો સંપર્ક કર્યો હતો.

દરમ્યાન જામનગર પોલીસના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી. બી. સિંગલ તથા પરેશભાઈ ખાણધર સહિતની ટીમે શહેરના બેડી બંદર તરફના કેટલાક સીસીટીવી કેમેરા ચકાસતાં વિદ્યાર્થી



રોજી બંદર તરફ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ બેડી મરીન પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી હતી.

જેથી પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. પીપરોતરના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. ફિરોઝભાઈ દલ ઉપરાંત પોલીસ હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈ વરૂ, કોન્સ્ટેબલ કેતનભાઈ ગાગલીયા, મુસ્તુફા સોતા વગેરે સ્ટાફે આખી રાત સતત શોધખોળ હાથ ધરી હતી. રોજી બંદર વિસ્તાર, દરિયાકાંઠો, મીઠાંના અગર સહિતના અનેક સ્થળોએ તપાસ કરવામાં આવી હતી તેમજ સ્થાનિક લોકોને પણ વિદ્યાર્થી અંગે માહિતી આપવામાં આવી હતી.

આખરે શનિવરર સવારે આશરે સાડા સાત વાગ્યે વિદ્યાર્થી રોજી બંદર નજીકથી હેમખેમ મળી આવ્યો હતો. પોલીસે તેને સાંત્વના આપી બેડી મરીન પોલીસ સ્ટેશન લાવ્યો અને ત્યારબાદ તેના પિતા વિકાસસિંહ ભરતસિંહ જાડેજા અને માતાને જાણ કરી હતી.

પોલીસ મથકે પહોંચેલા માતા-પિતાએ પુત્રને હેમખેમ જોઈ તેને ભેટી પડતાં હાજર સૌની આંખો હર્ષભીની થઈ ગઈ હતી. પોલીસે વિદ્યાર્થીને હિંમત આપી ભવિષ્યમાં આવી રીતે નિરાશ થઈ કોઈ ઉતાવળનું પગલું ન ભરવા સમજાવ્યું હતું. સાથે જ પરિવારને પણ વિદ્યાર્થીને માનસિક સહકાર અને હૂંફ આપવાની સલાહ આપી હતી.

જામનગર પોલીસની સમયસરની કામગીરી અને માનવતાભર્યા અભિગમના કારણે એક પરિવારને મોટી દુર્ઘટનામાંથી બચાવી શકાયો હતો, જેને લઈને પરિવારજનોએ પોલીસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# કાલાવડ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ ૨૨ જુલાઈએ યોજાશે

જામનગર : સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમની રાજ્ય અને જિલ્લા કક્ષાએ મળેલી સફળતા બાદ મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યના નાગરિકોના ગામ કે તાલુકા કક્ષાના પ્રશ્નો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ દર માસે યોજવાનું સૂચન કર્યું છે.

જે અન્વયે, જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા. ૨૨ જુલાઈના રોજ સવારના ૧૧ કલાકથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી કાલાવડ મામલતદારના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી, કાલાવડના મીટીગ હોલમાં યોજવામાં આવશે અરજદારોએ આગામી તા. ૧૫ જુલાઈ સુધીમાં તાલુકા સ્વાગત કાર્યક્રમના મથાળા હેઠળ તેમનો પ્રશ્ન/ અરજી કાલાવડ મામલતદાર અને એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટને પુરતાં પુરાવા સાથે મોકલી આપવાની રહેશે. અરજી મોકલતી વખતે અરજદારોએ આ તમામ બાબતોનું પાલન કરવાનું રહેશે. તાલુકા સ્વાગતમાં અરજી કરતા પહેલાં કોઈપણ અરજદારે ગ્રામ કક્ષાનો પ્રશ્ન હોય તો તે ગ્રામ પંચાયત, તલાટી કમ મંત્રી, ગ્રામસેવકને પ્રથમ અરજી કરેલી હોવી જોઈએ અને તે અરજીની તારીખે અનિર્ણિત રહેલ હોય. તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીશ્રીને પ્રથમ લેખિતમાં રજુઆત કરેલી હોવી જોઈએ અને તે અરજીની તારીખે અનિર્ણિત હોય. આ કાર્યક્રમમાં તાલુકા કક્ષાના અધિકારી ક્ષેત્રમાં આવતા પ્રશ્નોના જ નિર્ણય લઈ શકાય તેવા પ્રશ્નો હોવા જોઈએ. આ કાર્યક્રમમાં અરજદાર જાતે પોતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ આધાર પુરાવા સાથે રજુઆત કરી શકશે. આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે. સામુહિક રજુઆતો કરી શકશે નહી. કાલાવડ તાલુકાના સમગ્ર નાગરિકોએ તાલુકા સ્વાગત કાર્યક્રમનો લાભ લેવા કાલાવડ મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# નાનાગરેડીયા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી





ધ્રોલ : નાના ગરેડીયા શાળા પરિસરમાં એક તરફ નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભ નિમિત્તે 'શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬'નો ઉમંગ જોવા મળ્યો હતો, જ્યાં કિલ્લોલ કરતાં ભૂલકાઓએ શિક્ષણના પ્રથમ પગથિયાં માંડ્યા હતા. તો બીજી તરફ, ગામના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ કાજે પોતાની કિંમતી જમીનનું દાન આપનાર જમીનદાતાનું સમસ્ત ગામ વતી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું

ગામનું ગૌરવ અને ઉદારતાની મૂર્તિ એવા બીજલભાઈ ગોવિંદભાઈ શિયાર દ્વારા નાના ગરેડીયા પ્રાથમિક શાળાના નિર્માણ અને વિસ્તાર માટે પોતાની મૂલ્યવાન જમીન નિઃસ્વાર્થ ભાવે દાનમાં અર્પણ કરવામાં આવી છે. 'વિદ્યાદાન એ જ મહાદાન'ની ઉક્તિને સાર્થક કરતા આ પરમ કલ્યાણકારી કાર્યથી સમગ્ર ગ્રામજનોમાં ખુશી અને ગર્વની લહેર દોડી ગઈ છે. બીજલભાઈએ માત્ર જમીનનો ટુકડો નથી આપ્યો, પરંતુ ગામની આવનારી પેઢીઓ માટે પ્રગતિ અને સફળતાના દ્વાર ખોલી આપ્યા છે. આ પવિત્ર ભૂમિ પર ભણીને જ્યારે ગામના દીકરા-દીકરીઓ દેશ-વિદેશમાં નામ રોશન કરશે, ત્યારે દરેક સફળતાના પાયામાં આ દાનની સુવાસ મહેકશે. - ગ્રામ અગ્રણીઓ આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનો, સમસ્ત ગ્રામજનો, શાળાના આચાર્ય, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ વતી બીજલભાઈ ગોવિંદભાઈ શિયારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી, કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ કોઈએ ઈશ્વર પાસે તેમના દીર્ઘાયુ અને તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી. નવી પેઢીના પ્રવેશના ઉત્સાહ અને દાતાના સન્માનની ભાવુક ક્ષણો સાથે સમગ્ર વાતાવરણ આનંદ અને ગૌરવથી ગુંજી ઉઠ્યું હતું.

# જામનગરના પંચકોશી "બી" ડિવિઝન વિસ્તારમાં ગુમ થયેલ મોબાઈલ શોધી પરત કર્યા

જામનગર : જામનગર જિલ્લામાં ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી મૂળ માલિકોને પરત આપવા માટે જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવી મોહન સૈની દ્વારા સૂચનાઓના અનુસંધાને પંચકોશી "બી" ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી છે.

મદદનીશ પોલીસ અધિક્ષક લાલપુર વિભાગના પ્રતિભા રાવના માર્ગદર્શન તથા પંચકોશી "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી. જે. રાઠોડની સૂચના મુજબ "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત પોલીસ કોન્સ્ટેબલ જયદીપસિંહ પી. જાડેજા દ્વારા ગુમ થયેલા મોબાઈલ ફોન શોધવા માટે સતત પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

ટેક્નિકલ સોર્સિસ તથા સી.ઈ.આઈ.આર. પોર્ટલની મદદથી કુલ ૯ ગુમ થયેલા



મોબાઈલ ફોન શોધી કાઢવામાં સફળતા મળી હતી. જે મોબાઈલ પૈકી ૧ મોબાઈલ બિહાર રાજ્ય, ૧ મધ્યપ્રદેશ રાજ્ય, ૨ ઉત્તરપ્રદેશ રાજ્ય તેમજ અન્ય મોબાઈલ ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓ અને જામનગર જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારોમાંથી પરત મેળવવામાં આવ્યા હતા.શોધી કાઢવામાં આવેલા કુલ ૯ મોબાઈલ ફોનની અંદાજિત કિંમત રૂ. ૧,૪૩,૭૦૯ થાય છે. મોબાઈલ મળી આવ્યાની જાણ સંબંધિત અરજદારોને કરવામાં આવી હતી અને તેઓને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત તેમના મોબાઈલ ફોન પરત સોંપવામાં આવ્યા હતા. પોતાના ગુમ થયેલા મોબાઈલ ફોન પરત મળતા અરજદારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. પંચકોશી "બી" ડિવિઝન પોલીસની આ કામગીરીએ "પોલીસ પ્રજાનો મિત્ર છે" તે સૂત્રને વધુ એક વખત સાર્થક કર્યું છે.

# 'મસ્ટાઈટીસ' રોગ સામે સજાગ બનવા જામનગર જિલ્લા પશુપાલન વિભાગની અપીલ

જામનગર : જામનગર જિલ્લામાં પશુઓમાં દૂધ ઉત્પાદનને વ્યાપક અસર કરતા મસ્ટાઈટીસ (આંચળનો સોજો) રોગ અંગે પશુપાલકોને સાવચેત અને સજાગ રહેવા જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે. આ રોગ મુખ્યત્વે ગાય અને ભેંસ જેવા દુગ્ધાળુ પશુઓમાં જોવા મળે છે, જેના કારણે દૂધ ઉત્પાદનમાં મોટો ઘટાડો થવાની સાથે પશુપાલકોને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડે છે. સમયસરની કાળજી અને વૈજ્ઞાનિક અભિગમ દ્વારા આ રોગનું સરળતાથી નિયંત્રણ કરી શકાય છે.

આ રોગના મુખ્ય લક્ષણો વિશે વિગતો આપતા પશુપાલન વિભાગે જણાવ્યું છે કે, મસ્ટાઈટીસ થવા પર પશુના આંચળમાં સોજો આવે છે, અસહ્ય દુખાવો થાય છે અને અડવાથી આંચળ ગરમ લાગે છે. આ ઉપરાંત, દૂધનો રંગ બદલાઈ જવો, દૂધમાં લોહી કે પરુની ગાંઠો પડવી અથવા દૂધની માત્રામાં એકાએક મોટો ઘટાડો થવો વગેરે આ રોગના પ્રાથમિક લક્ષણો છે. આવા લક્ષણો જણાયે પશુપાલકોએ તુરંત જ તબીબી સલાહ લેવી હિતાવહ છે.

પશુપાલકોને પશુ ધનની સુરક્ષા માટે નીચે મુજબની બાબતોનું ખાસ ધ્યાન રાખવા વિભાગ દ્વારા સૂચન કરવામાં આવ્યું છે.પશુ દોહન કરતાં પહેલાં અને પછી પશુપાલકે પોતાના હાથ તથા પશુના આંચળને જંતુનાશક પ્રવાહી મિશ્રિત પાણીથી બરાબર સાફ કરવા. દોહન માટે ઉપયોગમાં લેવાતા તમામ વાસણો અને સાધનોને નિયમિત રીતે સ્વચ્છ રાખવા. પશુઓના રહેઠાણ અને ગમાણમાં કાદવ-કિચડ ન થાય અને સંપૂર્ણ સ્વચ્છતા જળવાય તેનું ખાસ ધ્યાન રાખવું. બીમાર પશુને અન્ય તંદુરસ્ત પશુઓથી તુરંત જ અલગ રાખવું, જેથી ચેપ ફેલાતો અટકાવી શકાય. પશુમાં રોગનું કોઈપણ પ્રાથમિક લક્ષણ જણાય તો વિલંબ કર્યા વગર નજીકના સરકારી પશુ દવાખાના અથવા '૧૯૬૨' હરતા-ફરતા પશુ દવાખાનાનો સંપર્ક કરવો.

અત્રે ઉલ્લેખનીય છે કે, જૂન મહિના દરમિયાન જામનગર જિલ્લામાં કાર્યરત ૨૧ હરતા-ફરતા પશુ દવાખાનાની ટીમો દ્વારા પશુપાલકોમાં મસ્ટાઈટીસ રોગ સામે વ્યાપક જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જિલ્લાના પશુપાલકો પશુ આરોગ્ય સંબંધિત આકસ્મિક અને તાત્કાલિક સેવાઓ માટે સોમવારથી શનિવાર સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી '૧૯૬૨' હેલ્પલાઈન સેવા પર સંપર્ક કરીને ઘરઆંગણે જ નિઃશુલ્ક સારવાર અને સચોટ માર્ગદર્શન મેળવી શકે છે.

## શ્રી દ્વારકા ગુગ્ગુલી જ્ઞાતિનું ગૌરવ:વૈદેહી ઠાકર



શ્રી દ્વારકા ગુગ્ગુલી જ્ઞાતિ ૫૦૫ સમસ્તના કારોબારી સદસ્ય શ્રી જયદીપભાઇ (પીન્ટુભાઇ)ઠાકરની સુપુત્રી વૈદેહી જે. ઠાકરે B.TECH engineering and tech -nology specialisation In cyber security sem 6 માં ૮૧% પ્રાપ્ત કરીને તેના પરિવાર સમસ્ત રાણા ઠાકર કુટુંબ તથા શ્રી દ્વારકા ગુગ્ગુલી જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે જે બદલ તેમને શુભકામનાઓ.

## ઉત્તર પ્રદેશમાં યોજાયેલી "ઈન્ડિયાઝ ટેલેન્ટ વોર" સ્પર્ધામાં જામનગરની ડેનિશા ભટ્ટીનો ડંકો, "મિસ ટીન ઈન્ડિયા"માં પ્રથમ રનર્સ-અપનો ખિતાબ

જામનગર : જામનગરની યુવા પ્રતિભા ડેનિશા અજયભાઈ ભટ્ટી (૧૬) એ રાષ્ટ્રીય સ્તરની પ્રતિષ્ઠિત "ઈન્ડિયાઝ ટેલેન્ટ વોર" સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શહેરનું ગૌરવ વધાર્યું છે. ઉત્તર પ્રદેશ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ડેનિશાએ મોડેલિંગ કેટેગરીમાં "મિસ ટીન ઈન્ડિયા – ફર્સ્ટ રનર્સ-અપ"નો ખિતાબ પ્રાપ્ત કર્યો છે.



ડેનિશા હાલમાં સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં ધોરણ ૧૧ (વાણિજ્ય પ્રવાહ)માં અભ્યાસ કરી રહી છે. પોતાની મહેનત, આત્મવિશ્વાસ અને પ્રતિભાના બળે તેણે દેશભરના સ્પર્ધકો વચ્ચે આગવું સ્થાન મેળવી જામનગરનું નામ રાષ્ટ્રીય સ્તરે ઉજ્જવળ બનાવ્યું છે.

સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ ડેનિશાને ક્રાઉન, ટ્રોફી, પ્રમાણપત્ર, અને અન્ય સન્માનચિહ્નો અર્પણ કરવામાં આવ્યા હતા. આ સફળતા બદલ તેના પરિવારજનો, શિક્ષકો, મિત્રો અને શુભેચ્છકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

આ સ્પર્ધાનું આયોજન રૂપ્સ પ્રોડક્શન દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના સ્થાપક ફિરોઝ ખાન સહિતના આયોજકોએ ડેનિશાની સિદ્ધિને બિરદાવી તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ડેનિશાની આ ઉપલબ્ધિ જામનગરના યુવા વર્ગ માટે પ્રેરણારૂપ બની છે. અભ્યાસની સાથે પોતાની પ્રતિભાને યોગ્ય દિશા આપીને રાષ્ટ્રીય મંચ પર સફળતા મેળવી શકાય છે તે ડેનિશાએ સાબિત કરી બતાવ્યું છે.

# દ્વારકાની પીવીએમ ગર્લ્સ હાઈસ્કૂલમાં પ્રગતિનો પ્રવેશોત્સવ ઉજવાયો

દ્વારકા : દ્વારકા ખાતે કન્યા કેળવણી મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત દ્વારકા પ્રાથમિક શાળા નં.૧, દ્વારકા તાલુકા શાળા નં.૧ તથા પી.વી.એમ. ગર્લ્સ હાઈસ્કૂલનો સંયુકત પ્રવેશોત્સવ પી.વી.એમ. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો. પ્રવેશોત્સવ દ્વારકા નગરપાલીકાના હિસાબનીશ પંકજભાઈ સાવલીયા તથા પાલીકા સદસ્યા હેમાબેન પુરોહિતના અધ્યક્ષ સ્થાને તેમજ શૈક્ષણિક અગ્રણીઓ, ત્રણેય શાળાના આચાર્યા તથા શિક્ષકગણ અને દાતાઓ તેમજ બહોળી સંખ્યામાં વ્રિાર્થીગણ અને વાલીગણની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમમાં આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧ તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું શૈક્ષણિક





કીટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત દ્વારકા પ્રાથમિક શાળા નં.૧ના વાર્ષિક પરીક્ષામાં પ્રથમ નંબરે ઉતીર્ણ થનાર તથા વર્ષ દરમ્યાન વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. ત્રણેય શાળાના આચાર્યા દ્વારા બાળકોના પ્રવેશોત્સવને ઉત્સાહભેર આવકારવામાં આવ્યો હતો. શાળાના પ્રાંગણમાં અધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપ્યો હતો.

# જોડિયા તાલુકાની શાળાઓમાં મધ્યાહન ભોજન કેન્દ્રોમાં અરજી કરી શકશે

જામનગર : જામનગર જિલ્લાના જોડીયા તાલુકામાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલતા મધ્યાહન ભોજન કેન્દ્રોમાં સંચાલક કમ કુક, કુક કમ હેલ્પરની અલગ અલગ જગ્યાઓ માટે નિમણૂક કરવાની છે. આ કેન્દ્રો જેમાં હડીયાણા તાલુકા શાળા, હડીયાણા કન્યા શાળા, બારાડી પ્રાથમિક શાળા, બેરાજા પ્રાથમિક શાળા, લીબુડા પ્રાથમિક શાળા, આણંદા પ્રાથમિક શાળા, જશાપર પ્રાથમિક શાળા, માધાપર પ્રાથમિક શાળા, જીરાગઢ પ્રાથમિક શાળા, બોડકા પ્રાથમિક શાળા, પીઠળ તાલુકા શાળા, જામદુધઈ તાલુકા શાળા, જામસર પ્રાથમિક શાળા, શાંતિનગર પ્રાથમિક શાળા બાલંભા, બીણાધાર પ્રાથમિક શાળા બાલંભા તથા નવા માવનું ગામ શાળાઓમાં સંચાલક કમ કુક તથા કુક કમ હેલ્પરની જગ્યાઓ માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.

જેમાં એસ.એસ.સી. પાસ તેમજ ૨૦ વર્ષથી ૫૫ વર્ષ અને અનુ.જાતિ, અનુ.જન જાતિ તેમજ બક્ષીપંચના ઉમેદવારો માટે ૫૮ વર્ષની વય ધરાવતા સ્થાનિક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. સરકારના નિયત થયેલ ધોરણ મુજબ માસિક માનદવેતન ચુકવવામાં આવશે. ઈચ્છુક ઉમેદવારોએ પી.એમ.પોષણ યોજના શાખા, મામલતદાર કચેરી, જોડીયા ખાતે વિગતો મેળવી નિયત અરજી ફોર્મ તા.૧૫/૭ સુધીમાં રજા સિવાયના દિવસોએ ૧૧ કલાકથી સાંજના ૬ કલાક દરમ્યાન પી.એમ.પોષણ યોજના શાખા, મામલતદાર કચેરી, જોડીયા ખાતેથી મેળવી સમય મર્યાદામાં પહોંચાડવાના રહેશે. નિયત અરજી ફોર્મની સાથે પરીક્ષા પાસ કર્યાનું સર્ટીફિકેટ, રેશનકાર્ડ, આધારકાર્ડ, શારિરીક તંદુરસ્તી માટે તબીબી પ્રમાણપત્ર તથા જન્મ તારીખનો આધાર (લિવીગ સર્ટી.), બેંક ખાતા નંબરની પ્રમાણિત નકલો સાથે સંપુર્ણ નામ, સરનામા સાથે ફોર્મ ભરીને તે જ તારીખના સમયગાળા દરમ્યાન પહોંચાડવાના રહેશે. નિયત તારીખ અને સમયમર્યાદા બાદની અરજીઓ ધ્યાનમાં લેવામા આવશે નહી. તેમ જોડિયા મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## તાજીયાના ઝુલુસ નિમિતે આમ ન્યાઝનુ વિતરણ



જામનગરના ચાંદી બજારમાં મહોરમ પર્વ નિમિતે તાજીયાનું જુલુસ નીકળ્યું હતું જેમાં ચાંદી બજાર એકતા ગ્રુપ, શિવ શક્તિ હોટલ દ્વારા હિન્દુ - મુસ્લિમ બિરાદરો માટે ચણા - બટેટા, સરબત વિગેરે આમ ન્યાઝનું વિતરણ કરવામાં આવ્યું હતું જેનો મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો. આ કાર્યને સફળ બનાવવા સિરાઝભાઈ જુણેજા, જયેશભાઈ પટેલ સહિત ગ્રુપના સભ્યો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ખીરી પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી





જામનગર : જામનગર જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યાની અધ્યક્ષતામાં જામનગર તાલુકાની ખીરી પ્રાથમીક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન આંગણવાડીમાં પ્રવેશ મેળવનાર નાનાં બાળકોનું કંકુ પગલાં અને તિલક કરી કલેક્ટરએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. જિલ્લા કલેક્ટરએ આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ ત્યાં પ્રવેશ મેળવનાર નાનાં ભૂલકાઓ સાથે હળવી વાતચીત કરી હતી. તેમણે બાળકોને પ્રેમપૂર્વક પ્રોત્સાહિત કરતાં તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ આંગણવાડીમાં ઉપલબ્ધ શૈક્ષણિક અને પોષણલક્ષી સુવિધાઓ અંગે પણ માહિતી મેળવી હતી.

જિલ્લા કલેક્ટરએ ધો.૧, આંગણવાડી અને બાળવાટિકામાં પ્રવેશ મેળવનાર કુલ ૧૩ બાળકોને શૈક્ષણિક કિટનું વિતરણ કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ બાળકના સર્વાંગી વિકાસનો પાયો છે. બાળકના જીવનમાં શિક્ષણનું મહત્વ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેને સંસ્કાર, આત્મવિશ્વાસ અને જીવનમાં આગળ વધવાની દિશા પણ પ્રદાન કરે છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ જેવા કાર્યક્રમો દ્વારા સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને દરેક બાળકને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવે છે. રાજ્ય સરકાર શિક્ષણની ગુણવત્તા સુધારવા અને દરેક બાળક સુધી શિક્ષણ પહોંચાડવા માટે સતત કાર્યરત છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ જેવા કાર્યક્રમો થકી શાળોમાં ૧૦૦% નામાંકન થઈ રહ્યું છે અને ડ્રોપ આઉટ રેશિયો નહિવત થયો છે. રાજ્ય સરકારનું લક્ષ્ય માત્ર શાળામાં પ્રવેશ અપાવવાનું નથી, પરંતુ દરેક બાળક ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી જીવનમાં સફળતા હાંસલ કરે તે સુનિશ્ચિત કરવાનું છે.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ અને સ્વાગત ગીતો રજુ કરવામાં આવ્યા હતા. તથા મહાનુભાવોના હસ્તે શાળામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં અધિકારીઓ, આગેવાનો, આંગણવાડી કાર્યકરો, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ

**જામનગર :** શ્રી ગુજરાતી શ્રીગૌડ માળવિય બ્રાહ્મણ કૌશિક ગૌત્ર પાઠક-ભટ્ટ પરીવારના સ્વ. કાંતાબેન ઘનશ્યામભાઈ ભટ્ટ તથા સ્વ.ઘનશ્યામભાઈ લક્ષ્મીશંકર ભટ્ટના પુત્રવધૂ તેવો મહેન્દ્ર ભાઈ ઘનશ્યામભાઈ ભટ્ટના ધર્મપત્ની મનોરમા બેન ભટ્ટ (૮૩)નું તા. ૫ રવિવારના રોજ અવસાન થયેલ છે. તે મધુસૂદનભાઈ (ગુડ ઈવનિંગ પ્રેસ), બાલમુકુન્દ ભાઈ, ગં.સ્વ. સ્મિતાબેન, અ.સૌ.નીતા બેનના માતા તથા હાર્દભાઈ તેમજ હર્ષ ભાઈના દાદીમા તથા અવનીબેન, ધાત્રીબેન અને પ્રાચી બેનના નાની બા, તથા અ.સૌ.જાગૃતી બેન બાલમુકુન્દ ભાઈ ભટ્ટ, સ્વ.ભરતકુમાર સી. ત્રિવેદી, ભાવેશકુમાર બી. જોશીના સાસુ તેમજ અરવિંદભાઈ ઘનશ્યામભાઈ ભટ્ટ, સ્વ.જશુમતીબેન હર્ષદરાય જોષી, ગં સ્વ.ઉષાબેન ઈશ્વરલાલ ભટ્ટ, તેમજ અનિલભાઈ ઘનશ્યામ ભાઈ ભટ્ટના મોટા ભાઈના પત્ની તથા શાંડિલ્ય ગૌત્ર ભટ્ટ (ત્રંબા) સ્વ. શાંતિલાલ પીતાંબરભાઈ ભટ્ટના પુત્રી તેમજ સ્વ.ધીરજલાલ શાંતિલાલ ભટ્ટ, સ્વ. રમણીકલાલ શાંતિલાલ ભટ્ટ, અશોકકુમાર શાંતિલાલ ભટ્ટના બેન થાય છે. બન્ને પક્ષનુ ઉઠમણુ તથા બેસણુ તા. ૬ને સોમવારે, સાંજે ૪ થી ૬ શ્રી ચંદ્રૌલેશ્વર મહાદેવ મંદિર જનકપૂરી, અજંતાપાર્ક રોડ, ગંગોત્રી ડેરી પાછળ, સાધુ વાસવાણી રોડ, યુનિવર્સીટી રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

# ખામેનીની અંતિમવિધિમાં રડતા ઈરાનીઓને જોઈને મને આઘાત લાગ્યો, મને લાગ્યું કે લોકો તેમને નફરત કરે છે : ટ્રમ્પ

## ઈરાનમાં ચાલી રહેલ નેતાની અંતિમવિધિ મામલે આપ્યું નિવેદન

વોશિંગ્ટન/તેહરાન,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમવિધિમાં ભારે જાહેર શોક જોઈને તેઓ "આઘાત" પામ્યા હતા, તેમણે ટિપ્પણી કરી કે તેમને ઈરાનમાં ખૂબ જ અલગ પ્રતિક્રિયાની અપેક્ષા હતી. અંતિમ સંસ્કારના દ્રશ્યો વિશે પૂછવામાં આવતા ટ્રમ્પે એક્સિઓસને કહ્યું, "મને આઘાત લાગ્યો હતો."

"મને લાગ્યું કે લોકો તેમને નફરત કરે છે," તેમણે ઉમેર્યું.

ટ્રમ્પની આ ટિપ્પણી ત્યારે આવી જ્યારે શનિવારે ખામેનીના દિવસો સુધી ચાલનારા અંતિમવિધિ સમારોહની શરૂઆત માટે લાખો શોકગ્રસ્તો તેહરાનમાં એકઠા થયા હતા. ભીડમાં ઘણા લોકોએ ખામેનીની છબી ધરાવતા બેનરો અને ધ્વજ લઈને "આપણો શબ્દ એક છે! બદલો! બદલો!" ના નારા લગાવ્યા. ઈરાની રાજધાનીમાં બિલબોર્ડ પર તેમના ચિત્રો પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા, અને પુરુષોની ભીડ શોકમાં લયબદ્ધ રીતે છાતી મારતી જોવા મળી હતી, જે શિયા અંતિમવિધિમાં એક સામાન્ય પ્રથા છે.

ખામેનીના અઠવાડિયાભરના અંતિમ સંસ્કારનું સમયપત્રક

૧૯૮૯ થી ૮૬ વર્ષની ઉંમરે તેમના મૃત્યુ સુધી ઈરાનનું નેતૃત્વ કરનારા ખામેની, ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન-ઈઝરાયલ યુદ્ધના શરૂઆતના દિવસે ઈઝરાયલી હુમલામાં તેમના પરિવારના ઘણા સભ્યો અને વરિષ્ઠ અધિકારીઓ સાથે માર્યા ગયા હતા.

મંગળવાર (૭ જુલાઈ) ના રોજ પવિત્ર શહેર કોમ લઈ જવામાં આવે તે પહેલાં તેમનો શબપેટી ત્રણ દિવસ તેહરાનમાં રહેશે. ત્યારબાદ બુધવારે પડોશી ઈરાકમાં એક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, ગુરુવારે ઉત્તરપૂર્વીય ઈરાનમાં તેમના વતન મશહદમાં તેમના દફનવિધિનું આયોજન કરવામાં આવ્યું છે.

૨૮ ફેબ્રુઆરીના હુમલામાં માર્યા ગયેલા પરિવારના ઘણા સભ્યો સાથે તેમને દફનાવવામાં આવે તેવી અપેક્ષા છે, જેમાં તેમની નાની પૌત્રી ઝહરા મોહમ્મદી ગોલપાયગાની, તેમની પુત્રી, જમાઈ અને તેમના પુત્ર મોજતબા ખામેનીની પત્નીનો સમાવેશ થાય છે. મોજતબા તેમના પિતાના અંતિમ સંસ્કારમાં કેમ ગેરહાજર રહ્યા? ભારતમાં ઈરાનના વર્તમાન નેતાના પ્રતિનિધિ આયાતુલ્લાહ હકીમ ઈલાહીના જણાવ્યા અનુસાર, ઈરાનના સર્વોચ્ચ



નેતા, મોજતબા ખામેનીએ જણાવ્યું હતું કે તેઓ સુરક્ષાના કારણોસર તેમના પિતા, ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતાની અંતિમવિધિમાં હાજરી આપશે નહીં. ઈલાહીએ આ નિર્ણય માટે ઈઝરાયલી ધમકીઓ અને દેખરેખના જોખમોને જવાબદાર ગણાવ્યા હતા જે જાહેર હાજરીને ખતરનાક બનાવશે.

# યુએસને સભ્યતા, ઈતિહાસ અને સન્માન વિશે કોઈ સમજ નથી : ઈરાન

તેહરાન/વોશિંગ્ટન,

ઈરાને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની 'એક ગોળી'ની ટિપ્પણી પર તીવ્ર પ્રતિક્રિયા આપી છે, જેમાં તેમણે કહ્યું છે કે આદર્શોને મારી શકાતા નથી, જ્યારે તેમણે એ પણ જણાવ્યું છે કે વોશિંગ્ટનને 'સંસ્કૃતિ, ઈતિહાસ અને સન્માન' વિશે કોઈ સમજ નથી.

"લોકોને મારી શકાય છે, પરંતુ આદર્શોને નહીં કરી શકાય," આર્મેનિયામાં ઈરાની દૂતાવાસે ઠ (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટમાં કહ્યું. "તમે આયતુલ્લાહ ખામેનીને મારી નાખ્યા, પરંતુ વાસ્તવમાં, તમે એક પરફ્યુમની બોટલ તોડી નાખી જેની સુગંધ બધે ફેલાઈ ગઈ. તમે આ બાબતો સમજી શકતા નથી કારણ કે તમારી પાસે ન તો સભ્યતા છે, ન તો ઈતિહાસ, ન તો સન્માન."

અલી ખામેનીની અંતિમયાત્રા શનિવારે તેહરાનથી શરૂ થઈ હતી, જેમાં હજારો લોકો ઈરાનના બીજા સુપ્રીમ લીડરને વિદાય આપવા માટે એકઠા થયા હતા. તેમના ત્રણ પુત્રો - મુસ્તફા, મેયસમ અને મસૂદ - હાજર હતા, સિવાય કે મોજતબા, જે વર્તમાન સુપ્રીમ લીડર છે.

ઈરાની અધિકારીઓએ અગાઉ પુષ્ટિ કરી હતી કે ૫૬ વર્ષીય મોજતબા અંતિમ સંસ્કારમાં હાજરી આપશે નહીં.

રવિવારે, ટ્રમ્પે ઈરાનને એક નવી ધમકી આપી અને કહ્યું કે તેઓ અલી ખામેનીના અંતિમ સંસ્કાર દરમિયાન 'એક ગોળી' ઈસ્લામિક રિપબ્લિકના બાકીના સમગ્ર નેતૃત્વને ખતમ કરી શકે છે. જોકે, ૮૦ વર્ષીય રિપબ્લિકન નેતાએ કહ્યું કે આમ કરવાથી, વાટાઘાટો કરવા માટે "કોઈ બચશે નહીં".

"તે બધા ત્યાં છે. એક ગોળી વાગી અને આપણે તે બધાને બહાર કાઢી શકીએ છીએ, પરંતુ આપણે તે કરવાના નથી કારણ કે પછી આપણી સાથે વાટાઘાટો કરવા માટે કોઈ નહીં રહે... તેઓ સોદો કરવા માટે વિનંતી કરી રહ્યા છે," ટ્રમ્પે એક્સિઓસને કહ્યું.

તેમણે એમ પણ કહ્યું કે અંતિમ સંસ્કારમાં જનતાની મોટી ભાગીદારી જોઈને તેઓ ચોંકી ગયા હતા, તેમણે કહ્યું કે તેમને લાગે છે કે ઈરાનીઓ તેમને નફરત કરે છે. દરમિયાન, અલી ખામેનીના અઠવાડિયા લાંબા અંતિમ સંસ્કાર શનિવારે તેહરાનમાં શરૂ થયા હતા, જેમાં હજારો લોકો તેમના માટે પ્રાર્થના કરી રહ્યા હતા.

# ઉદ્ઘાટનના ૨ મહિનામાં જ ઉન્નાવથી ગંગા એક્સપ્રેસવે સુધીનો લિંક રોડ ક્ષતિગ્રસ્ત

ઉન્નાવ,

ઉન્નાવમાં સોનિક ટોલ પ્લાઝા સાથે ગંગા એક્સપ્રેસવેને જોડતો એક લિંક રોડ સિઝનના પહેલા ભારે વરસાદમાં નુકસાન પામ્યો હતો, જેના કારણે ?૧૨,૦૦૦ કરોડના એક્સપ્રેસવેના ઉદ્ઘાટનના માત્ર બે મહિના પછી બાંધકામની ગુણવત્તા પર નવા પ્રશ્નો ઉભા થયા છે. મેરઠ-પ્રયાગરાજ કેરેજવે પર કિલોમીટર ૪૨૧ નજીકનો સાત મીટરનો એપ્રોચ રોડ શુક્રવારે વરસાદને કારણે ધોવાઈ ગયો હતો, જેના કારણે પાળાની માટી ધોવાઈ ગઈ હતી અને કેરેજવેનો એક ભાગ તૂટી પડ્યો હતો. શનિવાર સુધીમાં, રસ્તાની બાજુમાંથી વધુ માટી ધોવાઈ ગઈ હતી, ટ્રાફિક સાઈન પડી ગઈ હતી અને રસ્તાની બાજુના ગટરના ભાગોને નુકસાન થયું હતું.

શુક્રવાર અને શનિવારે ક્ષતિગ્રસ્ત પટ્ટાનું સમારકામ કરવામાં આવ્યું હતું. જો કે, તે જ સ્થળે નવા ધોવાણથી પાળાની સ્થિરતા પર ચિંતાઓ ઉભી થઈ હતી.

સ્થાનિક લોકોએ આરોપ લગાવ્યો હતો કે માટીના ધોવાણને રોકવા માટે ઘાસના આવરણ સહિત ઢાળ સંરક્ષણ પગલાં કાં તો અપૂરતા હતા અથવા ખૂટતા હતા.

પટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ મેનેજર સતીશ સિંહે જણાવ્યું હતું કે પહેલા વરસાદ પછી આવી સમસ્યાઓ ઊભી થઈ શકે છે. "ધોવાણ થયેલા ભાગનું સમારકામ કરવામાં આવશે. અમારી પાસે પડી ગયેલા સાઈનબોર્ડ વિશે કોઈ માહિતી નથી, પરંતુ તે પણ સુધારવામાં આવશે," તેમણે કહ્યું. આ ઘટના ગંગા એક્સપ્રેસવે પર નોંધાયેલી ખામીઓની શ્રેણીમાં નવીનતમ છે.

# JAAC ના અનેક નેતાઓની ધરપકડથી પાકિસ્તાનમાં ફરીવાર અશાંતિનો માહોલ; PoKમાં વિરોધ પ્રદર્શન

## જોઈન્ટ આવામી એક્શન કમિટીના નેતા શૌકત નવાઝ મીરની ધરપકડથી લોકોનો ગુસ્સો વધુ તીવ્ર બન્યો : તાત્કાલિક મુક્તિની માંગ કરી

પાકિસ્તાન

મોટા પાયે કાર્યવાહી દરમિયાન સુરક્ષા દળોએ ૬૦૦ થી વધુ નાગરિક અધિકાર કાર્યકરોની અટકાયત કર્યાના અહેવાલ બાદ પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીર (PoJK) માં નવા વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા છે. જોઈન્ટ આવામી એક્શન કમિટી (JAAC) ના નેતા શૌકત નવાઝ મીરની ધરપકડથી લોકોનો ગુસ્સો વધુ તીવ્ર બન્યો છે, સંગઠને તેમની તાત્કાલિક મુક્તિની માંગ કરી છે.

JAAC એ ઠ પર કડક પ્રતિક્રિયા આપી, કહ્યું કે તેના ઘણા વરિષ્ઠ સભ્યોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. જૂથે લોકોને શાંતિપૂર્ણ જાહેર કાર્યવાહી ચાલુ રાખવા વિનંતી કરી અને મીરની મુક્તિની માંગણી માટે #ReleaseShoukatNawazMir હેશટેગ શરૂ કર્યો.

દરમિયાન, JAAC ના મુખ્ય સભ્ય સરદાર અમાન ખાનના જાહેર સભાઓને સંબોધતા વીડિયો સોશિયલ મીડિયા પર વ્યાપકપણે ફેલાઈ ગયા છે. એક ભાષણમાં, જેનો સમય સ્વતંત્ર રીતે ચકાસી શકાયો નથી, ખાને પ્રદેશમાં આવશ્યક પુરવઠાની તીવ્ર અછતનું વર્ણન કર્યું. તેમણે મેંધાર, પૂંછ, રાજૌરી અને ડોડામાં લોકોને મદદ માટે અપીલ કરી, દાવો કર્યો કે રહેવાસીઓ ખોરાક અને દવાઓની અછતનો સામનો કરી રહ્યા છે.

ખાને નિયંત્રણ રેખાની પેલે પાર રહેતા લોકો પાસેથી વધુ સમર્થન માંગ્યું. તેમણે કહ્યું કે યુદ્ધવિરામનો અંત આવવો જોઈએ અને બીજી બાજુના લોકોને PoJKમાં રહેતા લોકો સાથે ઉભા રહેવાની અપીલ કરી. તેમણે ઉમેર્યું કે વર્તમાન પરિસ્થિતિ છતાં આંદોલન રાજકીય સંવાદ માટે પ્રતિબદ્ધ છે.

પાકિસ્તાની અધિકારીઓની કાર્યવાહીની ટીકા કરતા, ખાને કહ્યું કે રહેવાસીઓને હવે બળથી ડરાવવામાં આવશે નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કડક કાર્યવાહી છતાં આંદોલન ચાલુ રહેશે અને સમર્થકોને કહ્યું કે તેઓ તેમના અભિયાનને આગળ વધારવા માટે નવા રસ્તાઓ શોધી કાઢશે.

અન્ય વ્યાપકપણે શેર કરાયેલા વિડિઓમાં, ખાને સીધા વિરોધીઓને સંબોધિત કર્યા, પૂછ્યું કે શું તેઓએ યુદ્ધવિરામ રેખા તરફ આગળ વધવું જોઈએ. ભીડે સમર્થનમાં જોરદાર પ્રતિક્રિયા આપી.

# લુઈ વીટોનના માલિક બર્નાર્ડ આર્નોલ્ટ અને પત્નીને ૨૨૭ કરોડના ટેક્સનો ફટકો

પેરિસ

પેરિસ એડમિનિસ્ટ્રેટિવ કોર્ટ ઓફ અપીલના તાજેતરના નિર્ણય મુજબ, અબજોપતિ બર્નાર્ડ આર્નોલ્ટ અને તેમની પત્ની પર લગભગ •22.5 મિલિયન (ઈ૨૫.૭ મિલિયન) વધારાના કરવેરામાં ચૂકવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. વૈશ્વિક લક્ઝરી ગુડ્સ સમૂહ LVMH ના મુખ્ય કાર્યકારી અધિકારી અને તેમની પત્નીએ ૨૦૧૦ માટે ફ્રેન્ચ અધિકારીઓને •12.96 મિલિયન "વધારાના યોગદાન" - જેમાં કર, સામાજિક યોગદાન, સરચાર્જ અને મોડી ચુકવણી વ્યાજનો સમાવેશ થાય છે - અને ૨૦૧૨ થી ૨૦૧૫ સુધી ફ્રાન્સના સંપત્તિ એકતા કરના સંદર્ભમાં •9.5 મિલિયન ચૂકવવા પડશે, વહીવટી સંસ્થાની વેબસાઈટ પર ૨ જુલાઈના રોજ પ્રકાશિત થયેલા નિર્ણય અનુસાર.

કોર્ટના ચુકાદાને "કાઉન્સિલ ઓફ સ્ટેટ સમક્ષ અપીલ કરવામાં આવશે," આર્નોલ્ટના પ્રવક્તાએ શનિવારે જણાવ્યું.

આર્નોલ્ટના જનસંપર્ક પ્રવક્તાએ બ્લૂમબર્ગની ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક જવાબ આપ્યો ન હતો.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, આર્નોલ્ટ ફ્રાન્સના - અને યુરોપના - સૌથી ધનિક વ્યક્તિ છે અને હાલમાં વિશ્વના આઠમા ક્રમના ધનિક વ્યક્તિ છે, જેમની કુલ સંપત્તિ લગભગ ઈ૧૬૫ બિલિયન છે. ઓનલાઈન મીડિયા આઉટલેટ l'Informé અનુસાર, આ બાબતનું કેન્દ્ર LVMH મોએટ હેનેસી લુઈસ વિટન જીઈ ના "જટિલ શેરહોલ્ડિંગ" ની ચિંતા કરે છે, જેણે સૌપ્રથમ વહીવટી કોર્ટના ચુકાદાની જાણ કરી હતી.

# યુરોપમાં હીટ વેવથી ભયજનક રેકોર્ડ બન્યો; હવામાન વિભાગે આપ્યું રેડ એલર્ટ

## ફ્રાન્સમાં પશ્ચિમી ક્ષેત્રમાં પુલુઆઉ નજીક સૌથી વધુ તાપમાન ૪૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું

યુરોપ

મે અને જૂનમાં ભયાનક રીતે ઊંચા ગરમીના રેકોર્ડ બનાવ્યા પછી, યુરોપ ફરીથી ગરમીના મોજા માટે તૈયારી કરી રહ્યું છે. વિશ્વ હવામાન સંગઠન અનુસાર, ખંડે ભારે ગરમીનો અનુભવ કર્યો હતો અને હવે તે વધુ ગરમી માટે તૈયારી કરી રહ્યું છે.

યુરોપના દેશોમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ અને તેથી વધુ સુધી પહોંચ્યું હતું. યુએન હવામાન એજન્સી અનુસાર, જર્મનીમાં ૪૧.૭ ડિગ્રી સેલ્સિયસનો ભયાનક નવો ઉચ્ચતમ સ્તર નોંધાયો હતો.

ફ્રાન્સમાં પશ્ચિમી ક્ષેત્રમાં પુલુઆઉ નજીક તેનું સૌથી વધુ તાપમાન ૪૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, અને હંગેરીમાં, જૂનમાં સૌથી ગરમ દિવસ ૪૦.૭ ડિગ્રી સેલ્સિયસ રહ્યો હતો.

યુકે, ઑસ્ટ્રિયા, ડેનમાર્ક, સ્વિટ્ઝર્લેન્ડ, નેધરલેન્ડ અને સ્પેન જેવા દેશોમાં પણ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું.

વધુમાં, જૂનમાં ગરમીના મોજાને કારણે ફ્રાન્સ, બેલ્જિયમ અને નેધરલેન્ડ્સમાં ઓછામાં ઓછા ૩,૭૦૦ મૃત્યુ નોંધાયા છે.

આમાંથી, ફ્રાન્સમાં ૨,૦૨૫ વધુ મૃત્યુ નોંધાયા છે, બેલ્જિયમમાં ૧,૨૨૨ મૃત્યુ નોંધાયા છે, અને નેધરલેન્ડ્સમાં ૪૮૦ વધુ મૃત્યુ નોંધાયા છે.

વૈશ્વિક ગરમીના મોજા વચ્ચે, ઘણા દેશોમાં ગરમીની રાતો વધી રહી છે. ગરમીના ગુંબજની અસર હોય કે શહેરી ટાપુની અસર, રાત્રિનું તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે જવાનું બંધ થઈ ગયું છે.

યુરોપમાં, રાતો વધુને વધુ ગરમ થઈ ગઈ છે. યુકેના કાર્ડિફ પ્રદેશમાં, રાત્રિનું તાપમાન ૨૩.૫ ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયું નથી, જે યુકેમાં જૂનની સૌથી ગરમ રાત છે. "લઘુત્તમ તાપમાન બપોરના ઉચ્ચતમ સ્તર કરતાં વધુ નોંધપાત્ર હોઈ શકે છે. એક દિવસ જે 38°C સુધી પહોંચે છે પરંતુ રાત્રે 18°C સુધી ઘટી જાય છે તે 36°C સુધી પહોંચે છે અને રાતભર 25°C થી ઉપર રહે છે તે દિવસથી ખૂબ જ અલગ છે.

# કેન્દ્ર સરકારે WhatsApp માટે યુઝરનેમ સમસ્યાનો જવાબ આપવા માટે સમયમર્યાદા લંબાવવામાં આવી

## સરકારે આ ફીચર અંગે વિગતવાર સમજૂતી માંગ્યા બાદ મેટાને નોટિસ ફટકારી હતી

નવી દિલ્હી,

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયે WhatsApp યુઝરનેમ મુદ્દા પર જવાબ આપવા માટે મેટાની સમયમર્યાદા વધુ ત્રણ દિવસ લંબાવી છે. એક સરકારી અધિકારીએ રવિવારે જણાવ્યું હતું કે નવી સમયમર્યાદા હવે ૯ જુલાઈ છે.

આ અઠવાડિયાની શરૂઆતમાં, મંત્રાલયના અધિકારીઓએ WhatsAppને મેસેજિંગ પ્લેટફોર્મ પર યુઝરનેમ ફીચરનો જવાબ આપવા માટે ૬ જુલાઈ સુધીનો સમય આપ્યો હતો.

આ બાબતથી પરિચિત લોકોના જણાવ્યા અનુસાર, સરકારે આ ફીચર અંગે વિગતવાર સમજૂતી માંગ્યા બાદ મેટાને આ નોટિસ જારી કરવામાં આવી હતી.

WhatsApp એ એક યુઝરનેમ ફીચર રજૂ કર્યું છે જે કોઈનો ફોન નંબર શેર કર્યા વિના પ્લેટફોર્મ પર મેસેજિંગને મંજૂરી આપશે.

મેટાએ વધુમાં જણાવ્યું હતું કે યુઝરનેમ ડિસ્પ્લે નેમથી અલગ છે, જે યુઝરની પ્રોફાઈલ પર દેખાય છે.

જ્યારે ડિસ્પ્લે નેમ યુનિક હોવું જરૂરી નથી, યુઝરનેમ દરેક એકાઉન્ટ માટે યુનિક હશે.

મીડિયા સૂત્રોએ અગાઉ જણાવ્યું હતું કે સરકારે મેટાને આ બાબતે પરામર્શ પૂર્ણ ન થાય ત્યાં સુધી ભારતમાં આ ફીચર રોલઆઉટ ન કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ પગલું ફીચર અંગે ગોપનીયતા અને સલામતીની ચિંતાઓ ઉઠાવવામાં આવ્યા બાદ લેવામાં આવ્યું છે, ખાસ કરીને નકલ અને દુરુપયોગનું જોખમ.

ટેલિકોમ્યુનિકેશન વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે નવી WhatsApp સુવિધા ગુનેગારને નકલી પ્રોફાઈલ બનાવીને નકલી કોલ કરવાની મંજૂરી આપી શકે છે.

"મોટો મુદ્દો એ છે કે કાયદા અમલીકરણ એજન્સીઓ (LEA) માટે એ નક્કી કરવું મુશ્કેલ બનશે કે ગુનેગાર ભારતમાં છે કે વિદેશમાં. આવતીકાલે, કોઈ વ્યક્તિ +૧ (યુએસ) નંબરનો ઉપયોગ કરીને WhatsApp એકાઉન્ટ બનાવી શકે છે, NIA વડાના ફોટોગ્રાફનો ઉપયોગ કરી શકે છે, સમાન વપરાશકર્તા નામ અપનાવી શકે છે અને



છેતરપિંડીભર્યા કોલ કરી શકે છે. અગાઉ, જો નંબર +91 થી શરૂ થતો હોત, તો અમે ઓછામાં ઓછું કાર્યવાહી શરૂ કરી શકતા હતા. જો નંબર ઉપલબ્ધ ન હોય, તો તેને ઉકેલવાનો વ્યવહારીક કોઈ રસ્તો નથી," અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું.

# દિલ્હીમાં ભારે વરસાદને કારણે એર ટ્રાફિકને પડી અસર ખરાબ હવામાનને કારણે ૧૫ ફ્લાઈટ્સ ડાયવર્ટ કરાઈ

## ભારે પવનને કારણે જયપુર અને લખનૌ જતી ૧૦ સ્થાનિક અને ૫ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને ડાયવર્ટ કરવામાં આવી

નવી દિલ્હી,

રવિવારે વરસાદને કારણે દિલ્હીમાં ગરમી અને ભેજથી રાહત મળી, તાપમાનમાં ઘટાડો થયો અને હવામાન ખુશનુમા બન્યું. જોકે, પ્રતિકૂળ હવામાનને કારણે હવાઈ ટ્રાફિક પણ ખોરવાઈ ગયો, જેના કારણે રાષ્ટ્રીય રાજધાનીથી ૧૫ ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવાની ફરજ પડી.

એરપોર્ટ સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારે વરસાદ અને ભારે પવનને કારણે જયપુર અને લખનૌ જતી ૧૦ સ્થાનિક અને ૫ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને ડાયવર્ટ કરવામાં આવી કારણ કે રાષ્ટ્રીય રાજધાનીમાં નબળી દૃશ્યતા અને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે ફ્લાઈટ કામગીરી પ્રભાવિત થઈ હતી.

ભારતીય હવામાન વિભાગ (સ્ઙ્ઢ) એ અહેવાલ આપ્યો છે કે નવી દિલ્હીમાં બપોરે ૧:૦૦ વાગ્યા સુધી હવામાન સુખદ રહ્યું, તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહ્યું. દિવસભર તૂટક તૂટક વરસાદ અને વાવાઝોડાએ શહેરના હવામાનને પ્રભાવિત કરવાનું ચાલુ રાખ્યું.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન, દિલ્હીના ઘણા ભાગોમાં હળવો થી મધ્યમ વરસાદ નોંધાયો હતો, જ્યારે અલગ અલગ વિસ્તારોમાં મધ્યમ વરસાદ પડ્યો હતો. આ સમયગાળા દરમિયાન, લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ અને ૨૯ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે હતું, જ્યારે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને ૩૬ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહ્યું હતું.

આઈએમડીએ જણાવ્યું હતું કે કેટલાક સ્થળોએ લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું, જ્યારે શહેરના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન મોસમી સરેરાશથી નીચે હતું. દક્ષિણપૂર્વીય પવનો ૧૦-૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયા હતા, અને પાલમમાં ૩૭ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાન વિભાગને આગામી ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થવાની અપેક્ષા નથી, ત્યારબાદના બે દિવસમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે, જેનાથી ગરમીથી રાહત મળશે.

આઈએમડીએ એમ પણ જણાવ્યું છે કે આગામી ચાર દિવસમાં દક્ષિણપશ્ચિમ ચોમાસુ હરિયાણા, પંજાબ અને રાજસ્થાનના બાકીના ભાગોમાં આગળ વધવા માટે અનુકૂળ છે.

આ દરમિયાન, રાજસ્થાનમાં આગામી ત્રણ દિવસમાં હળવો થી મધ્યમ વરસાદ પડવાની ધારણા છે, અને અલગ અલગ સ્થળોએ ભારે વરસાદ પડવાની શક્યતા છે. આઈએમડીએ વધુમાં નોંધ્યું હતું કે દક્ષિણપશ્ચિમ ચોમાસુ ૧ જુલાઈએ હરિયાણા અને પંજાબના કેટલાક ભાગોમાં પ્રવેશ્યું હતું, અને બંને રાજ્યોમાં હવામાન તેના આગળ વધવા માટે અનુકૂળ રહ્યું છે.

# ઈન્સ્ટાગ્રામ પર બાળ દુર્વ્યવહાર સંબંધિત જાહેરાતો દૂર કરવા કેન્દ્ર સરકારનો મેટાને કડક આદેશ

## ટેલિગ્રામે બાળ જાતીય શોષણને પ્રોત્સાહન આપતી સામગ્રી સામે કાર્યવાહી કરી ૨.૭૪ લાખથી વધુ ચેનલો અને જૂથોને દૂર કર્યા

નવી દિલ્હી,

સોશિયલ મીડિયા જાયન્ટ મેટા સામે મોટી કાર્યવાહીમાં, કેન્દ્ર સરકારે ઈન્સ્ટાગ્રામ પર પેઈડ જાહેરાતોમાં બાળ જાતીય શોષણ અને દુર્વ્યવહાર સામગ્રી (CSEAM) ની કથિત હાજરી અંગે નોટિસ જારી કરી છે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય (MeitY) એ પ્લેટફોર્મને તાત્કાલિક તમામ જાહેરાતો અને સામગ્રીને બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે જે આવી સામગ્રીનો પ્રચાર કરે છે અથવા તેની ઍક્સેસને સરળ બનાવે છે. મીડિયા સૂત્રોના અહેવાલ મુજબ, સરકારે મેટાને સાત દિવસની અંદર પ્લેટફોર્મ પર આવી સામગ્રી કેવી રીતે દેખાઈ અને સમાન ઘટનાઓને રોકવા માટે લેવામાં આવી રહેલા પગલાં અંગે વિગતવાર સમજૂતી રજૂ કરવા પણ કહ્યું છે. કેન્દ્રએ આ મુદ્દાને ગંભીર ચિંતાનો વિષય ગણાવ્યો છે અને ઈન્સ્ટાગ્રામને તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા નિર્દેશ આપ્યો છે. જાહેરાતોને દૂર કરવા ઉપરાંત, પ્લેટફોર્મને તેની સિસ્ટમ દ્વારા બાળ જાતીય શોષણ સાથે જોડાયેલ સામગ્રીના પ્રમોશન અને પ્રસારને રોકવા માટે પણ કહેવામાં આવ્યું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે સરકારે ખાસ કરીને આવી સામગ્રીના કથિત "એલ્ગોરિધમિક એમ્પ્લીફિકેશન" સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે, જેણે પ્લેટફોર્મ પર તેની દૃશ્યતા વધારવામાં મદદ કરી હશે. અહેવાલો અનુસાર, ઈન્સ્ટાગ્રામ પર કેટલીક પેઈડ જાહેરાતોનો ઉપયોગ કથિત રીતે વપરાશકર્તાઓને ગેરકાયદેસર બાળ જાતીય શોષણ સામગ્રી હોસ્ટ કરતા બાહ્ય પ્લેટફોર્મ પર દિશામાન કરવા માટે કરવામાં આવી રહ્યો હતો.

સરકારે સીંઠ ને સૂચના આપી છે કે આવી સામગ્રીને વિલંબ કર્યા વિના દૂર કરવામાં આવે અને ભવિષ્યમાં તેના પ્રસારને રોકવા માટે મજબૂત સુરક્ષા પગલાં લેવામાં આવે.

નોટિસમાં ચેતવણી આપવામાં આવી છે કે જરૂરી માહિતી પૂરી પાડવામાં અથવા સમયસર સુધારાત્મક પગલાં લેવામાં નિષ્ફળતા કાનૂની કાર્યવાહીને આમંત્રણ આપી શકે છે.

ગેરકાયદેસર બાળ જાતીય શોષણ સામગ્રીને પ્રસારિત કરવા અને પ્રોત્સાહન આપવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મના દુરુપયોગ અંગે વધતી ચિંતાઓ વચ્ચે આ કાર્યવાહી કરવામાં આવી છે. સરકાર આગામી કાર્યવાહીનો નિર્ણય લેતા પહેલા સીંઠ ના પ્રતિભાવ પર નજીકથી નજર રાખે તેવી અપેક્ષા છે.

બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (BBC) ના એક અહેવાલના થોડા કલાકો પછી સરકારની આ કાર્યવાહી આવી છે જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો fu Instagram ભારતમાં બાળ જાતીય શોષણ સામગ્રી સાથે જોડાયેલી પેઈડ જાહેરાતો પ્રદર્શિત કરી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, જાહેરાતોએ એપ્લિકેશન પર દેખાતા પહેલા પ્લેટફોર્મની મધ્યસ્થતા પ્રક્રિયાને મંજૂરી આપી હતી. તેની તપાસના ભાગ રૂપે, બીબીસી વર્લ્ડ સર્વિસને જાણવા મળ્યું કે કેટલીક જાહેરાતોમાં "બળાત્કારનો વીડિયો" અને "બાળકનો વીડિયો" જેવા શબ્દસમૂહો હતા અને કથિત રીતે વપરાશકર્તાઓને ટેલિગ્રામ ચેનલો તરફ નિર્દેશિત કરવામાં આવ્યા હતા જ્યાં આવી ગેરકાયદેસર સામગ્રી ૯૯ રૂપિયામાં ઓફર કરવામાં આવી રહી હતી.

# લાલપુરમાં બાતમી આપવાના પ્રશ્ને ખેડૂતનું અપહરણ કરી ઝાડ સાથે બાંધી ઢોર માર માર્યો

## ખાણ ખનીજ વિભાગે કરેલ દંડના રૂપિયા આપવાની માંગણી કરી : જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ચાર શખ્સો સામે ફરિયાદ

જામનગર : લાલપુર તાલુકાના આરીખાણા ગામના ખેડૂત હરેશભાઈ નારણભાઈ સોજીત્રાએ ચાર શખ્સો સામે અપહરણ, મારપીટ, ખંડણીની માંગ અને જાનથી મારી નાખવાની ધમકી અંગે ફરિયાદ નોંધાવી છે. હાલ ઈજાગ્રસ્ત ખેડૂત જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

પ્રાપ્ત માહિતી મુજબ, તા. ૪ જુલાઈના રોજ બપોરે ગામના કિશનભાઈ ભાણજીભાઈ વૈષ્ણવનો ફોન આવતા તેઓને તેમની વાડીએ બોલાવવામાં આવ્યા હતા. ત્યાં મેમાણા ગામના બળદેવસિંહ, ઋતુભા અને સુખુભા હાજર હતા. જ્યાં બળદેવસિંહે ગેરકાયદે રેતી ખનન અંગે ખાણ-ખનીજ વિભાગને બાતમી આપવાનો આરોપ મૂકી તેમનો મોબાઈલ તપાસ્યો હતો. ત્યારબાદ બળજબરીપૂર્વક કાળી રંગની ફોરવ્હીલ ગાડીમાં બેસાડી તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું. અને અન્ય એક વાડીમાં લઈ જઈ ઝાડ સાથે ઊંધા બાંધી દેવામાં આવ્યા હતા અને જ્યાં સુધી બાતમી આપ્યાની કબૂલાત ન કરે ત્યાં સુધી માર મારવાની સૂચના આપવામાં આવી હતી. ત્યારબાદ લોખંડના પાઈપ તેમજ એરગનના બટ વડે શરીરના વિવિધ ભાગોમાં માર મારવામાં આવ્યો હતો. દરમિયાન બળદેવસિંહનો દીકરો પણ આવી પહોંચ્યો હતો અને તેણે પણ પાઈપ વડે હુમલો કર્યો હોવાનું પફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આરોપીઓએ ખાણ-ખનીજ વિભાગ દ્વારા થયેલા આશરે ત્રણ લાખ રૂપિયાના દંડની રકમ ચૂકવવાની માંગ કરી હતી અને ફરિયાદ કરશે અથવા સારવાર લેવા જશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં ફરિયાદીને અને તેમની સાથે રહેલા કિશનભાઈને પરત મૂકી દેવામાં આવ્યા હતા.

ઘરે પહોંચ્યા બાદ શરીરમાં અસહ્ય પીડા થતાં બીજા દિવસે સગા-સંબંધીઓ તેમને જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ આવ્યા હતા. તબીબી સારવાર દરમિયાન તેમણે પોલીસને સમગ્ર બનાવ અંગે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીનું કહેવું છે કે મેમાણા ગામના બળદેવસિંહ ગેરકાયદેસર રીતે નદીમાંથી રેતીનું ખનન કરતા હતા અને તે અંગે કાર્યવાહી થતાં મોટો દંડ ફટકારાયો હતો. તે મનદુઃખ રાખીને પોતાના સાગરિતો સાથે મળીને અપહરણ કરી મારપીટ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. પોલીસે ફરિયાદના આધારે ચારેય આરોપીઓ સામે અપહરણ, ગંભીર મારપીટ, ધાકધમકી સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### હું ૧૦૦ લોકોને લઈને આવીશ, તમને જોઈ લઈશ, વીજ ટીમને ધમકી

# જામનગરમાં વીજ ચેકિંગ કરવા ગયેલ મહિલા ઈજનેર-સ્ટાફ સાથે ઝપાઝપી

### મહિલા ઈજનેરને રૂમમાં પુરી દઈ ડખ્ખો કરી આરોપીઓએ ગાળો ભાંડી

જામનગર : જામનગરના વાઘેરવાડા, ભાયાનો ડેલો વિસ્તારમાં વીજ ચેકિંગ અર્થે ગયેલી ટુકડી સાથે ગાળાગાળી કરી વીજ ઉપકરણોનો વીડિયો ઉતારતા મહિલા કર્મીને રૂમમાં પૂરી ધમકી આપવાનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. આ મામલે પિતા-પુત્ર સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાતા સિટી એ ડિવિઝન પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરના લાલવાડી સમૃદ્ધિ પાર્કમાં રહેતા દરબારગઢ સબ ડિવિઝનમાં જૂનીયર ઈજનેર તરીકે નોકરી કરતા કોમલ રવિ ચંદારાણા (ઉ.વ.૩૭) એ આરોપી મુનાવર જુસબ ભાયા, મુર્તુઝા મુનાવર ભાયા અને એક અજાણ્યી મહિલા (રહે બધા ભાયાનો ડેલો વાઘેરવાડો, જામનગર) સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર તા.૪/૭ ના રોજ ભાયાનો ડેલો વાઘેરવાડો વિસ્તારમાં વીજ તંત્રની ટીમ ચેકીંગમાં ગયા હતા. વીજ જોડાણની તપાસ અર્થે સ્ટાફ એક મકાનમાં ગયા ત્યારે મહિલા ઉપર માળે દોડીને જતા ફરિયાદી અને સ્ટાફ પણ પાછળ તપાસ કરવા જતા મકાનમાં વીજ ચોરી પકડાઈ હતી.

આ દરમિયાન આરોપી મુર્તુઝાએ ગાળો ભાંડી હતી. ફરિયાદી એસી સહિતના ઉપકરણનો વીડિયો બનાવતા હતા ત્યારે આરોપીએ મહિલા કર્મી સાથે ઝપાઝપી કરી બહારથી દરવાજો બંધ કરી રૂમમાં બંધ કરી દીધા હતા. બાદ એસ.આર.પી, એ.એસ.આઈએ દરવાજો ખોલી બહાર કાઢ્યા હતા. આરોપી મુનાવરએ ધમકી સાથે કહ્યું કે, હું ૧૦૦ લોકોને લઈને આવીશ અને તમને જોઈ લઈશ. જેના આધારે પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

# પડાણામાં દારૂના ગુનામાં મહિલા આરોપીની અટકાયત કરતા પોલીસ પર હુમલો

### બે શખ્સોએ પોલીસની કારને ફોરચ્યુનરથી ટક્કર મારી ફરજમાં રૂકાવટ કરી

જામનગર : જામનગર જિલ્લાના મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશન વિસ્તારમાં દેશી દારૂ અંગેની કાર્યવાહી દરમિયાન પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હુમલો કરવાના બનાવમાં ત્રણ શખ્સો સામે વિવિધ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. સમગ્ર બનાવની વધુ તપાસ મેઘપર (પડાણા) પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સ્થાનિક ગુના શોધક શાખા (એલ.સી.બી.)ની ટીમ પડાણા ગામ નજીક દેશી દારૂ અંગે બાતમીના આધારે દરોડાની કાર્યવાહી કરી રહી હતી. દરમિયાન લિસ્ટેડ બુટલેગર તરીકે ઓળખાતી ડાઈબેન રામાભાઈ માલજીભાઈ સોરીયાને દેશી દારૂના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવી હતી. દરમ્યાન આરોપી ડાઈબેને મેહુલસિંહ ઉર્ફે મુન્નાભાઈ મનુભા જાડેજા અને દશરથસિંહ તખુભા જાડેજાને પોલીસ પર હુમલો કરવા ઉશ્કેર્યા હતા, તથા પોતાને છોડી મૂકવા અને કેસ નહીં કરવા જણાવ્યું હતું.

ત્યારબાદ બંને આરોપીઓ બનાવસ્થળે પહોંચ્યા હતા અને ફોરચ્યુનર કાર (રજિસ્ટ્રેશન નંબર જીજે-૧૧-ડીબી-૦૯૯૯) પોલીસની ખાનગી કારના પાછળના ભાગે અથડાવી નુકસાન પહોંચાડ્યું હતું. ઉપરાંત પોલીસ કર્મચારીઓ સાથે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી કરી રાજ્યસેવકોની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઊભી કરી હતી. આ બનાવ અંગે મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનમાં ડાઈબેન રામાભાઈ માલજીભાઈ સોરીયા, મેહુલસિંહ ઉર્ફે મુન્નાભાઈ મનુભા જાડેજા અને દશરથસિંહ તખુભા જાડેજા સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૨૧(૧), ૨૨૧, ૩૨૪(૪) અને ૫૪ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં ઘર પાસે અપશબ્દો નહિ બોલવાનું કહેતા મહિલા પર શખ્સનો હુમલો

જામનગર : જામનગરના સોનલનગર હનુમાન ટેકરી સ્થિત ખોડિયાર કોલોની વિસ્તારમાં ઘર બહાર ગાળો બોલવાની ના પાડતાં એક મહિલાના માથામાં પથ્થર મારી ઈજા પહોંચાડવામાં આવી હોવાની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદ મુજબ સોનલનગર હનુમાન ટેકરી ખોડિયાર કોલોનીમાં રહેતાં ચંદ્રીકાબેન અજીતભાઈ સોમાણી તા. ૪ જુલાઈના રોજ સાંજે આશરે સાડા પાંચ વાગ્યે પોતાના દીકરા વિશાલ, પુત્રવધૂ કોમલ તેમજ પરિવારજનો સાથે ઘરના ફળિયામાં બેઠા હતા. તે દરમિયાન ઘરની બહાર શેરીમાં રાજ લલ્લુભાઈ બાવરી (રહે. ખુલ્લી ફાટક બાવરીવાસ, જામનગર) જોરજોરથી ગાળો બોલતો હોવાનું જણાતાં ચંદ્રીકાબેને તેને ગાળો ન બોલવા જણાવ્યું હતું.

આ બાબતે આરોપી ઉશ્કેરાઈ મહિલાને અપશબ્દો બોલવા લાગ્યો હતો. ત્યારબાદ રસ્તામાં પડેલો પથ્થર ઉપાડી ચંદ્રીકાબેનના માથામાં મારી દેતા તેમને માથામાં ઈજા પહોંચી હતી અને લોહી નીકળતાં તેઓ નીચે પડી ગયા હતા. ઘટનાના બાદ આરોપી સ્થળ પરથી નાસી ગયો હતો. ઈજાગ્રસ્ત મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, આ બનાવ અંગે ચંદ્રિકાબેને ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી રાજ બાવરી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધરમપુર ગામે ખાનગી કંપનીમાંથી ૨૪૭ કિલો વાયરની ચોરીમાં બે શખ્સ ઝડપાયા




ખંભાળિયા : ખંભાળિયાની ધરમપુર સ્થિત એન. આર. ઈ. ખાનગી કંપનીમાંથી થયેલ કેબલ કોપર વાયર તેમજ ભંગારના જથ્થાની ચોરીનો આખરે દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે ભેદ ઉકેલી નાખી બે શખ્સને પકડી પાડી તેઓ પાસેથી અડધો લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા પંથકના ધરમપુર ગામમાં આવેલ ખાનગી કંપનીમાંથી થોડા દિવસો પહેલા કોઈ તસ્કરો ખાબકી ૨૪૭ કિલો કેબલ વાયર અને ભંગારના જથ્થાની ચોરી કરી લઈ ગયાની સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી હતી ત્યારબાદ એલસીબી પોલીસે તપાસમાં ઝંપલાવી આખરે ભેદ ઉકેલી નાખ્યો હતો જેમાં રૂ. ૫૫ હજારની કિંમતના ચોરાઉ સામાન સાથે કાદર ઉર્ફે બોદુભાઈ મુસાભાઈ કચ્છી અને યાસીન ઉર્ફે સદામ અલારખા કચ્છીને ઝડપી લીધા હતા. ઝડપાયેલા શખ્સોએ આ મુદામાલ કંચનપુર ગામની સીમમાં આવેલ વાડીએ સંતાડી દીધો હતો પરંતુ પોલીસે અંતે સફળતા મેળવી હતી.

# દ્વારકામાં જીએસ.ટી. કૌભાંડ આચરનાર વડોદરા, ભરૂચ અને મુંબઈના સાત શખ્સને દબોચી લીધા

### બે આઈસર, ભંગારનો જથ્થો સહિત રૂ. અડધો કરોડ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત




દ્વારકા : બે-ચાર દિવસ અગાઉ ઓખા સ્થિત સુદર્શન સેતુ પાસેથી આઈશર વાહનની તલાસી દરમિયાન ખોટા દસ્તાવેજ, વાહનની ખોટી નંબર પ્લેટ તૈયાર કરી પસાર થતા જી. એસ. ટી. કૌભાંડ ઝડપાયુ હતું જેમાં સરકારમાં ભરવાના થતા નાણાની ઠગાઈ અને વિશ્વાસઘાત આચરતી ટોળકીના સાત શખ્સ સામે પોલીસે ફરિયાદ નોંધ્યા બાદ વડોદરા, ભરૂચ અને મુંબઈના સાતેય શખ્સને દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે દબોચી લીધા હતા અને વાહનો, ભંગારનો જથ્થો, મોબાઈલ ફોનો, રોકડ રકમ સહિત અડધો કરોડ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરાના અમુક શખ્સોની ટોળકી પૂર્વ આયોજિત કાવતરું રચી ઓખા સ્થિત દરિયામાં કામ ચલાઉ પ્લેટફોર્મ તૈયાર કરવામા આવેલ જે પ્લેટફોર્મના ભંગાર તોડી એક વાહનમાં મહતમ વજનનો ભંગાર ભરી તેને બદલે બીજી આબેહૂબ આઈસર ગાડીમાં કેપેસિટી મુજબના સિમેન્ટના ચોરસા ભરી વજન કાંટા ઉપર સ્કેપ કરેલ ગાડીના બદલે રેતી ભરેલ ગાડીના નંબરના ફેરફાર કરી તેનો વજન કાંટો કરાવી ઓછા વજન કરેલ ગાડીના બદલે સ્કેપ ભરેલ ગાડી નંબરનું ઈ વે બિલ ઓનલાઈન જનરેટ કરી સરકારમાં ભરવાના થતા નાણા બાબતે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી બન્ને ગાડીઓ અલગ-અલગ રસ્તેથી લઈ જતા હતા તે સંદર્ભે સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાઈ હતી

ત્યારબાદ દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો અને જી. એસ. ટી. કૌભાંડ આચરનાર મુકેશ બજરંગલાલ સુથાર, રવિ કુંદનભાઈ મિશ્રા, નુરમિયાં ઉર્ફે બબલુ સોકતઅલી પઠાણ, બબ્નકુમાર શિવકુમાર ભારદ્વાજ, દેવાંશુ નારાયણભાઈ રાજપુત, જયસુખ કાળાભાઈ વાઢેર અને હિલેરી પોલ એન્ટોની કેસ્ટેલી નામના સાત શખ્સને ઝડપી લઈ ૩૦ લાખની કિંમતની બે આઈસર, ૨૨ લાખની કિંમતની બે કાર, રૂ. ૪૨ હજારની રોકડ રકમ તથા રૂ. ૬૦ હજારની કિંમતના ૧૧ નંગ મોબાઈલ ફોન અને રૂ. ૫.૭૪ લાખની કિંમતનો ૨૮૭૦૦ કિલો લોખંડનો ભંગાર વિગેરે કુલમળી રૂ. ૫૮.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઝડપાયેલા શખ્સો એક જ પ્રકારના દેખાવવાળી બે ગાડીઓ ભાડે મેળવી તેમાં એક ગાડીમાં અગાઉથી કેપેસિટી મુજબના રેતી, સિમેન્ટના ચોરસા ભરી લઈ જઈ જ્યારે બીજી ગાડીમાં લોખંડનો ભંગાર ભરતા જેમાં ગાડીની કેપેસિટી મુજબના વજનવાળી ગાડીના નંબરમાં છેડછાડ કરી તે ગાડીમાં ભંગાર ભરેલ ગાડીનો નંબર સેટ કરી તેનો વજન કાંટો કરાવી તેના આધારે ભંગાર ભરેલ ગાડીનો ઈ વે બિલ મેમો ઓનલાઈન જનરેટ કરી નાણાકીય છેતરપિંડી આચરતા હોવાનું પૂછપરછમાં ખુલવા પામ્યું છે.

# જામજોધપુરના મોટા વડીયા ગામે પત્ની સાથે ઝઘડાનું લાગી યુવકે ગળાફાંસો ખાધો

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મોટા વડીયા ગામે એક યુવકનું પોતાના રહેણાંક મકાનમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મૃત્યુ થયું હોવાનો બનાવ સામે આવ્યો છે.

પોલીસમાં નોંધાયેલી વિગતો મુજબ જામજોધપુરના મોટા વડીયા ગામના મૂળ રહેવાસી અને હાલ રાજકોટ ખાતે રહેતા ભાવેશભાઈ રાજુભાઈ વાઘ (૨૫) પોતાના ગામે આવેલા રહેણાંક મકાનમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં પોલીસ સમક્ષ નોંધાયેલી વિગતો મુજબ પતિ-પત્ની વચ્ચે રાજકોટ ખાતે કામકાજ અર્થે રહેવા જવાના મુદ્દે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ આ બનાવ બન્યો હોવાનું પોલીસ નોંધમાં જણાવાયું છે.

આ બનાવ અંગે મૃતકની પત્ની ચંદ્રિકાબેને પોલીસને જાણ કરતા હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડમાં એક ઈંચ અને ધ્રોલ પંથકમાં અડધો ઈંચ વરસાદ નોંધાયો

જામનગર : જામનગર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદનું જોર ઘટ્યું છે. જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી સામાન્ય વરસાદ નોંધાયો હતો, જ્યારે કાલાવડ શહેરમાં સૌથી વધુ અંદાજે એક ઈંચ (૩૦ મિમી) વરસાદ નોંધાયો હતો. ઉપરાંત ધ્રોલ ટાઉન માં અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો.

કાલાવડ તાલુકાના ખરેડી ગામમાં ૩૦ મિમી (અડધા ઈંચથી વધુ) વરસાદ નોંધાતા સ્થાનિક વિસ્તારોમાં રાહતનો માહોલ જોવા મળ્યો છે.

જામનગર જિલ્લા આરોગ્ય શાખાના વરસાદના દૈનિક અહેવાલ મુજબ છેલ્લા ૨૪ કલાક દરમિયાન નિકાવામાં ૧૫ મિમી, મોટી ભલસાણમાં ૧૨ મિમી, લૈયારામાં ૮ મિમી, મોટા વડાળામાં ૬ મિમી, હડિયાણા અને પરડવામાં ૫-૫ મિમી, જ્યારે અલીયાબાડા, જાળીયાદેવાણી સહિતના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ નોંધાયો હતો. બાકીના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ નોંધાયો ન હતો.

મોસમના કુલ વરસાદની વાત કરીએ તો વાંસજાળીયામાં ૧૫૫ મિમી, નવાગામમાં ૧૫૦ મિમી, સમાણામાં ૧૩૪ મિમી, જામવાડીમાં ૧૧૨ મિમી, ધ્રાફા અને પરડવામાં ૧૦૫ મિમી, તેમજ શેઠ વડાળામાં ૮૬ મિમી વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

જિલ્લામાં વરસાદનું પ્રમાણ ઘટતાં ખેડૂતોની નજર હવે આગામી વરસાદી સિસ્ટમ પર મંડાઈ છે, જેથી ખરીફ પાક માટે પૂરતો વરસાદ મળી રહે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# જામનગરમાં તરુણીનો રહસ્યમય સંજોગોમાં ગળાફાંસો ખાઈ આપઘાત

જામનગર : જામનગર શહેરના ખોડીયાર કોલોની વિસ્તારમાં રહેતી એક તરુણીનું પોતાના રહેણાંક મકાનમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મૃત્યુ થયું હોવાનો બનાવ સામે આવ્યો છે. બનાવ અંગે સિટી "સી" ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ જામનગરમાં ખોડીયાર કોલોની, બકાલા માર્કેટ રોડ, શિશુ વિહાર હિન્દી સ્કૂલ પાસે રહેતી નિહારિકાબેન ભરતભાઈ સોઢા નામની ૧૭ની તરુણીએ પોતાના રહેણાંક મકાનમાં લાકડાની આડી સાથે ચૂંદડી વડે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. ઘટનાની જાણ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે તેમના પિતા ભરતભાઈ રઘુભાઈ સોઢાની જાણના આધારે સિટી "સી" ડિવિઝન પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી છે. કિશોરીના મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડના મોટાવડાળા ગામે પતિ સાથે ઝઘડો થતા પરિણીતાએ જીવન ટૂંકાવ્યું

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં મોટા વડાળા ગામના પાટિયા સામે આવેલી દ્વારકાધીશ સ્પિનટેક્સ કંપનીની કામદાર કોલોનીમાં રહેતી એક પરિણીતાનું ગળાફાંસો ખાધેલી હાલતમાં મૃત્યુ થયું હોવાનો બનાવ સામે આવ્યો છે. કાલાવડ ગ્રામ્ય પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૯૪ હેઠળ અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ છત્તીસગઢ રાજ્યના બિલાસપુર જિલ્લાના રહેવાસી અને હાલ પતિ સાથે કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામે દ્વારકાધીશ સ્પિનટેક્સ કંપનીની કામદાર કોલોનીમાં રહેતી અંજુબેન સાગરભાઈ ટંડન (૨૦) પોતાના રહેણાંક ઓરડામાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં પોલીસ સમક્ષ નોંધાયેલી વિગતો મુજબ પતિ-પત્ની વચ્ચે મોબાઈલ ફોન પર વાતચીતના મુદ્દે થયેલી બોલાચાલીને પગલે આ બનાવ બન્યો હોવાની માહિતી સામે આવી છે.

પત્ની અંજુબેન કે જે સુધીર નામની વ્યક્તિ સાથે મોબાઈલ ફોનમાં વાત કરતી હોવાથી તેમની સાથે વાત કરવાની પતીએ ના પાડતા અંજુબેનને લાગી આવ્યું હતું અને આપઘાતનું પગલું ભરી લીધું હતું.

આ બનાવ અંગે પતિ સાગર ટંડન પોલીસને જાણ કરતા હોસ્પિટલ દોડી મૃતદેહનો કબ્જો સાંભળી વધુ તપાસ હાથ ધરી છે.

# લાલપુર નજીક જોગવડ ગામે સ્મશાનમાંથી લોખંડની ખાટલી ચોરી જતા તસ્કરો

જામનગર : લાલપુર તાલુકાના જોગવડ ગામના સ્મશાનમાં રખાયેલા અગ્નિદાહ આપવા માટેના લોખંડના ખાટલને પણ તડકરોએ મુક્યો નથી અંદાજે એક હજાર કિલોગ્રામ વજનની લોખંડની ખાટલી ચોરી થઈ જતાં પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ જોગવડ ગામના ઉપસરપંચ હેમતસિંહ દેવુભા કેરે જણાવ્યું હતું કે તેઓ શુક્રવારે બપોરે પોતાના ઘરે હાજર હતા ત્યારે ગામના ઘોઘાભાઈ રણમણભાઈ ચાવડાએ ફોન કરીને સ્મશાનમાં કેટલાક અજાણ્યા લોકો નાની-મોટી વસ્તુઓ ભેગી કરી રહ્યા હોવાની જાણ કરી હતી. આ માહિતી મળતાં તેઓ નરેન્દ્ર ગંગારામ વાસુ તથા જુવાનસિંહ લખુભા જાડેજા સાથે તાત્કાલિક સ્મશાન ખાતે પહોંચ્યા હતા.

ત્યાં તપાસ કરતાં સ્મશાનમાં રાખવામાં આવેલી લોખંડની ખાટલી સ્થળ પરથી ગાયબ હોવાનું જણાયું હતું. આસપાસ શોધખોળ કરવા છતાં ખાટલી મળી ન આવતાં ગામના આગેવાન માંડણભાઈ કાયાભાઈ પંડિતને જાણ કરવામાં આવી હતી. તેમના સૂચન મુજબ સમગ્ર બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ફરિયાદ મુજબ સ્મશાનમાં ખુલ્લામાં રાખવામાં આવેલી અંદાજે એક હજાર કિલોગ્રામ વજનની લોખંડની એક ખાટલી, જેની કિંમત આશરે રૂ. ૪૫ હજાર થાય છે, કોઈ અજાણ્યા ચોર ઈસમ અથવા ઈસમોએ ચોરી કરી લઈ ગયા હોવાનું જણાવાયું છે. આ બનાવ અંગે ગામના ઉપ સરપંચે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર સામે ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ આર.એન. થાનકીને સોંપી છે.

# દ્વારકા જગતમંદિરેની ૨૧ ગૌમાતાએ કરી પરિક્રમા

### લાઠીદડથી નીકળેલ ગૌમાતા યાત્રા દ્વારકા પહોંચી : ગૌરક્ષા અને માનવતા જાગૃતિનો સંદેશ અપાયો





દ્વારકા : જગતમંદિરમાં 'જય ગૌમાતા, જય દ્વારકાધીશ'ના નાદ સાથે ૨૧ ગૌમાતા વેદના પગયાત્રા દ્વારકા પહોંચી હતી. આ યાત્રા લાઠીદડથી દ્વારકાધીશ ધામ સુધી ગૌમાતાના રક્ષણ અને સન્માનના સંદેશ સાથે આયોજિત કરાઈ હતી.

યુવાનો દ્વારા આયોજિત આ સંકલ્પ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ ગૌમાતાના સંવર્ધન સાથે સમાજમાં માનવસેવા અને યુવા જાગૃતિનો સંદેશ પહોંચાડવાનો છે. યાત્રાનું સૂત્ર 'એક પગલું ગૌમાતા માટે, એક પગલું માનવતા માટે' છે.

યાત્રાળુઓએ દ્વારકાધીશના ચરણોમાં ગૌમાતા પર થતા અત્યાચારનો અંત આવે અને સમગ્ર સમાજમાં ગૌરક્ષા પ્રત્યે જાગૃતિ ફેલાય તેવી પ્રાર્થના કરી હતી.

દ્વારકાધીશ મંદિરના વહીવટ અધિકારી હિમાંશુ ચૌહાણે જણાવ્યું હતું કે, આવી સમાજ જાગૃતિની યાત્રાઓ માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ સામાજિક સંદેશ પણ આપે છે. તેમણે ઉમેર્યું કે, ગૌસેવા અને માનવસેવાના મૂલ્યોને પ્રોત્સાહન આપતી આ પહેલ યુવાનોમાં સકારાત્મક ચેતના જગાવશે અને સમાજને એકતાનો સંદેશ આપશે.

આ યાત્રામાં મોટી સંખ્યામાં ગૌભક્તો, યુવાનો અને વિવિધ સામાજિક સંસ્થાઓના કાર્યકરો જોડાયા હતા. આયોજકો દ્વારા સમાજના તમામ વર્ગોને આ અભિયાનમાં સહભાગી બની ગૌરક્ષા અને માનવતાના સંકલ્પને વધુ મજબૂત બનાવવા અપીલ કરવામાં આવી છે.